
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ અડસઠમું * ઑગસ્ટ ઓગણીસસો પંચાણું

તંત્રી : ધીરુ પરીખ સંપાદક : બિહારીલાલ ટાંક

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ



પાળેલા કૂતરા અને બિલાડી સાથે
ગેલ કરતા ગ્રામકિશોરનું ધાતુશિલ્પ.
શિલ્પકાર © રતિલાલ કાંસોદરિયા

સળંગ અંક
૮૧૧



શિવ મસ્તક ◎ શિવનું નામ રુદ્ર પણ છે. આપણે ત્યાં શ્રાવણ માસ શિવના મહિમાનો માસ ગણાય છે. એ માસમાં રુદ્રી કરી-કરાવી લોકો શિવના રુદ્ર સ્વરૂપને પ્રસન્ન કરવા પ્રયત્ન કરે છે. અહીં આપેલું શિવમસ્તકનું આ શિલ્પ પિત્તળનું બનેલું છે. સત્તરમી સદીમાં રાજસ્થાનની ભીલ જાતિના કોઈ કલાકારે તે તૈયાર કર્યું છે. એ આદિજાતિની માન્યતાઓ અને કલ્પના પ્રમાણે શિવના રુદ્ર સ્વરૂપને અહીં ઢાળવામાં આવ્યું છે. આંકડાદાર મૂછો, ગૂંછળિયાળી જટા, રુદ્રાક્ષને બદલે પોતાના સમાજનું કંઠોપકરણ, લાંબા દાંત, ઘટ્ટ ભમર આદિ દ્વારા ભીલ જાતિમાં પ્રચલિત હશે તેવી ભયાનક રૂપની માન્યતા આકારિત કરતા આ શિલ્પમાં લોકકલાના શિલ્પીએ શિવની આગવી રૂદ્ર ઓળખ પ્રકટાવી છે.

ઑગસ્ટ **કુમાર** ૧૯૯૫

કુમાર સળંગ અંક ૮૧૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ

ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચેરમૅન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર શાહ

પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)

પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫ અથવા રૂ. ૭૫૦

છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

કાલિન્દી-કૃષ્ણ

કાલિન્દીમાં કૃષ્ણ :
એ શામળાં નીર હસી ઊઠ્યાં ત્યાં,
ને શામળો કાલિ કૃતાર્થ ભાવે
લડી રહ્યો શ્યામની સંગ, એની
શ્યામા બધી અંજલિબદ્ધ દેવને
રહીં ઉપાસી : ઘનઘોર એ ગુહે
ધરાતણાં સૌ તિમિરો નિમંત્ર્યાં–
હ્યાં આવજો – મોક્ષ બધાયનો થશે.

અને પ્રભુએ વરદાન પાળ્યું :
પ્હોંચ્યા ત્યહીં જ્યાંથી સમસ્ત તેજો
હઠી ગયાં'તાં – જ્યહીં માત્ર ઝેર
જામી ગયાં'તાં – ત્યહીં સ્પર્શનું અમી
દેવે દઈ એ વિષ-મોક્ષ કીધો.

અંધારને તેજનું વસ્ત્ર અર્પ્યું.
ને એ મહા શાપિત ચેતનાને
નવાજી યુદ્ધે ગ્રસી બે ભુજામાં.

રટી રહ્યાં સૌ–
હે કૃષ્ણ, હે કૃષ્ણ, કૃતાન્ત-અન્તકૃત,
હે દેવ, હે દાનવના સહોદર,
હે શ્યામ, હે શ્યામ તિમિરાવતાર–
કાલિન્દીના કાન્ત, કરાળ કૃષ્ણ !
હે કૃષ્ણ, હે શ્યામ કૃપાળ કૃષ્ણ !

શૃંગો તણી ટોચ વળી નીચે ત્યાં
પાતાળને ચૂમી રહી પ્રસન્ન.

સુન્દરમ્

મા, ભારતી !

જાણે મહા પવન રૂપ બનેલ વસ્ત્રો,
પ્હેરી ઊભી સ્પરશ હું 'નુંભવું જ સત્ય,
ને આ નદી વહન તે પણ રેખ તેના,
સાળુ તણા સળસમી મરડાય સર્વે !

ને કાશ્મિરી ભરત સોહત પલ્લવાગ્ર,
બુટ્ટે મઢ્યા પલવ પદ્મ પ્રપૂર્ણવક્ષે;
ને ગંધ માદક, અહો, સુખડે ભરેલ,
છે જ્યાં અહિ, મણિ અનેક રૂપે મઢેલ;

આ હિંદ રૂપ અહિ યે અહ એક રત્ન,
જે જવાહિરે ગત થયા સરકી દૂરે ક્યાં ?
ને જાહ્નવી વહન-ગંગ શું સાંધ્ય શિવે,
તે 'એવરેસ્ટ' બન્યું કોહિનૂરે પ્રપૂર્ણ !

જાણે ન કો મુગટમાં જ પ્રદીપ્ત સ્વર્ણ,
ને પાય જ્યાં નૃત થતાં જ સિલોન ભોમે,
જે પદ્મ શું દીસતું; પાલવ પૂર્વ ઊડે,
ઝંડો મહા ગગનમાં ઊડતો રહ્યો છે;

ને સિંધ કેરો ધ્વજ જ્યાં ઊડે છે,
શું કચ્છ ભૂજે ધરતાં દ્વિ પુટે,
ઉડાડતાં પુષ્પ સુસંસ્કૃતિનાં;
ટાપુ તણી આરતી દીપમાળે,
ઝળાંહળાં થાય,.............
'થવા સુમૌક્તિકો,
અશ્રુ તણાં માત મુખે સુહાવે !

તનસુખ ઓઝા

નવી વર્ષા - ઝવેરચંદ મેઘાણી

મોર બની થનગાટ કરે
મન મોર બની થનગાટ કરે.

ઘનઘોર ઝરે ચૌંહુ ઓર, મારું મન મોર બની થનગાટ કરે.

બહુરંગ ઉમંગનાં પીંછ પસારીને
બાદલસું નિજ નેનન ધારીને

મેઘમલાર ઉચારીને આકુલ પ્રાણ કોને કલ-સાદ કરે.
મન મોર બની થનગાટ કરે.

ઘર ઘરર ઘરર મેઘઘટા ગગને ગગને ગરજાટ ભરે
ગુમરી ગુમરી ગરજાટ ભરે.

નવે ધાન ભરી સારી સીમ ઝૂલે,
નદીયું નવજોબન ભાન ભૂલે
નવ દીન કપોતની પાંખ ખૂલે.

મધરા મધરા મલકાઈને મેડક મેહસું નેહસું બાત કરે.
ગગને ગગને ગુમરાઈને પાગલ મેઘઘટા ગરજાટ ભરે.

નવમેઘ તણે નીલ આંજણીએ મારાં ઘેઘૂર નેન ઝગાટ કરે
મારાં લોચનમાં મદઘેન ભરે.

વન-છાંય તળે હરિયાળી પરે
મારો આતમ લ્હેર-બિછાત કરે
સચરાચર શ્યામલ ભાત ધરે.

મારો પ્રાણ કરી પુલકાટ ગયો પથરાઈ સારી વનરાઈ પરે,
ઓ રે ! મેઘ અષાઢીલો આજ મારે દોય નેન નીલાંજન-ઘેન ભરે.
ઓલી કોણ કરી લટ મોકળીયું ખડી આભ-મહોલ અટારી પરે

ઊંચી મેઘ-મહોલ અટારી પરે !

અને ચાકમચૂર બે ઉર પરે
પચરંગીન બાદલ-પાલવડે
કરી આડશ કોણ ઊભેલ અરે !

ઓલી વીજ કેરે અંજવાસ નવેસર રાસ લેવા અંકલાશ ચડે,
ઓલી કોણ પયોધર સંઘરતી વિખરેલ લટે ખડી મે'લ પરે !

નદી-તીર કેરાં કૂણાં ઘાસ પરે પનિહાર એ કોણ વિચાર કરે,
પટકૂળ નવે પાણી-ઘાટ પરે !

એની સૂનમાંમીટ સમાઈ રહી,
એની ગાગર નીર તણાઈ રહી,
એને ઘેર જવા દરકાર નહીં.

મુખ માલતીફૂલની કૂંપળ ચાવતી કોણ બીજા કેરું ધ્યાન ધરે !
પનિહાર નવે શણગાર નદી કેરે તીર ગંભીર વિચાર કરે !

ઓલી કોણ હિંડોળ ચગાવત એકલ ફૂલ બકુલની ડાળ પરે,
ચકચૂર બની ફૂલ-ડાળ પરે !

વિખરેલ અંબોડાના વાળ ઝૂલે,
દિયે દેહ-હીંડોળ ને ડાળ હલે,
શિર ઉપર ફૂલ-ઝકોળ ઝરે.

એની ઘાયલ દેહના છાયલ-છેડલા આભ ઊડી ફરકાટ કરે,
ઓલી કોણ ફંગોળ લગાવત એકલ ફૂલ બકુલની ડાળ પરે !

મોર બની થનગાટ કરે
આજે મોર બની થનગાટ કરે
મન મોર બની થનગાટ કરે.
તમરાંને સ્વરે કાળી રાત પ્રૂજે,
નવ બાદલને ઉર આગ બુઝે,
નદીપૂર જાણે વનરાજ ગુંજે.

હડૂડાટ કરી, સારી સીમ ભરી, સરિતા અડી ગામની દેવડીએ,
ઘનઘોર ઝરે ચૌંહુ ઓર, મારું મન મોર બની થનગાટ કરે.
મન મોર બની થનગાટ કરે.

[રવીન્દ્રનાથ ટાગોરના 'નવવર્ષા' ઉપરથી]

વાચકો લખે છે...

'કુમાર' જાન્યુઆરી ૧૯૯૫માં (પૃ. ૨૧) વિધાનો છે : '૧૯૧૫માં ગાંધીજી હંમેશ માટે દક્ષિણ આફ્રિકા છોડીને હિંદ આવ્યા... ૧૯૧૫ના જાન્યુઆરીની ૧૫મી તારીખ છે. આખું ગોંડળ આનંદથી થનગની રહ્યું છે...

કહે છે કે ગોંડલ આયુર્વેદ રસશાળામાં બીજે દિવસે રાજવૈદ્ય જીવરામભાઈએ ગાંધીજીને માનપત્ર આપ્યું તેમાં એમને પ્રથમ પહેલીવાર 'મહાત્મા' તરીકે સંબોધવામાં આવ્યા હતા.'

કયા સંદર્ભને આધારે આ વિધાનો કરવામાં આવેલાં છે ?*

તા. ૯ જાન્યુઆરી, ૧૯૧૫ના રોજ ગાંધીજી અને કસ્તૂરબા દક્ષિણ આફ્રિકાથી હંમેશ માટે 'હિંદ' આવ્યાં.

GANDHI : 1915-1948 : A DETAILED CHRONOLOGY-COMPILED BY C. B. DALAL (1971) અનુસાર તા. ૧૫મી જાન્યુઆરી ૧૯૧૫ના રોજ ગાંધીજી મુંબઈમાં હતા અને શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેને મળ્યા. વળતે દિવસે (તા. ૧૬) મહેમદાવાદ, અમદાવાદ, વઢવાણ, વાકાંનેરમાં હતા. તો પછી તા. ૧૫-૧૬ જાન્યુઆરી, ૧૯૧૫ના રોજ ગોંડળમાં હોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

તા. ૨૧ (જાન્યુઆરી, ૧૯૧૫) હેઠળ પ્રસ્તુત ગ્રંથમાં કથન છે : JETPUR : PUT UP AT DEVCHANDBHAI PAREKH'S. ADDRESS (KUNBHARWADA FULWADI)

એ જ દિવસે જેતપુરમાં 'શ્રીમાન મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી. બારિસ્ટર એટ લો'ને માનપત્ર આપવામાં આવ્યું, જેની હેઠળ 'દેવચંદ ઉત્તમચંદ પારેખ'ની સહી છે. પ્રસ્તુત માનપત્રની ફોટોનકલ 'MAHATMA - D. G. TENDULKAR (ગ્રંથ ૧, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૧)માં પૃ. ૨૧૬-૨૧૭ની વચ્ચે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સાથેસાથે 'અખંડ સૌભાગ્યવંતાં શ્રીમતિ બહેન કસ્તુરબા'ને પણ માનપત્ર આપવામાં આવેલું.

શ્રી સી. બી. દલાલ-કૃત પ્રસ્તુત ગ્રંથમાં તા. ૨૭ જાન્યુઆરી, ૧૯૧૫ હેઠળ વૃત્તાંત છે :

GONDAL : RECEPTION AND ADDRESS BY PHARMACY OF VAIDYA JIVRAM KALIDAS : RESI(DENT) : DEWAN : VISITED ANATHASHRAM, CALLED ON THAKORE SAHEB; PUBLIC MEETING AND ADDRESS. આમ, ગાંધીજીને પ્રથમ પહેલીવાર 'મહાત્મા' તરીકે સંબોધવાનો યશ જેતપુરને, નહિ કે ગોંડળને.

ગોંડળમાં અપાયેલ માનપત્રમાં ગાંધીજીને 'મહાત્મા' તરીકે સંબોધવામાં આવેલા હોય (જે વિષે પુરાવો હોય તો) તો ગોંડળ જેતપુરને અનુસર્યું છે.

ગાંધીજી પત્રકારોને ચીમકી આપે છે : 'NEVER QUOTE WITHOUT VERIFYING (BHAVAN'S JOURNAL, VOL 41, NO. 15 MARCH 15, 1995, P.9).'** વી. બી. ગણાત્રા (મુંબઈ)

(* સ્વ. ઉમાશંકર જોશીકૃત 'ગાંધીકથા' (આવૃત્તિ પહેલી, ૧૯૬૯)ના પૃષ્ઠ ૭૨-૭૩ ઉપર વર્ણવાયેલ પ્રસંગનો આધાર લીધો છે. ** આ ચીમકી ગાંધીજીએ નહિ, પણ ગોખલેએ ગાંધીજીને આપેલી અને ગાંધીજીએ તે દોહરાવી. - તંત્રી)

અનુસંધાન] અતીતમાં અવગાહન [પૃ. ૩૮૭ પરથી

કરીને માત્ર બંદૂકને જોરે જ પોતાનું રાજ્ય ટકાવી રાખ્યું.

હિંદમાં જ્યારે આ અભૂતપૂર્વ ચળવળ ચાલતી હતી એ જ વખતે સરકારના સકંજામાંથી છટકી ગએલા સુભાષચંદ્ર બોઝે, જાપાનની મદદ વડે, યુદ્ધમાં જાપાની કબજામાં ગએલી હિંદી ફોજમાં રાષ્ટ્રિય ભાવના જગવીને આઝાદ હિંદ ફોજ ઊભી કરી, અને તેની સહાયથી અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવાનો વીરતાભર્યો પ્રયત્ન કર્યો. એ પ્રયત્ન જોકે નિષ્ફળ ગયો, પણ તે ચળવળે હિંદી લશ્કરમાં જે દેશભક્તિની અપૂર્વ ભાવના જગાડી તેનો પડઘો મુંબઈમાં થએલા નાવિકોના 'બંડ'માં પણ પડ્યો. જનતા અને લશ્કર બન્ને જ્યાં પોતાની વિરુદ્ધ થાય ત્યાં કયું પરદેશી રાજ્ય ટકી શકે ? આથી ઇંગ્લંડમાં સત્તા પર આવેલા મજૂર પક્ષને હિંદને સ્વાતંત્ર્ય આપવા સિવાય છૂટકો ન લાગ્યો. પોતાના હાથની બધી સત્તા હિંદીઓને સુપરત કરી દેવાની સર્વમાન્ય યોજના કરવા માટે ૧૯૪૬માં બ્રિટિશ પ્રધાનમંડળના ત્રણ મંત્રીઓ હિંદ આવ્યા. તેમણે ૧૯૪૮ની અધવચમાં હિંદને સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપતી કરેલી યોજના અનુસાર ૨જી સપ્ટેમ્બરે હિંદની વડી કામચલાઉ સરકાર રચાઈ. પણ અંગ્રેજોએ ૧૯૩૨થી કોમી મતાધિકારની શરૂ કરેલી પોતાની ભેદનીતિ દ્વારા થાબડ્યા કરેલી અને કોન્ગ્રેસ સામી માંડેલી મુસ્લિમ લીગ રિસાઈ બેઠી. તેને સંતોષવા વાઈસરૉય માઉન્ટબૅટને તેને તેની માગણી મુજબનો પાકિસ્તાન નામનો વિભાગ હિંદમાંથી કાઢી આપતી નવી યોજના આ વર્ષની ૩જી જૂને જાહેર કરી, જે બધા પક્ષે મને-કમને માન્ય કરી. તે યોજના મુજબ લગભગ ૧૫૦ વર્ષથી ગુલામ બનેલું હિંદ ખંડિત થયા છતાં પણ આજે ૧૫મી ઑગસ્ટથી આઝાદ થાય છે અને ઇન્કિલાબની અપાર યાતનાઓ તથા કઠણ તપસ્યાનું ફળ હિંદને મળે છે. (સળંગ અંક ૨૮૪માંથી)

વાર્ધક્યની એક અનુભૂતિ[1] / જયન્ત પાઠક

(શિખરિણી-સૉનેટ)

હવે ક્યાં તે મેળે મળવુંહળવું રે રૂપકડી !
હતી તેવી ક્યાં તું ચકરડી સમી ચાક ફરતી
ચઢાવી દે ચિત્તે ઘુમરી, ચગડોળોની ગતિમાં
ઉછાળે ને પાડે લઘુ હૃદયને મત્ત રતિમાં !
વીંટાળીને કેડે કર ફરતી હાટે ફરકડી
સમી તું જાણે ઊડણ ચરક્લી ચીંચીં કરતી,
પડે કે ઓચિંતી ઘનથી જબરું ઝાપટું બની
ઝબોળી નાખે રે તન-મન ?!

હવે સાંજ વયની :

વધે છે અંધારું, પદરવ બધા શાન્ત પથના;
ઢળે છે ઢાળોમાં શિથિલ ગતિ સૌ ચક્ર રથનાં;
હવે તો કાયાને રમણભ્રમણે શ્રાન્ત, ઘરના
ખૂણે ઢાળી ખાટે ઢળવું ઢગલો થૈ શબ સમાં;
હવે જોવું ઝાંખે ચખ તિમિરનાં આવરણને
ઢળાતાં ધીમેથી શરીર ફરતે બે-મરણને.

વાવણી-પર્વ[2] / લાલજી કાનપરિયા

(વસંતતિલકા-સૉનેટ)

ચાલો, હવે હરખથી લઈ સાંતીડાને
જોડી કરો બળદને કંઈ સાબદાઓ.
કાંધે ધરો ધૂંસરી ને કર રાશ સાહો
કંકાવટી કર ગ્રહી દ્વય ધોરીઓને-
કુમારિકા ! તિલક ભાલ રૂડાં સજાવો.
મીઠાં કરો બળદનાં મુખ, લોકનાંયે.
વ્હેંચી રહો ઉલટથી સહુ ગોળધાણા,
ચૂલે મૂકો ત્વરિત આંધણ લાપસીનાં
ને સંચરો શુકન લૈ પનિહારીઓનાં.
રેડાય ધાર ઘૃતની જયમ લાપસીમાં
છે મેઘ એમ વરસ્યો સીમ-ખેતરોમાં
માટી-ભીની પમરતી વગડે સુગંધો.
ઊભી ધરા પુલકિતા; ઝટ બીજ રોપી
વર્ષાન્ત આવ્યું ફરી પર્વ લિયો વધાવી !

અખંડ દીપ[3] / રાજેશ વ્યાસ 'મિસ્કીન'

(ગઝલ)

દરેક શ્વાસે નજર સામે મરણ રાખ્યું છે,
અખંડ દીપ સમું તેથી સ્મરણ રાખ્યું છે.

ગજબનું ઘેલું આ પ્રત્યેક ક્ષણનું રાખ્યું છે,
દોડતું હાંફતું ભીતરનું હરણ રાખ્યું છે.

હર પ્રહરના અલગ રાગ ને અલગ ઋતુ,
કોઈની યાદે અજબ વાતાવરણ રાખ્યું છે.

ન જાણે ધૂન કઈ છે કશું નથી ગમતું,
ને ખબર એય નથી શેનું રટણ રાખ્યું છે !

ફરી વળીને રગેરગમાં શોધતું મારગ,
સ્મૃતિમાં એક જે બચપણનું ઝરણ રાખ્યું છે.

તને ય લાગશે છું કેન્દ્ર પ્રદક્ષિણાનું,
છું ધરાવાસી ધરા જેવું ભ્રમણ રાખ્યું છે.

ગમે તે પળમાં ચારેકોર કરે અજવાળું,
અમે જીવનમાં એક એવું કિરણ રાખ્યું છે.

ધખના શમાવી / રાજેન્દ્ર શાહ

(વસંતતિલકા•મુક્તક)

આંખો ભરાય, કશુંયે ન જણાય; વેગે
ભૂર્રાટતા રિષભ-શી પવને ચડાવી
આંધી, ત્વરાથી પણ પાછળ આવી મેઘે
એની, તૃષાર્ત્તની, જલે ધખના શમાવી.

હાઈકુ/ભાનુપ્રસાદ પંડ્યા

દૂર સીમમાં
ગ્હેક્યા મયૂર; તીણું
ચોમાસું આંખે !

૧. વૃદ્ધત્વની એક અનુભૂતિનું નિરૂપણ કરતા આ સૉનેટના પૂર્વાર્ધમાં કાવ્યનાયક યૌવનના અનુભવને વર્ણવી ઉત્તરાર્ધમાં એથી વિપરીત અનુભવ રજૂ કરી ઉત્તરાવસ્થાની કરુણ સ્થિતિનું ચિત્ર ઉપસાવી રહે છે. ૨. કૃષિ સમાજમાં વાવણીના પર્વોત્સવની આનંદક્ષણોનું ગાન. સીમ-ખેતરમાં વરસતા વરસાદને લાપસીમાં રેડાતાં ઘી જેવી તળપદ કલ્પનાઓ વાસ્તવચિત્રને વધુ આસ્વાદ્ય બનાવે છે. આવી બીજી કલ્પનાઓ પણ અહીં આસ્વાદ્ય છે. ૩. આ જીવન ગમે તેટલું અંધકારમય હોય તો પણ આશાનું એકાદ કિરણ આથમતું નથી તેવો સૂર પ્રકટાવતી ગઝલ. - ધી.પ.

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी

માતા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ ચઢિયાતાં છે. આપણે ત્યાં સુભાષિતમાં આ રીતે માતા અને માતૃભૂમિનો મહિમા કરાયો છે. વિશ્વમાં સર્વત્ર માતા અને માતૃભૂમિ પ્રત્યે આવો જ આદર વ્યક્ત કરાયો છે. જે માતૃભૂમિનો અનાદર કરે તેને તો ગદ્દાર કહેવાય છે, દેશદ્રોહી કહેવાય છે; અને જે માતૃભૂમિ માટે બધું જ કરવા તૈયાર થાય તેને દેશપ્રેમી કહીએ છીએ. પણ કોઈ પરાયા દેશનો વતની આ દેશ માટે ન્યોચ્છાવર થવા તૈયાર થાય તેને શું કહીશું ?

હિન્દની આઝાદીનો ઇતિહાસ આવી તો કંઈક ચિત્રવિચિત્ર રોમાંચક ઘટનાઓથી ભર્યોભર્યો છે. અહીં કદાચ માન્યામાં ન આવે એવી એક ઘટના આલેખવી છે. વાત છે ઈ.સ. ૧૮૫૭ના બળવાની અને એમાં ભાગ લેનાર છે એક વિદેશી.

જ્યારે ૧૮૫૭નો વિદ્રોહ શરૂ થયો ત્યારે બ્રિટિશ સૈનિક રિચર્ડ વિલિયમ્સે ક્રાન્તિકારને સાથ આપવાનું નક્કી કર્યું હતું. એ સાથે એની બદલી મેરઠ કરવામાં આવી. એણે મેરઠના ક્રાન્તિકારીઓને સલાહ આપી કે જ્યાં સુધી એ લોકો બધા ગોરા અમલદારોની હત્યા નહિ કરે ત્યાં સુધી સફળ નહિ થાય; અને એ કામની શરૂઆત રિચર્ડ પોતાથી જ કરી. કર્નલ ફિટજેરલ્ડે એની ડાયરી "સિજ ઑફ દિલ્હી"માં અત્યંત ખેદપૂર્વક લખ્યું છે, 'એક વફાદાર અંગ્રેજ સૈનિક વિદ્રોહી હિન્દુસ્તાની સૈનિકો તરફથી લડવાનો નિર્ણય લે એ આશ્ચર્યજનક પણ અત્યંત દુ:ખદ ઘટના છે. મેરઠથી ભાગીને એ ગોરો સિપાઈ વિદ્રોહીઓ તરફથી લડતો બુંદેલ કી અરાયની લડાઈમાં તરત જ ઓળખી શકતો હતો; એનું નામ હતું 'મેજર રિચર્ડ વિલિયમ્સ.' કુમાઉ રેજિમેન્ટનો રિસાલેદાર."

એ કારણથી ઈસ્ટ ઈન્ડિયા કંપનીના કાગળોમાં ક્યાંય રિચર્ડનું નામ મળતું નથી. દિલ્હીના ઉપસેનાનાયક કર્નલ ફિટજેરલ્ડ 'સીજ ઑફ દિલ્હી'માં ૧૮૫૭ની લોહિયાળ ક્રાન્તિનું જે વર્ણન કર્યું છે તેમાં રિચર્ડનું નામ મળે છે. એણે એમાં લખ્યું છે, 'જ્યારે વિદ્રોહ ભડકી ઊઠ્યો ત્યારે લગભગ દરેક બ્રિટિશ સૈનિક દુશ્મનની તોપો જોઈને એમનો ઉપહાસ કરતો હતો. પણ જ્યારે તોપમારો ચલાવાયો ત્યારે એ દુશ્મનની યુદ્ધની કુશળતાની પ્રશંસા કરવા લાગ્યા અને બ્રિટિશ તોપખાનાના ગોરા અમલદારો પણ કહેવા લાગ્યા. કે હિન્દુસ્તાનીઓની નિશાનબાજી બ્રિટિશરો કરતાં ચઢિયાતી છે. એનું કારણ સ્પષ્ટ હતું. અંગ્રેજો તરફ તોપગોળા છોડતા ગોરા રિચર્ડ વિલિયમ્સને અનેક અમલદારોએ દુરબીનમાંથી બરાબર જોયો હતો. જ્યારે ૧૮૫૭ની ક્રાન્તિની શરૂઆત થઈ ત્યારે રિચર્ડ વિલિયમ્સે નિર્ણય લીધો હતો કે એ ક્રાન્તિકારીઓ જોડે જોડાશે. એ સમયે એની બદલી મેરઠ કરવામાં આવી. એણે મેરઠના ક્રાંતિકારી નેતાઓને સલાહ આપી કે જ્યાં સુધી એ બધા ગોરા લશ્કરી અમલદારોની હત્યા નહિ કરે ત્યાં સુધી એમને સફળતા નહિ જમળે.

અલીગઢનો દુર્ગાસિંહ અંગ્રેજ અમલદારોનો વફાદાર અને માનીતો હતો. એણે વિલિયમ ફોર્બ્સ મિચલને એના પ્રસિદ્ધ ગ્રન્થ 'ધ મેમ્વાર્સ ઑફ ધ ગ્રેટ મ્યૂટિનિ' ('મહાન બળવાનાં સંસ્મરણો') લખવામાં ઘણી મદદ કરેલી. મિચલે લખ્યું છે 'જ્યારે એડજુટેટ ટકરે રિચર્ડ વિલિયમ્સને પૂછ્યું કે, એણે ક્રાન્તિકારીઓને દબાવી દેવામાં બેદરકારી શા માટે બતાવી, તો રિચર્ડ વિલિયમ્સે એની બંદુકની ગોળી મારીને હત્યા કરી.'

મેરઠના ક્રાન્તિકારીઓની સાથે જ્યારે મેજર રિચર્ડ વિલિયમ્સ દિલ્હી પહોંચ્યો ત્યારે ત્યાં સમ્રાટ બહાદુરશાહ ઝફરે એનું સન્માન કર્યું, ને એને દિલ્હીના તોપખાનાનો મુખ્ય અધિકારી પણ નીમ્યો. દિલ્હીના પતન પછી જ્યારે મોગલ સેનાપતિ વખ્તખાંએ એની ત્રીસ હજાર સૈનિકોની ટુકડી તથા શાહજાદા ફિરોજશાહની જોડે પીછેહઠ કરી ત્યારે રિચર્ડ વિલિયમ્સ પણ એમની સાથે હતો. એ ભારે વરસાદના દિવસો હતા. યમુનામાં પ્રચંડ રેલ આવી હતી. ત્યારે રિચર્ડ વિલિયમ્સની કુનેહથી, ત્રીસ હજાર મોગલ સૈનિકો નાવડીઓના પુલથી જમના પાર કરી શક્યા હતા.

એ સમયે અવધમાં વિદ્રોહે સારો એવો વેગ પકડ્યો હતો. જાણે આખો બુંદેલખંડ ભડકે બળતો હતો. અંગ્રેજો દિનપ્રતિદિન નબળા પુરવાર થતા હતા. અંગ્રેજ સૈન્ય પીછેહઠ કરતું હતું. કાનપુરથી લખનૌ ભાગતી વખતે કેટલીયવાર હારીને, કાનપુર પાછા ફરવું પડ્યું હતું. ત્યારે ક્રાન્તિકારીઓને મદદ કરવા રિચર્ડ વિલિયમ્સ અવધ આવી પહોંચ્યો.

એ સમયે રૂઈયા (હરદોઈ)માં રાજા નરપતિસિંહ રાજ્ય કરતો હતો. એણે રિચર્ડ વિલિયમ્સને પોતાના રાજ્યમાં નિમંત્રણ આપ્યું. અંગ્રેજ લશ્કરે કિલ્લાને ચારેબાજુથી ઘેરી લીધો હતો ! તેમ છતાં એને સફળતા મળતી નહોતી. ફોર્બ્સ મિચલે રૂઈયાના અજેય દુર્ગને વિષે 'ધ મેમ્વાર્સ ઑફ ગ્રેટ મ્યૂટિનિ' પુસ્તકમાં લખ્યું છે, 'જ્યારે લગભગ એવી ખાતરી થઈ કે બ્રિટિશ લશ્કર રૂઈયાનો કિલ્લો નહિ જીતી શકે ત્યારે નિર્ણય લેવાયો કે કિલ્લાના દવાજાને દારૂગોળાના વિસ્ફોટથી ઉડાવી દેવો. આ કામ માટે એક ઇજનેરને દરવાજાનો નકશો બનાવવા મોકલવામાં આવ્યો. એ ઇજનેરની દેખરેખ માટે મને મોકલ્યો હતો.

'એક સ્થાનિક જાણભેદુ અમને સહાય કરતો હતો. એ ભારતીય હતો. અમને સખત હૂકમ હતો કે અમારે મોઢું બંધ રાખવું. કાનમાં પણ ધીરેથી બોલવાનું નહિ. હુમલો થાય તો ગોળી ચલાવવી એવો હૂકમ હતો. વાંસના ઘેરા વનમાંથી ઝાડીઓની વચ્ચે થઈને અમે કિલ્લાની દીવાલોની તદન નજીક પહોંચી ગયા ત્યારે એક અવાજ સંભળાયો. 'સ્કૉટલૅન્ડના લોકો આવો. (રૂઈયાને ઘેરો ઘાલનારી ૯૫ નંબરની પલ્ટન સ્કૉટલૅન્ડના સૈનિકોની હતી.) કિલ્લા પર હુમલો કરવો એ બાવાના ખેલ નથી. તળપદી સ્કૉટિશ કહેવતોનો પ્રયોગ થઈ રહ્યો હતો. એ ચેતવણી આપતી એવી ભાષા હતી, જેનો ફક્ત યુરોપવાસી જ પ્રયોગ કરી શકે. એ તો દીવા જેવું



૧૮૫૭ના વિદ્રોહમાં ભારતીય સૈનિકો તરફથી અંગ્રેજસેના સામે લડનાર બ્રિટિશ સૈનિક

રિચર્ડ વિલિયમ્સ

• ચન્દ્રકાન્ત મહેતા •

સ્પષ્ટ હતું કે રિચર્ડ વિલિયમ્સે અમને જોઈ લીધા હતા. નકશો તૈયાર કર્યા વિના જ અમે પાછા ફર્યા. અમારો જીવ બચ્યો એ જ ઘણું હતું.'

રૂઈયા પર જે સૈન્યની ટુકડીએ ઘેરો ઘાલ્યો હતો, તેનો સેનાપતિ બ્રિગેડિયર એડ્રિયન હોપ હતો. તે પોતાની ટુકડીનું નિરીક્ષણ કરી રહ્યો હતો. સાંજનો સમય હતો. બ્રિટિશ ફોજ હુમલો કરવા તત્પર હતી.

એ સમયે એકાએક ગોળીબાર થયો. રૂઈયાના કિલ્લાની અંદર, ભીંતની જોડે વળગેલું એક તાડનું ઝાડ હતું. એ ગોળીઓ એ ઝાડની અંદરથી ચલાવાતી હતી અને એનું નિશાન હતું બ્રિગેડિયર એડ્રિયન હોપ. એ જમીન પર ઢળી પડ્યો અને તરત જ મૃત્યુ પામ્યો.

બ્રિટિશ ફોજમાં થરથરાટ ફેલાઈ ગયો. બધાની નજર કિલ્લાની અંદરના તાડના ઝાડ પર હતી. તેમણે જોયું કે, હાથમાં બંદૂક લઈને, એક ગોરો સૈનિક બહુ જ વિશ્વાસથી તાડ પરથી ઊતર્યો ને કિલ્લાની દીવાલો સુધી આવ્યો. એના મોઢા પર સ્મિત હતું. સૈનિકોએ એને ઓળખી લીધો. એ રિચર્ડ વિલિયમ્સ હતો.

નવાબગંજના યુદ્ધમાં (૧૩ મે, ૧૮૫૯) મોગલ સેનાપતિ વખ્તખાં મરાયો અને એના મૃત્યુ સાથે બહાદુરશાહના સૈન્યનું મનોબળ તૂટ્યું. કેટલાક સૈનિકો ઇચ્છતા હતા કે લડાઈ ચાલુ રાખવી, જ્યારે મોટાભાગના સૈનિકો રાણી વિક્ટોરિયાએ કરેલી માફીની ઘોષણાને આત્મસમર્પણ કરવાની તરફેણમાં હતા. રિચર્ડ વિલિયમ્સે આ વાતનો સખ્ત વિરોધ કર્યો, ને કહ્યું કે આત્મ- સમર્પણ કરનારાને અંદામાનમાં દેશનિકાલ કરવામાં આવશે અને ત્યાંનું જીવન મોત કરતાં પણ બદતર હશે. વિક્ટોરિયાની માફીની વાતો તો કપટી ચાલબાજી છે. પણ એની વાત કોઈએ સાંભળી નહિ.

દુર્ગાસિંહે એના નિવેદનમાં કહ્યું કે "સૈનિકોના આ નિર્ણયને સાંભળતાં જ રિચર્ડ વિલિયમ્સ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. રૂંધાયલા અવાજે એણે કહ્યું, 'હું મારા છેલ્લા શ્વાસ સુધી સામ્રાજ્યવાદની વિરુદ્ધ લડાઈ જારી રાખીશ. હવે મારે નથી કોઈ ઘર, નથી મારો કોઈ દેશ, કે જ્યાં હું પાછો જઈ શકું. હું હિન્દુસ્તાનમાં જ મરીશ.' એ પછી રિચર્ડ વિલિયમ્સનું શું થયું તે કોઈ જાણતું નથી.

આ રીતે હિન્દ પર શાસન ચલાવતી પ્રજાનો એક સિપાઈએ ત્યાંના લશ્કરમાં રહી મા ભોમ માટે નહિ, પણ આ ભોમ માટે એટલે કે એને માટે પરાઈ ભોમ સારુ જાનની બાજી લગાવી. અનેકવાર પોતાના દેશના સિપાઈઓનો સામનો કરી, પરાઈ ભોમ પડખે ઊભા રહી એણે દેશદ્રોહ નહોતો કર્યો ? પ્રથમ નજરે કદાચ એવું પણ લાગે ! પરંતુ રિચર્ડ વિલિયમ્સે અન્યાયનો, જુલ્મનો, અમાનુષિતાનો વિરોધ કરી ન્યાય અને માનુષિતાનો પક્ષ લીધો હતો. બ્રિટિશ પ્રજાની દેશભક્તિની વ્યાખ્યામાં ભલે રિચર્ડ વિલિયમ્સ ગદ્દાર લેખાય, પરંતુ નિરપેક્ષ ધોરણે સાચી માનવતા અને ન્યાયનો હિમાયતી એ અદનો સિપાઈ માનવહક્કની મૂલ્યપ્રતિષ્ઠા માટે ગૌરવશાળી લેખાશે. □

!!! ચમત્કાર !!!

બહાદુરભાઈ જ. વાંક

સ્ટેજ ઉપર અદશ્ય થઈને બાલ્કનીમાં નીકળતા જાદુગરને જોઈને પ્રેક્ષકો આશ્ચર્યમાં ડૂબી જાય તેમ અજાયબખાનને અચાનક ઘરે ચઢી આવેલા જોઈને કુટુંબીઓ, મહેમાનો અને પડોશીઓ બધાંની આંખો વિસ્મયથી પહોળી થઈ ગઈ. આ ભ્રમણા છે કે સત્ય છે, એની પણ લગભગ બધાંને ભારે વિમાસણ થઈ આવી. આજુબાજુમાં રહેતાં કેટલાંય માણસો અજાયબખાનને જોવા માટે તેમનાં ઘરોમાંથી બહાર ધસી આવ્યાં. ચારેબાજુ અજાયબખાનના નામનો શોરબકોર મચી ગયો. જિયારતની વિધિમાં વ્યસ્ત અજાયબખાનના પુત્રો અને તેમનાં બેગમ પણ અજાયબખાનને જોઈને એવાં તો અંજાઈ-ડઘાઈ ગયાં કે ઘડીભર તો બધાંની જીભ તાળવે ચોંટી ગઈ !

અજાયબખાન ધૂળથી ખરડાયેલાં કપડાં ખંખેરતા ફળિયામાં દાખલ થયા. તેમની સામે ફાટી આંખે જોતાં બધાં તેમને ઘેરી વળ્યાં. બે-ચાર આગળ પડતાં કુટુંબીઓ થડકારો અનુભવતા અજાયબખાન સામે ઘૂરકી ઘૂરકીને જોતાં બોલ્યાં : 'તમે કોણ ? અત્યારે અહીં ક્યાંથી ? તમે તો ચહેરે-મહોરે અસલ અમારા અજાયબખાન જેવા જ...!'

રૂમાલથી ચહેરા ઉપરનો પરસેવો લૂછી, જરા ખોંખારો ખાઈ અજાયબખાન બોલ્યા : 'ચહેરે-મહોરે નહીં, પણ હું પોતે જ અજાયબખાન છું, બીજો કોઈ નહીં. તમે કોઈ સહેજ પણ ગભરાશો નહીં.'

બધાં એકબીજાંની સામે આંખો ફાડી તર્ક-વિતર્કમાં ગૂંચવાતાં લાગ્યાં. મહેમાનોમાંથી કોઈક બોલ્યું : 'તમારું ઠેકાણે તો છે ને? સાવ કેવી ગાંડપણ ભરેલી વાત કરો છો ?!'

અજાયબખાન બોલ્યા : 'મારું તો ઠેકાણે જ છે. કદાચ તમારાં લોકોનું નહીં હોય... હું પૂરા હોશ-કોશ સાથે કહું છું - હું જ અજાયબખાન છું... ને હું જ આ ઘરનો માલિક...'

ફરી કોઈકે દલીલ કરી : 'પણ તમે અજાયબખાન કેવી રીતે હોઈ શકો ? તેઓ તો ત્રણ દિવસ પહેલાં જ...'

'હા, તમારી વાત સાચી છે. પણ એ જન્નતનશીન થઈ ગયેલ અજાયબખાન જ હું છું અને કબરમાંથી બહાર નીકળીને સીધો અહીં જ... સ્વાભાવિક છે કે મારી વાત તમને લોકોને ગાંડપણ-ભરેલી પણ લાગે...'

બધાં અરસપરસ મોં વકાસતાં સકંપ સળવળાટ અનુભવી રહ્યાં. કેટલાકને થયું, અજાયબખાન નેકદિલ, પરગજુ અને ઓલિયા જેવા માણસ હતા. એટલે જ કદાચ પાછા... પણ આજના વિજ્ઞાનના જમાનામાં આ વાત કઈ રીતે માની શકાય ?

કોઈ અજાયબખાનની વાત માનવા તૈયાર થઈ શક્યું નહીં. એક ભાઈ અજાયબખાનને જરા ડારો આપતા હોય તેમ બોલ્યા : 'પણ મરી ગયેલાં માણસો ફરીને જીવતાં કેવી રીતે થઈ શકે ? માટે સાચું કહી દો – તમે ખરેખર કોણ છો ? નહીં તો અમારે પોલીસને...'

તો વળી બીજાએ ટાપશી પૂરી : 'અમને તો તમે કોઈ લેભાગુ માણસ જ લાગો છો... ને અજાયબખાનની મિલકતને પચાવી પાડવા માટે જ આ બધું તરકટ...'

છતાંય અજાયબખાન નરમાશથી બોલ્યા : 'હું એવો કોઈ લેભાગુ માણસ નથી. વળી, મને એવી કહેવાતી મિલકતનો પણ મોહ નથી... હા, હું કેવી રીતે જીવતો થઈને કબરમાંથી બહાર આવી શક્યો, એનું તો મને ખુદને પણ આશ્ચર્ય થયું છે. મને પોતાને આમાં કશી ખબર પડી શકી નથી. પછી વધારે તો હું શી સ્પષ્ટતા કરી શકું ?'

અજાયબખાનના ચારે પુત્રો ટોળાને વીંધી, તેમની પાસે આવી, તેમને હચમચાવતા તાડૂકી ઊઠ્યા : 'હવે તમારું નાટક બંધ કરો, ને જે હોય તે કહી દો... નહીં તો...'

અજાયબખાન પોતાના પુત્રોને સમજાવતા બોલ્યા : 'તમે મારા જ પુત્રો થઈને મને ધમકી આપો છો ? વળી, તમારી પાસે મારે ખોટું બોલવાનું પણ કોઈ કારણ નથી... તમારે બધાએ માનવું હોય તો માનો... બાકી હું જ...' ને ફળિયામાં ઢાળેલા ખાટલા ઉપર બેસતાં ઉમેર્યું : 'મને પાણીની બહુ તરસ લાગી છે... કોઈક પાણી તો પાવ...'

કોઈકને તેમની દયા આવતાં, આખી પાણીની ગાગર તેમના હાથમાં પકડાવી દીધી. અજાયબખાન એકીશ્વાસે અર્ધી-પોણી ગાગર ગટગટાવી ગયા. એટલે બધાંને થયું કે આ નક્કી કંઈક ચરીતર જ છે... કદાચ અજાયબખાનનું ભૂત...!

ફરી કેટલાંકે તેમની સાથે જીભાજોડી કરી. પણ તેઓ તો પોતાની વાતને જ ભારપૂર્વક વળગી રહ્યા : 'તમારે લોકોને જે કાંઈ કરવું હોય તે કરો... પણ મારી સાથે લેવાદેવા વગરની માથાકૂટ ન કરો... હું બહુ થાકી ગયો છું...'

લાતોં કા બૂત બાતોં સે નહીં માનેગા – એમ વિચારીને કોઈએ ફોનથી તરત જ પોલીસને બોલાવી. તાબડતોબ કેટલાક પોલીસો જીપમાં આવી પહોંચ્યા. પોલીસે જરા કડકાઈથી અજાયબખાનની પૂછપરછ શરૂ કરી. અજાયબખાને પૂરેપૂરી સ્વસ્થતાથી પોલીસના દરેક પ્રશ્નનો જવાબ આપી, પોતાની સઘળી દાસ્તાન કહી સંભળાવી. તેમની વાત સાંભળીને પોલીસો

પણ મૂંઝવણ અનુભવતા અચંબામાં પડી ગયા. પોલીસે વધુ ખાતરી કરવા તેમને તેમનાં બેગમ વિશે કેટલાક પ્રશ્નો પૂછ્યા. તેમણે પોતાની બેગમના કયા ભાગમાં શી નિશાની છે, એ બાબતની પણ પોલીસને ખાતરી કરાવી આપી. વધારામાં તેમણે પોલીસ સમક્ષ પોતાના હસ્તાક્ષર અને સહી પણ કરી બતાવ્યાં. પછી ત્યાં ઊભેલાં બધાં સમક્ષ કંઈક વિજયી સ્મિત કરતાં બોલ્યા : 'હવે તો તમે બધાં માનશોને કે હું એ જ અજાયબખાન છું, જે ત્રણ દિવસ પહેલાં જન્નતનશીન થયો હતો !'

આખરે પોલીસને પણ અજાયબખાન વિશે કોઈ જ શંકા ન રહી. પણ આ બધો ચમત્કાર કેવી રીતે થયો, એનું પોલીસ સહિત બધાંને ભારે આશ્ચર્ય થઈ રહ્યું હતું.

પોલીસની કાર્યવાહી પૂરી થતાં જ અજાયબખાન મગરૂબીથી પોતાના બંગલામાં પ્રવેશ્યા. બાથરૂમમાં દાખલ થઈ ગરમ પાણીથી સરખી રીતે સ્નાન કર્યું. પછી બહાર આવી પોતાની બેગમ અને પુત્રોને સ્પષ્ટ સંભળાવી દીધું : 'તમે લોકોએ તો મારા નામનું નાહી નાખ્યું હતું. હવે હું જ તમારાં બધાંના નામનું...'

બીજે દિવસે અજાયબખાનનો આખોય કિસ્સો મુખ્ય સમાચાર બનીને છાપાના પ્રથમ પાને ચમક્યો - મરેલો માણસ ફરી સજીવન થઈ શકે ?! ન માની શકાય તેવો અજાયબખાનનો એક અભૂતપૂર્વ ચમત્કાર...!!

•

અજાયબખાનના અવસાનને હજુ બે જ દિવસ પૂરા થયા હતા, ત્યાં તેમના ચારે પુત્રોએ સ્થાવર અને રોકડ મિલકતની ગણતરી પણ શરૂ કરી દીધી હતી. મિલકતના સરખે હિસ્સે ભાગ પાડવાની કાર્યવાહી પણ હાથ ઉપર લઈ લીધી હતી, તો કેટલીક જમીન અને મકાનોનાં વેચાણ કરવા માટે અન્ય સાથે ખતપત્રો પણ કરી નાખ્યાં હતાં. અજાયબખાનના વિમાની દસ લાખની રકમ એલ.આઈ.સી.માંથી મેળવવા માટે ચારે પુત્રોએ વકીલની સલાહ લઈને જરૂરી કાર્યવાહી પણ હાથ ધરી હતી. સમાજમાં, કુટુંબમાં બધાયને આશ્ચર્ય તો એ વાતનું થયું હતું કે માત્ર બે દિવસના ગાળામાં તો ચારે પુત્રોએ ઘણુંય ઊંધુંચત્તું કરી નાખ્યું હતું ! આ બધીય માહિતી અજાયબખાનના જાણવામાં આવતાં જ તેઓ આઘાત સાથે સ્તબ્ધ બની ગયા. હવે શું કરવું - શું ન કરવું એ દ્વિધા સાથે તેમણે ત્રણ-ચાર દિવસ પસાર કર્યા. લાંબો વિચાર કરી તેમણે ચારે પુત્રો સાથે અને અન્ય કુટુંબીઓ સાથે આ અંગે યોગ્ય રસ્તો કાઢવા પ્રયત્ન કર્યો. પણ કોઈ તેમની સાથે વાત સુધ્ધાં કરવા તૈયાર થયું નહીં. એટલે તેમને એકદમ લાગી આવ્યું.

બધાની ખોરા ટોપરા જેવી નીતિને પામી જતાં હોય તેમ તેમણે બીજે જ દિવસે ત્રણ-ચાર છાપામાં જાહેરાતો આપી દીધી : 'મારા પુત્રો નામે..... મારાં જમીન-મકાનોના જે કંઈ સોદા-સાટાખત કર્યાં છે, તેને આ જાહેરાતથી રદબાતલ સમજવાં અને આમ છતાંય જો કોઈ ઇસમ સંબંધિત મિલકત ખરીદવા આગળની કાર્યવાહી હાથ ધરશે તો તે અંગેની સઘળી જવાબદારી લાગતાવળગતાની રહેશે, જેની આથી સર્વેએ નોંધ લેવી.'

ને અજાયબખાનના સગાં-સંબંધીઓમાં તેમ જ શહેરમાં સારી એવી ધમાલ મચી ગઈ. ચારે પુત્રો ઘાંઘા થઈ ઊઠ્યા. હાથમાં આવેલા સોનાના ચરુ ઉપર જાણે કાળા નાગે જ ફૂંફાડો માર્યો હોય તેવી દરેકને લાગણી થઈ આવી. અજાયબખાનની આ ધૃષ્ટતાથી ચારે પત્રો ધૂંધવાઈ ઊઠ્યા.

મોટા પુત્ર કરીમે, નાના ત્રણે ભાઈઓને સાથે રાખી. અજાયબખાનને સ્પષ્ટ કહી દીધું : 'અમે હજુ પણ તમને અમારા બાપ માનવા તૈયાર નથી. તમે અમારી સામે ઝઝૂમીને ખાટી નહીં શકો. એ કરતાં બહેતર છે કે બધું છોડીને તમારી માયા સંકેલી લો.'

અજાયબખાનનાં બેગમ આયશાબાનુએ પણ તેમને ચીમકી આપી : 'હું પણ તમને મારા ખાવિંદ માનવા તૈયાર નથી. મરી ગયેલાં માણસો થોડાં જીવતાં થાય ? હું મારા બચ્ચાઓ સાથે તમારી વિરુદ્ધ કોર્ટમાં ખટલો માંડ્યા વગર નહીં રહું, સમજ્યા ?'

તો અજાયબખાનનાં કેટલાક કુટુંબીઓએ પણ તેમને સલાહ આપી : 'જ્યાં તમને તમારી બેગમ અને ઓલાદ જ સ્વીકારવા તૈયાર નથી, ત્યાં તમે એ બધાંની ઉપરવટ થઈને જે કંઈ કરશો તેમાં સહેજ પણ ફાવી નહીં શકો. માટે...'

તોય અજાયબખાન તો પોતાની જ વાતને વળગી રહ્યા : 'હું જ આ ઘરનો - આ બધી મિલકતનો રણીધણી છું. હું જ અજાયબખાન ઍન્ડ કું. નો માલિક છું. પછી કોઈ મને સ્વીકારે કે ન સ્વીકારે એની સાથે મારે કોઈ તાલ્લુક નથી. મારે મન તો કાયદો શું કહે છે, એ જ મહત્ત્વની વાત છે.'

અજાયબખાનની વાત સાંભળીને ચારે છોકરાઓ તેમની સામે મોરચો માંડતા હોય તેમ ધૂંઆપૂંઆ થઈ ઊઠ્યા : 'તો હવે તમે પણ આ બંગલામાં કેવી રીતે રહી શકો છો એ અમે પણ જોઈએ. તમે અમારા બાપ નહીં, પણ અમારા બાપનું ભૂત થઈને જ અમારું કાસળ કાઢવા આવ્યા છો. પરંતુ ભૂતને શીશામાં કેવી રીતે ઉતારવું એ પણ અમને બરાબર આવડે છે.'

બધાની ક્ષુલ્લક મનોવૃત્તિને પામી જઈને અજાયબખાન બોલ્યા : 'તમે બધા મને ગલત માનીને દબડાવો નહીં. કાયદાની દૃષ્ટિએ મારા હાથ બહુ લાંબા છે. મારી સાથે આડા ચાલીને તમે મારી એક પણ પાઈ મેળવી નહીં શકો, એ વાત તમે બધા ભૂલશો નહીં...'

તો ચારે છોકરાઓએ પણ તેમને ખુલ્લી ધમકી જ આપી દીધી : 'તો તમે પણ હવે આ બધી મિલકત કેવી રીતે પચાવી પાડો છો, એ અમે પણ જોઈએ...'

ને ચારે છોકરાઓએ વળતા પગલા તરીકે છાપાંમાં જાહેરાત આપી દીધી – 'અમારા પિતા, નામે અજાયબખાન થોડા દિવસો પહેલાં જન્નતનશીન થયેલા છે. અમારા આ મરહૂમ પિતાના નામે કોઈ અજાણી વ્યક્તિ - તેમના જેવો જ ચહેરો-મહોરો ધરાવતી એક વ્યક્તિ – એ અમારી મિલકત પચાવી પાડવા તરકટ ઊભું કરેલ છે. તો આવા બની બેઠેલા અમારા બાપ સાથે કોઈએ કોઈપણ પ્રકારનો વહેવાર કરવો નહીં અને તેમણે આ પહેલાં છાપામાં પ્રસિદ્ધ કરાવેલી નોટિસને સાવ બોગસ જ સમજવી.'

આ નોટિસ વાંચીને અજાયબખાનને દુઃખ તો થયું, પણ નાસિપાસ થયા નહીં. છોકરાઓ સાથે સંબંધનો સાવ છેડો ફાડી નાખતા હોય તેમ તેમણે છોકરાઓ પાસેથી પેઢીની તિજોરીની ચાવી, બૅન્કોનાં લૉકરોની ચાવીઓ અને બૅન્કોની પાસબુકોની માગણી કરી. પણ છોકરાઓએ એ બધું આપવાની ઘસીને ના પાડી દીધી એટલું જ નહીં, અજાયબખાનને મૂઢ માર મારી બંગલામાંથી બહાર પણ ધકેલી દીધા.

અજાયબખાને છોકરાઓ વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી, લૉકરોની તેમજ તિજોરીની ચાવીઓ છોકરાઓ પાસેથી મેળવી આપવા પોલીસખાતાને અનુરોધ કર્યો. પોલીસની દરમ્યાનગીરીથી તેમણે આ બધી વસ્તુઓ હસ્તગત કરી લીધી. ને છાપાંમાં ફરીને બીજી જાહેરાત પણ આપી દીધી - "મારા પુત્રો નામે:... મારા કહ્યામાં ન હોઈ, મારી પેઢી - 'અજાયબખાન ઍન્ડ કું.ના નામે તેઓ દરેકની સાથે કોઈએ કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.... વધુમાં તેમણે પ્રસિદ્ધ કરાવેલી કોઈપણ નોટિસને ધ્યાનમાં લેવી નહીં."

આજે સૌપ્રથમવાર અજાયબખાન પોતાની પેઢી પર આવ્યા. પેઢીમાં કામ કરતા દરેક માણસને મળ્યા. પણ પોતાના છોકરાઓની ધાકથી કોઈએ તેમની સાથે કશી વાત કરી નહીં, તેમ જ તેમના આદેશ પ્રમાણે વર્તવાની પણ કોઈએ દરકાર કરી નહીં.

પછી ગામમાં જ રહેતા, અને એક જમાનાના પોતાના જિગરી મિત્ર યાકુબખાનને આમાં દરમિયાનગીરી કરી કંઈક રસ્તો કાઢવા તેમણે અનુરોધ કર્યો. યાકુબખાન પણ જાણતા હતા કે હાલની તકે અજાયબખાનની પડખે ઊભા રહેવું, એ મોતને નોતરી લેવા બરાબર હતું. પણ તેઓ પ્રામાણિક, પરગજુ અને નૈતિક હિંમત ધરાવનાર વ્યક્તિ હતા. આવી પરિસ્થિતિમાં તેઓ અજાયબખાનને મદદ નહીં કરી શકે તો ક્યારે કરી શકશે એમ માની અજાયબખાનને હૈયાધારણ આપી - પેઢીનો વહીવટ, તેનું સંચાલન થોડાક સમય માટે પોતે જ સંભાળી લેશે અને કોઈ બાબતમાં સહેજ પણ ચિંતા ન કરવા જણાવ્યું. ને બીજા દિવસથી જ તેમણે પેઢીના કર્મચારીઓને વિશ્વાસમાં લઈ, પેઢીનો સઘળો વહીવટ સંભાળી લીધો. વધુમાં અજાયબખાન ઉપર સતત મોતનો ભય ઝળૂંબી રહ્યો હતો તેની પણ તેમને પ્રતીતિ થઈ ગઈ હતી, એટલે તેમના રહેવા-કારવવાની વ્યવસ્થા પણ યાકુબખાને પોતાના બંગલામાં જ કરાવી દીધી.

અજાયબખાને હવે કેટલીક નવી કાર્યવાહીઓ હાથ ઉપર લીધી. ગામમાં આવેલ પોતાનો એક બંગલો વેચીને તેમાંથી આવેલ રકમ રૂપિયા દસ લાખનું, લોકોના કલ્યાણ માટે એક જાહેર ટ્રસ્ટ ઊભું કરી દીધું. એ ટ્રસ્ટની વ્યવસ્થાપક કમિટિમાં તેમના એક પણ પુત્રને સ્થાન ન આપતાં, ગામના આગળ પડતા માણસોને જ સ્થાન આપી, લોકકલ્યાણની પ્રવૃત્તિને પોતાના એકમાત્ર કામ તરીકે હાથ ઉપર લઈ લીધી. આમાં યાકુબખાન અને તેના માણસોનો પણ તેમને પૂરેપૂરો સહકાર મળી રહ્યો.

ને શહેરમાં એક બીજી નવી ઘટનાનો ઉદય થયો – અજાયબખાનની આ ઉદાર સખાવતને વર્તમાનપત્રોએ અહોભાવથી ચગાવી દીધી. આમાં અજાયબખાનનો જીવનપરિચય, અને પોતાની ઇચ્છાશક્તિથી ફરીને તેઓ કેવી રીતે જીવતા થયા, એ બધી બાબતોને મલાવી મલાવીને બહોળી પ્રસિદ્ધિ આપી દીધી. બીજા જ દિવસથી અજાયબખાનનું નામ શહેરમાં, જિલ્લામાં અને સમગ્ર રાજ્યમાં એક ચમત્કારી માણસ તરીકે ફરીને ગાજતું થઈ ગયું. જોતજોતામાં એક ચમત્કારી વ્યક્તિ તરીકેની તેમની પ્રતિષ્ઠા વાવાઝોડાની જેમ ચૉતરફ ફરી વળી. આથી તેમના છોકરાઓ અને અન્ય કુટુંબીઓ એકદમ નાસિપાસ થઈ ઊઠ્યાં. ઈર્ષાની આગમાં શેકાતા ચારે છોકરાઓએ, ગામના કેટલાક માણસોને સાથે રાખી, અજાયબખાનના આ કહેવાતા ચમત્કારોને એક તૂત - ધતિંગવેડામાં ખપાવી, હજારોની સંખ્યામાં ચોપાનિયાં છપાવી, ચારે તરફ પ્રસિદ્ધ કર્યાં. આથી તો ઊલટું અજાયબખાનની પ્રતિષ્ઠા સહેજ પણ ઘટવાને બદલે ઉત્તરોત્તર વધવા જ માંડી. અજાયબખાનનાં દર્શન કરવા માટે, તેમના આશીર્વાદ મેળવવા માટે માણસોની કતાર લાગવા માંડી. પછી તો પાક્ષિકો-માસિકોનાં મુખપૃષ્ઠો ઉપર ક્લોઝઅપ તસ્વીરોમાં ચમકતા અજાયબખાન, કલ્પિત ચમત્કાર કથાઓમાં ગૂંથાતા અજાયબખાન...! રેડિયો, ટી.વી.માં તેમની મુલાકાતો, ઇન્ટર્વ્યૂ-વાર્તાલાપોનો પણ એક એવો સિલસિલો ચાલુ થઈ ગયો કે ચારે તરફ તેમના નામની ધજા લહેરાવા માંડી ! અજાયબખાનને આ જરાય ગમતું નહોતું. તેમનો તો પત્રકારોને, મુલાકાતીઓને એક જ જવાબ હતો : 'હું તો તમારા બધા જેવો સાવ સામાન્ય માણસ છું. મેં કોઈ ચમત્કાર કર્યો નથી કે નથી હું કોઈ ચમત્કારી માણસ...'

પણ લોકો હવે તેમની વાત માને તેમ નહોતાં. અજાયબખાનનાં દર્શન કરવા માટે યાકુબખાનના બંગલે માણસોનો એટલો બધો ધસારો વધી પડ્યો કે અજાયબખાન સાથે યાકુબખાન

પણ મૂંઝવણ અનુભવવા લાગ્યા. માણસોની ભીડથી કંટાળી, એક દિવસ યાકુબખાન સાથે ચર્ચા કરી, અજાયબખાને પોતાનું રહેઠાણ બદલી નાખ્યું - પોતાની પેઢીના એક ગોડાઉનમાં. ત્યાં પણ તેઓ સુખથી રહી શક્યા નહીં. એક દિવસ રાત્રિના કોઈએ દુકાન-ગોડાઉનમાં આગ ચાંપી દીધી. આગ એટલી ભયાનક હતી કે દુકાન-ગોડાઉનનો સઘળો સામાન ભસ્મીભૂત થઈ ગયો. પણ નસીબજોગે અજાયબખાન હેમખેમ બચીને બહાર આવી ગયા.

આગના કારણે અજાયબખાન અને યાકુબખાન દિગ્મૂઢ બની ગયા. યાકુબખાનને જબરો આઘાત લાગ્યો. તેમણે દુકાન-ગોડાઉનમાં આગ ચાંપવાના શંકાસ્પદ આરોપીઓ તરીકે પોલીસખાતાને અજાયબખાનના પુત્રો અને બીજા કેટલાક વિઘ્નસંતોષીઓનાં નામો રજૂ કરી દીધાં. પોલીસે અજાયબખાનના પુત્રોની ધરપકડ કરવા તપાસ આદરી તો શહેરમાં કોઈનો પણ પત્તો મળી શક્યો નહીં.

બીજી બાજુ છાપાંવાળાઓએ આગની મૂળભૂત ઘટના કરતાં, આગમાં ચમત્કારિક રીતે હેમખેમ બચીને બહાર આવી ગયેલા, અજાયબખાનને જ વિશેષ માત્રામાં ચમકાવ્યા. ને અજાયબખાન પ્રત્યે શ્રદ્ધા અને સહાનુભૂતિ વ્યક્ત કરતાં તાર-ટપાલોનો મારો એટલો બધો વધી પડ્યો કે ખુદ અજાયબખાન પણ ગૂંગળાઈ ઊઠ્યા.

અજાયબખાનને હવે બરાબર પ્રતીતિ થઈ ગઈ હતી કે આ કહેવાતી સમૃદ્ધિ અને આ કહેવાતાં કુટુંબીઓ વચ્ચે રહેવાનો - બધાંને વળગી રહેવાનો કોઈ અર્થ નથી. તેમનો સઘળો ભ્રમ ભાંગી ગયો હતો... માત્ર પોતાના કારણે જ યાકુબખાન પણ કેવી ગંભીર પરિસ્થિતિમાં મુકાઈ ગયાં હતા, તેનો પણ તેમને ઊંડે ઊંડે રંજ થઈ રહ્યો હતો. ને તેમણે એક જાહેર નિવેદન બહાર પાડી દીધું : 'મારે જેમ મારા પુત્રો કે કુટુંબીઓ સાથે કંઈ પણ લાગતું વળગતું નથી, તેમ મારી કોઈ પણ પ્રકારની મિલકત સાથે પણ મારે કંઈપણ લાગતુંવળગતું નથી. જેને જે જોઈએ તે ખુશીથી લઈ શકે છે. મારી મિલકત ઉપર હવે મારો કોઈ હક-દાવો રહેતો નથી. બીજું, હું કોઈ ચમત્કારી વ્યક્તિ નથી. મને કોઈ ચમત્કારી વ્યક્તિ સમજીને પોતાની જાતને ન છેતરે બસ એ જ મારી ઈચ્છા છે.' ને યાકુબખાનનો આગ્રહ હોવા છતાંય, તેમણે યાકુબખાનનું ઘર અને શહેર છોડી દીધાં - હંમેશ માટે.

*

શહેરથી આઠ-દસ કિલોમીટરના અંતરે આવેલી એક દરગાહ... શાંત-એકાંત વાતાવરણમાં ચોતરફ પ્રકૃતિના સૌંદર્યથી મઢાયેલી આ જગ્યામાં અજાયબખાન ખુદાની બંદગી કરવા માટે આવી ગયા. દરગાહને છેવટની પોતાના હાથમાં રહેલી રકમનું દાન આપી, દરગાહનો એકાદ ઓરડો રહેવા માટે અને બંદગી કરવા માટે તેમણે પસંદ કરી લીધો. ને માત્ર ખુદાની બંદગીમાં જ તેઓ સમય પસાર કરવા લાગ્યા. દરગાહમાં રહેતા રજાક અને ઓસમાન નામના બે ફકીરો પણ અહોભાવથી તેમની સેવા-ચાકરીમાં પરોવાઈ ગયા હતા.

હજુ તો તેમણે અહીં માંડ ચાર-પાંચ દિવસ પસાર કર્યા હશે, ત્યાં અચાનક માણસો તેમનાં દર્શને ઊમટવા લાગ્યાં. તેમના જાહેર નિવેદનથી તો લોકોની તેમના પ્રત્યેની શ્રદ્ધા ઊલટાની વધુ ને વધુ પ્રજ્જ્વલિત થઈ ઊઠી. તેઓ લોકોને સાચી વાત સમજાવી પાછા વાળવા પ્રયત્નો કરતા, પણ લોકો તેમની એક પણ વાત માનવા તૈયાર નહોતાં, અને માનતા પેટે લોકોએ ધરેલી વસ્તુઓ તેમને નછૂટકે સ્વીકારવાની ફરજ પડતી હતી.

વધારામાં રજાક અને ઓસમાન શહેરમાં અજાયબખાનની મહાનતાનો ઢંઢેરો પીટવાના કામમાં એવા લાગી ગયા કે દરગાહ પણ લોકો માટે મક્કા-મદિના જેવું એક તીર્થસ્થળ બનવા માંડી. વાત એટલી હદ સુધી આગળ વધી ગઈ કે દૂર દૂરથી માણસો અજાયબખાનનાં દર્શન કરવા, તેમની માનતાઓ માનવા ઘોડાપૂરની જેમ શહેરમાં ઊમટવા લાગ્યાં. તેમના ફોટા અને ફોટા સાથેનાં માદળિયાંઓ ખરીદીને મેળવવા માટે પણ માણસો પડાપડી કરવા લાગ્યા. રજાક અને ઓસમાણ તો અજાયબખાનના નામનો ચમત્કાર જોઈને આભા બની ગયા. તેમણે બંનેએ જિંદગીમાં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે માનતા પેટે આટલી જંગી રકમની દરગાહમાં વર્ષા થશે. ખરેખર અજાયબખાન તેમના માટે સોનાની મુરઘી જેવા જ થઈ પડ્યા. આ તકનો પૂરેપૂરો લાભ ઊઠાવવા તેમણે કેટલાક માણસોને રોકીને, એક જબ્બર વ્યવસ્થાતંત્ર જ ઊભું કરી દીધું. નાળિયેરો વધેરવા માટે અને માનતા પેટે થતી આવકનો હિસાબ રાખવા માટે પણ તેમણે દરગાહમાં એક કાર્યાલય ઊભું કરી દીધું. આખો દિવસ ધૂપ અને અગરબત્તીના ધુમાડાથી ગૂંગળાતા અજાયબખાનને આ બધો તમાશો જરાય પસંદ નહોતો. જ્યારે બીજી હકીકત એ હતી કે હવે તેઓ કોઈ પણ સંજોગોમાં આ પ્રચંડ લોકજુવાળને ખાળી પણ શકે તેમ નહોતાં. આવી પરિસ્થિતિ વચ્ચે એક દિવસ તેઓ સાવ ભાંગી પડ્યા - યાકુબખાનના અવસાનના સમાચાર સાંભળીને. અજાયબખાનની ચિંતામાં ને ચિંતામાં યાકુબખાન હૃદયરોગના હુમલાનો ભોગ બની ગયા હતા.

યાકુબખાનની અંતિમ યાત્રામાં સામેલ થવા માટે અજાયબખાન તૈયારી કરીને બહાર નીકળવા જતા હતા ત્યાં જ રજાક અને ઓસમાણે તેમને ચેતવી દીધા : 'તમારું ખૂન થઈ જવાની પૂરેપૂરી દહેશત છે. માટે બહાર ન નીકળો તો સારું...'

અજાયબખાન મક્કમતાથી બોલ્યા : 'ભલે મારું ખૂન થઈ જાય, એની મને કોઈ ચિંતા નથી. જે માણસે મારા માટે એનું

સઘળું કુરબાન કરી દીધું તેનો જનાજો હું મારી ખાંધે ન ઉપાડી શકું તો તો મારા જીવતરમાં ધૂળ પડે...'

રજાક અને ઓસમાને તેમને બહાર ન નીકળવા ખૂબ સમજાવ્યા, પણ અજાયબખાન એકના બે ના થયા. એટલે રજાકે થોડી કડકાઈથી અજાયબખાનને સ્પષ્ટ કહી દીધું : 'તમારું જીવન પ્રજા માટે એટલું બધું કીમતી છે કે અમે તમોને કોઈ પણ સંજોગોમાં બહાર નીકળવા નથી દેવાના...'

અજાયબખાન સઘળી પરિસ્થિતિને પામી ગયા. આ લોકોની ધૃષ્ટતા અને દાદાગીરી જોઈને તેઓ એકદમ ખળભળી ઊઠ્યા : 'હવે હું તમને બધાને જાણી ગયો છું. તમે લોકોએ તો અહીં મારા નામનો વેપાર જ શરૂ કરી દીધો છે. તમારી આ અધમ પ્રવૃત્તિ માટે ખુદા તમને માફ નહીં કરે...'

'ખુદા ભલે માફ ન કરે, પણ તમારે તો અમને લોકોને માફ કરી દેવા જ પડશે... અમે તો તમારા વતી લોકોની બહુ મોટી સેવા કરી છે અને આમાં કદાચ તમારું ખૂન થઈ જાય તો એનું પાપ અમને જ...' દરગાહના કેટલાક લેભાગુ માણસો અજાયબખાનને સમજાવતા બોલ્યા.

હવે અજાયબખાનથી રહેવાયું નહીં. તેઓ જરા ઊંચા સાદે બરાડી ઊઠ્યા : 'ખૂન તો તમે લોકોએ જ અહીં મારું કરી નાખ્યું છે. માત્ર પૈસા ખાતર મારા જેવા પાક માણસનું પણ કેટલી હદ સુધી તમે લોકોએ શોષણ કરી નાખ્યું છે !' ને તેઓ ક્યાંય સુધી ધૂંધવાઈ રહ્યા.

હવે અજાયબખાનની પ્રત્યેક હિલચાલ ઉપર નજર રાખવા રજાકે તેમના ઉપર જડબેસલાક ચોકીપહેરો ગોઠવી દીધો હતો. અજાયબખાનની જાણે એકમાત્ર નિયતિ - ધૂપ અને અગરબત્તીઓનો ધુમાડો લેવાનો, તેમાં જ સતત ગૂંગળાવાનું, ને, દૂર બેઠાબેઠા માણસોને દર્શન આપી મને-કમને દુવાઓ આપતાં રહેવાની.

ઓરડાના ચોખટામાં જાણે તેમનું શિલ્પ કોતરીને દરગાહના ફકીરોએ તેમને જડબેસલાક જડી દીધા હતા. અગરબત્તીઓ અને ધૂપના ધુમાડાને કારણે તેમને આંખોમાં કાળી બળતરા અને શરીરમાં ગજબનો તપારો... ને તેમનાથી ઊંડો નિસાસો નંખાઈ જતો - યા... ખુદા...! આ જીવતરના ચળકાટ કરતા તો મારું કબરનું અંધારું સારું હતું...

અજાયબખાનની જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરવા માટે દરગાહના ફકીરોએ દરગાહના પટાંગણમાં ભવ્ય મંડપ અને શમિયાનો ઊભો કરાવી દીધો હતો. ચોતરફ રંગબેરંગી ધજા-પતાકાનાં તોરણો અને લાઈટોની સજાવટ સાથે સુશોભિત કમાનો ઊભી કરવામાં આવી હતી. ઝળાંઝળાં થતી લાઈટોની વચ્ચે અજાયબખાનના પોસ્ટરો એવી રીતે ગોઠવવામાં આવ્યાં હતાં, જાણે આકાશમાંથી કોઈ પયગંબરનું અવતરણ કેમ ન થઈ રહ્યું હોય! મંડપમાં અને ચારે તરફ થાંભલાઓ ઊભા કરી, અજાયબખાનના નામનાં બૅનરો ચિટકાવી દેવામાં આવ્યાં હતાં. આ બૅનરોમાં કોતરાયેલાં વિવિધ પ્રકારનાં સૂત્રો વાતાવરણમાં અનેરો ઉત્સાહ પ્રગટાવતાં હતાં.

આ કાર્યક્રમમાં અજાયબખાન પરત્વે પોતાની શ્રદ્ધા અને અહોભાવ વ્યક્ત કરવા માટે દૂરદૂરથી માણસોનાં ટોળાં આજે શહેરમાં ઊમટી પડ્યાં હતાં. માણસોના ધસારાને કઈ રીતે અંકુશમાં રાખવો એ પ્રશ્ન પણ સત્તાવાળાઓને બરાબર મૂંઝવી રહ્યો હતો... છતાં ભારે જહેમત લઈને તેઓ ટ્રાફિકને અંકુશમાં રાખવા મથામણ કરી રહ્યા હતા.

દસ-પંદર ફૂટ ઊંચા બાંધેલા સ્ટેજ ઉપર અજાયબખાનના આગમન પહેલાંની બધી જ તૈયારીઓ થઈ ગઈ હતી. થોડીવાર થઈ હશે ત્યાં રજાક, ઓસમાન અને અન્ય આગળ પડતી વ્યક્તિઓ સાથે અજાયબખાન મંડપમાં પધારવા દરગાહમાંથી બહાર નીકળ્યા.... તેમના આગમનને વધાવી લેતા ઢોલ અને શરણાઈના સૂરો ચારે તરફ ગૂંજી ઊઠ્યા. અજાયબખાનનાં દર્શન માટે જાણે માનવ-મહેરામણ હેલે ચઢ્યો.


ભીડનો સામનો કરતાં અજાયબખાન માંડમાંડ સ્ટેજ ઉપર પહોંચ્યા. થોડો વિરામ લઈ તેમણે ચોતરફ નજર ફેરવી. આ બધો તમાશો અને માણસોની ઘેલછા જોઈ તેઓ અંદરખાને ઊંડો રંજ અનુભવતા હતા. માણસોની આ કહેવાતી ઘેલછાને છિન્નભિન્ન કરી નાખવા માટે જ તેઓ આજે જાણે સ્ટેજ ઉપર આવ્યા હતા. સાથેસાથે તેમણે રજાક અને દરગાહના ફકીરોના કરતૂતોની માયાજાળને લોકો સમક્ષ ખુલ્લી પાડવાનો સંકલ્પ કરી લીધો હતો.

કાર્યક્રમ શરૂ થાય અને અજાયબખાન હજુ સ્ટેજ ઉપર ઊભાં થાય એ પહેલાં તો લોકોનાં ટોળેટોળાં તેમનાં દર્શન કરવા માટે ધક્કામુક્કી કરતાં આગળ વધવા મથામણ કરવાં લાગ્યાં. મંડપમાં ગજબનો શોરબકોર મચી ગયો. ટોળાને અંકુશમાં રાખવા માટે પોલીસો ચારેતરફ દોડાદોડી કરવા લાગ્યા. સત્તાવાળાઓએ માઈકમાં વિનંતી કરવા છતાંય લોકોની ધક્કામુક્કીમાં સહેજ પણ ફેર ન પડ્યો. આથી તો ઊલટાનાં લોકો બેકાબૂ બની અરસપરસ ઝઘડતાં આગળ વધવાં લાગ્યાં. એટલે ભીડને કાબૂમાં લેવા પોલીસો ટોળા વચ્ચે આડેધડ લાઠીઓ વીંઝવા લાગ્યા. ટોળાઓ અને પોલીસો વચ્ચેની ઝપાઝપીમાં કેટલાય માણસો લોહીલુહાણ થઈ ગયા. માણસોમાં બરાબરનો ઉશ્કેરાટ વ્યાપી ગયો ને જાણે હુલ્લડ જ મચાવી દેવું હોય તેમ માણસો હાથમાં આવે એ ચીજવસ્તુઓના ઘા કરવા લાગ્યા. મામલો હાથમાંથી સરી જતો

(અનુસંધાન પૃ. ૩૭૭ પર)

હતો. મસ્કતના ઇમામો દ્વારા ઝાંઝિબારમાં તેમનો અગાઉનો પ્રભાવ પુનઃ પ્રાપ્ત થવાથી, તેમણે ગુજરાતના વેપારને પ્રોત્સાહન આપ્યું. સૈયદ સઈલ (૧૮૦૬-'૫૬)ના અમલ દરમિયાન તથા ભારતમાં બ્રિટિશ રાજની સ્થાપના થવાને કારણે અને નેપોલિયનના યુદ્ધો બાદ, હિંદ મહાસાગરમાં બ્રિટિશ નૌકાકાફલાની સર્વોપરિતા ઉદય પામી. તેથી આ પ્રક્રિયા પૂર્ણ બની.

કચ્છ, પોરબંદર તથા સૂરતના ગુજરાતી વેપારીઓ ઇરાની અખાતમાં સદીઓથી કાર્યરત રહ્યા હતા. તેઓ મસ્કતથી વેપાર કરતા. વેપાર કરવાની તેમની કોઠાસૂઝને કારણે મસ્કતના ઇમામોનો તેઓમાં ઘણો વિશ્વાસ હોવાથી, તેઓ ઇમામોના શરાફો તથા કસ્ટમ કલેક્ટર તરીકે પ્રશંસનીય કામ કરતા.



પૂર્વ આફ્રિકામાં ગુજરાતીઓ

— ડૉ. જયકુમાર ૨. શુક્લ —

પ્રાચીન સમયથી આફ્રિકાના પૂર્વકિનારાના પ્રદેશો હિંદ રમહાસાગર સાથેના વેપારથી જોડાયેલા છે. ગુજરાતીઓએ તે વિસ્તારના વ્યાપારી તથા આર્થિક જીવનમાં પ્રાચીન સમયથી ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. બીજી સદીથી તે પ્રદેશોને કાપડ, મણકા તથા અને ઉત્પાદિત ચીજો પૂરી પાડનાર તથા ત્યાંથી હાથીદાંત, સોનું, લોખંડ, અંબર, લોબાન તથા ગુલામો આયાત કરનાર તરીકે ગુજરાતી વેપારીઓનો ફાળો મુખ્ય છે. ખોદકામ દ્વારા ઝિમ્બાબ્વે તથા કિનારાના પ્રદેશોમાંથી મળેલ કાચના મણકા, તોલમાપની ભારતીય પદ્ધતિ, ચલણ તરીકે કોડીઓનો ઉપયોગ, નાળિયેરી તથા અન્ય ભારતીય વૃક્ષો વગેરે – પ્રાચીન કાળથી પૂર્વ આફ્રિકા સાથેના ભારતના સંપર્કનો પુરાવો આપે છે. પોર્ટુગીઝ દફતરમાંથી પણ પૂર્વ આફ્રિકાના વેપારમાં ગુજરાતના વેપારીઓનો મહત્ત્વનો ફાળો તથા ૧૬મી અને ૧૭મી સદીઓ દરમિયાન હાથીદાંતના વેપાર માટે પશ્ચિમ ભારતના (ગુજરાતના) બંદર ખંભાતના થયેલા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ફ્રીમૅન અને ગ્રેનવિલ જણાવે છે કે, સ્વાહિલી સંસ્કૃતિના વિકાસમાં ગુજરાતનું પ્રદાન સહેલાઈથી અલગ પાડી શકાતું નથી. પરન્તુ તેમાં ગુજરાતની સ્પષ્ટ અસરો અવશ્ય વર્તાય છે.

૧૯મી સદી દરમિયાન પૂર્વ આફ્રિકાના કિનારા સાથે ગુજરાતનો પારંપરિક વેપાર, પોર્ટુગીઝ સત્તાની લાંબા સમયની ચડતીપડતી બાદ, પુનર્જીવિત થયો. આરંભમાં પોર્ટુગીઝોના વપારનો ઇજારો તથા ત્યાર બાદ બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ લાદેલ ઇજારાના ફલસ્વરૂપે ગુજરાતનો વેપાર નબળો પડ્યો

ઈ.સ. ૧૮૪૦માં સૈયદ સઈદ તેનું પાટનગર ઝાંઝિબાર લઈ ગયો. તે અગાઉ ખંભાતના અખાતના અન્ય કોઈ સ્થળ કરતાં મસ્કતમાં ગુજરાતી વેપારીઓ વધારે હતા. તેઓ વેપારી સાહસોની તથા ધાર્મિક સ્વતંત્રતા ભોગવતા હતા. ઇમામના નવા પ્રદેશોમાં ભારતીય વેપારના વિસ્તરણ માટે તેઓ મધ્યવર્તી બિંદુ સમાન હતા. ઈ.સ. ૧૮૩૩માં ઝાંઝિબાર માટે કસ્ટમ્સ કલેક્ટરના પ્રતિષ્ઠિત હોદ્દા પર વાટ ભીમાની પેઢીની નિયુક્તિ થવાથી આ પ્રક્રિયા વેગવંતી બની. ગુજરાતી વેપારીઓએ તે અગાઉ મસ્કત ઉપરાંત ઝાંઝિબાર અને મોમ્બાસામાં આવા મહત્ત્વના હોદ્દા ભોગવ્યા હતા. ૧૮૪૧માં ઝાંઝિબારમાં બ્રિટિશ કૉન્સલની કચેરી ખોલવાથી આ નીતિ મજબૂત બની. બ્રિટિશ ધ્વજ હેઠળ ગુજરાતીઓના વેપારને રાજકીય ટેકો મળ્યો. ઝાંઝિબારના સુલતાનોની નીતિ ઉપર મુંબઈની સરકારનો પ્રભાવ વધ્યો, કારણ કે ઝાંઝિબાર ભારતનું આઉટપોસ્ટ (સૈન્યચોકી) મનાતું હતું. અંગ્રેજોએ ત્યાં વ્યાપારી અને રાજકીય હિતો પ્રાપ્ત કર્યાં તે પહેલાં ઘણાં વર્ષોથી ઝાંઝિબારમાં કચ્છ અને ગુજરાતના અન્ય પ્રદેશોના હિન્દુ અને મુસલમાન વેપારીઓ વસ્યા હતા.

વાટ ભીમાની અહીંની મુખ્ય ભાટિયા પેઢીના વડા, ઝાંઝિબારની પેઢીના સ્થાપકની પાંચમી પેઢીના અનુજ હતા. કેટલાક ખોજાઓ જણાવે છે કે, તેમના પૂર્વજો તેનાથી પણ વહેલા આવ્યા હતા. ૧૮૪૫ બાદ ગુજરાતી વેપારીઓએ બ્રિટિશ અધિકાર ક્ષેત્રનો ઉપયોગ કર્યો. બ્રિટિશ અમલદારોનો રાજકીય ટેકો મળવાથી ઝાંઝિબારમાં ગુજરાતી વેપારીઓની પ્રવૃત્તિઓને વેગ મળ્યો. ઈ.સ. ૧૮૭૨માં બ્રિટિશ ઇન્ડિયા સ્ટીમનૅવિગેશન કંપની દ્વારા

મુંબઈ અને ઝાંઝિબાર વચ્ચે સ્ટીમર શરૂ કરવામાં આવી તથા ઝાંઝિબારમાં બ્રિટિશ ઇન્ડિયા પોસ્ટ ઑફિસ ખોલવામાં આવી. આ સગવડોથી વેપાર વિકસ્યો.

સર બાર્ટલ ફ્રીઅરે ૧૮૭૩માં જણાવ્યું હતું કે, કચ્છના માંડવી તથા સૂરત અને મુંબઈથી દર વર્ષે તથા પ્રસંગોપાત્ત કાઠિયાવાડનાં બંદરો અને મલબાર-કિનારેથી કેટલાંક જહાજો કાપડ, ધાતુઓ, મણકા વગેરે લઈને જતાં અને તેના વિનિમયથી હાથીદાંત અને આફ્રિકાની પેદાશો લાવતાં. સૂરત અને ગુજરાતમાં કાપડનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થતું. તેના વેચાણ માટે પૂર્વ આફ્રિકા મોટું બજાર હતું. પશ્ચિમ ભારતનાં બંદરો પરના કેટલાક મોટા વેપારીઓએ બાર્ટલ ફ્રીઅરને જણાવ્યું કે, તે વેપાર ઘણો જૂનો હતો. પૂર્વ આફ્રિકાના દરેક બંદરે ગુજરાતી વેપારીઓ હતા અને તેઓને ભારતથી માલ મોકલવામાં આવતો. માડાગાસ્કરમાં તથા અન્યત્ર ગુજરાતીઓએ તેને ખાતરીપૂર્વક કહ્યું કે, ત્યાંનું સૌથી જૂનું વેપારીગૃહ ૬૦ વર્ષથી વધારે સમયનું નહોતું. છતાં તેમની જ્ઞાતિના લોકો યુગોથી પૂર્વ કિનારે વેપાર કરતા હતા.

નીચેનાં કારણોને લીધે ભારતનો વેપાર પૂર્વ આફ્રિકા સાથે ખૂબ વધ્યો હતો : (૧) યુરોપમાં પ્રવર્તતી સામાન્ય શાંતિ; (૨) આરબોની ચાંચિયાગીરીનો અંત; (૩) મસ્કતના આરબોનો ઝાંઝિબાર તથા પૂર્વ કિનારે વસવાટ, (૪) ઝાંઝિબાર તથા તેની આસપાસમાં અંગ્રેજો, ફ્રેન્ચો, જર્મન તથા અમેરિકન વ્યાપારી ગૃહોનું આગમન તથા (૫) ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો ઇજારો જવાથી પશ્ચિમ ભારતના વેપારને મળેલ ઉત્તેજન. ૧૮૫૦ના દાયકામાં પૂર્વ આફ્રિકાના વેપાર માટે તેનો વિકાસ થયો તથા હાથીદાંત, ગમકોપલ અને લવિંગના પુરવઠા માટે તે વિશ્વનું બજાર બન્યું.

ગુજરાતી વેપારીઓએ ઝાંઝિબારના વ્યાપારી તથા નાણાંકીય જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો, તેથી તેનો વિકાસ થયો. ભારતીયોની વસતી ત્યાં ૧૮૪૦ના દાયકાની શરૂમાં ૧૦૦૦ હતી, તે વધીને ૧૮૬૦ સુધીમાં આશરે ૬૦૦૦ની થઈ. ગુજરાતીઓ ત્યાંથી મુંબઈ, કચ્છ અને અરેબિયા સાથે વહાણોમાં વિશાળ વેપાર ખેડતા. જનરલ રિગ્બી એ વિષે ૧૮૬૦માં લખે છે : 'ઝાંઝિબારના સંસ્થાનમાં આશરે ૫૦૦૦ બ્રિટિશ ભારતીયો વસે છે. લગભગ બધો વિદેશ-વ્યાપાર તેઓના હસ્તક છે. તેઓને આંતરિક પ્રદેશોમાંથી હાથીદાંત મળે છે. કિનારે વસતા ગુજરાતી વેપારીઓ ગમકોપલ (ઝાડના મજબૂત રેસા) અને અમેરિકન તથા હેમ્બર્ગના વહાણોનો બધો માલ તેઓ ખરીદે છે. ઝાંઝિબારના લગભગ બધા દુકાનદારો અને કારીગરો ગુજરાતી છે. પૂર્વ આફ્રિકાના કિનારાના બધા કસબામાં, માડાગાસ્કરના પશ્ચિમ કાંઠે અને કોમોરો ટાપુઓમાં ગુજરાતીઓ વસ્યા છે. તેઓએ ઝાંઝિબારમાં આરબો પાસેથી મોટી જાગીરો ખરીદી છે.'

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ઝાંઝિબારના વિદેશ-વ્યાપારમાં ગુજરાતીઓનું પ્રભુત્વ વધ્યું. ઝાંઝિબારમાં ભારતથી થતી આયાત યુરોપના કરતાં બમણી હતી. યુરોપીય પેઢીઓ તેમનો માલ ગુજરાતી વેપારીઓને છ માસ સુધી ક્રેડિટ પર વેચવા આપતી. ગુજરાતી વેપારીઓ તે માલ કિનારાના પ્રદેશોમાં વેચતા. આયાત કરેલા માલના બદલામાં ગુજરાતીઓ દ્વારા ભેગો કરેલો સ્થાનિક ઉત્પાદનનો માલ ભારતીયો અને યુરોપીયનો નિકાસ કરતા. ગુજરાતી વેપારીઓ સમયસર નાણાંની ચુકવણી તથા પ્રામાણિકતા માટે પ્રસિદ્ધ હતા. પૂર્વ કિનારે કિલ્વા, બાગામોયો, પનગની, ટાંગા, મોમ્બાસા અને મલિન્દીમાં વસેલા ગુજરાતીઓમાંના મોટા ભાગના ઝાંઝિબારમાંની પેઢીઓના એજન્ટ હતા. તેઓ દેશની અંદર માલ લઈ જતા વણઝારાને આયાત કરેલ માલ ધીરતા. તેના બદલામાં તેમની પાસેથી સ્થાનિક માલ ખરીદતા.

૧૯મી સદી દરમિયાન કેટલાક આગેવાન ગુજરાતી વેપારીઓ બૅન્કિંગ અને નાણાકીય સેવાઓ આપતા. પૂર્વ આફ્રિકામાં ક્રમશઃ ભારતીય રૂપિયાનું ચલણ શરૂ થયું. શરાફો તરીકે ગુજરાતીઓ ધિરાણ તથા ગીરોમાં પોતાની મૂડીનું રોકાણ કરતા. તેઓ ઝાંઝિબારના સુલતાન, આરબો, સ્વાહિલી, ભારતીય તથા યુરોપીય વેપારીઓને ધિરાણ કરતા. ઝાંઝિબારના સ્વાહિલી બગીચા ગુજરાતી શરાફો પાસે ગીરો મૂકેલા હતા. કૅપ્ટને હૅમરટને ૧૮૪૯માં અગ્રણી ગુજરાતી પેઢીના પ્રદાન વિશે જણાવ્યું હતું કે, 'તાત્કાલિક જરૂરિયાત માટે મોટી રકમ મેળવવી હોય તો ઇમામના કસ્ટમ માસ્ટર પાસેથી મળે. અહીંના બધા વેપારીઓમાં માત્ર તે, જરૂર હોય તો તરત તે એક હજાર ડૉલર આપી શકે... કસ્ટમ માસ્ટર કચ્છના જયરામ શિવજી પાસેથી થોડા કલાક અગાઉ જણાવીને પાંચ હજાર ડૉલર સુધીની રકમ હું મેળવી શકું.' ત્યાર બાદ બર્ટને પનગનીમાંના કસ્ટમ કલેક્ટર ત્રિકમદાસનો પણ એવો ઉલ્લેખ કર્યો હતો. તે ત્યાં શરાફનું કામ કરતો અને તેણે ૨૬,૦૦૦ ડૉલર ધીર્યા હતા.

૧૯મી સદીમાં ઝાંઝિબારમાં ભારતનું મૂડીરોકાણ વધ્યું હતું. ઘણા આરબ અને સ્વાહિલી બગીચા-માલિકો ગુજરાતી શરાફોના દેવાદાર હતા. એક માત્ર ફ્રેન્ચ પેઢી પાસે ગુજરાતીઓના ૪ લાખ ડૉલર બાકી-લેણા હતા. અમેરિકન વેપારીઓ પાસે પણ ભારતીયોના લાખો ડૉલર હતા. એક અંદાજ મુજબ ૧૮૭૩માં ઝાંઝિબાર ટાપુમાં ગુજરાતીઓનું મૂડીરોકાણ ૧૬ લાખ પાઉન્ડ હતું. અનેક જાગીરો ગુજરાતી પેઢીઓને ગીરવે મૂકેલી હતી. તે ઉપરાંત વિવિધ પ્રકારની જામીનગીરી ઉપર, સ્થાનિક વણઝારા વેપારીઓ લોન તથા એડવાન્સ તરીકે ભારતીય નાણું લઈ જતા હતા અને તે હાથીદાંત તથા અન્ય વસ્તુઓ દ્વારા ચૂકવતા હતા.

ટીપુ ટીબ નામનો સ્વાહિલ વણઝારો વેપારી ઝાંઝિબારના બે આગેવાન ગુજરાતી વેપારીઓ લુધા દામજી તથા થારિયા ટોપણ (ખોજા) પાસેથી મોટી રકમોનું ધિરાણ લેતો. આંતરિક પ્રદેશોના વેપારની રીતનો અનુભવ હોવાથી ગુજરાતી વેપારીઓ યુરોપીય પ્રવાસીઓને તેમના સ્થાનિક શરાફ તરીકે, તેમના પ્રવાસને સજ્જ કરવામાં સહાય કરીને તથા વધારાનો પુરવઠો અને વસ્તુઓ મોકલવાનો કરાર કરીને મદદ કરતા. ઝાંઝિબાર તથા કિનારાના પ્રદેશોમાં ગુજરાતી વેપારીઓએ કેટલાક યુરોપીય પ્રવાસીઓને સગવડો પૂરી પાડી હતી.

ધિરાણ લેવું હોય, બિલનાં નાણાં રોકડાં લેવાં હોય કે આયાત કરેલ માલ વહેંચવામાં ગુજરાતી વેપારી આવશ્યક હતો. યુરોપીય, અમેરિકન, આરબ કે સ્વાહિલી વેપારી વેપાર કરીને નફો મેળવે, પરન્તુ ઉત્પાદક તથા ગ્રાહક વચ્ચેની મહત્ત્વની કડી સમાન ગુજરાતી વેપારી હતો. પૂર્વ આફ્રિકામાં વેપાર વધારનાર ગુજરાતી વેપારીઓ પરંપરાગત દરિયાખેડુ અને વેપારી જ્ઞાતિઓના કચ્છ, સૂરત, પોરબંદર, જામનગર તથા મુંબઈની આસપાસના હતા. તેઓ હિંદી કે વણિક તરીકે ઓળખાતા. પ્રાચીન સમયથી પૂર્વ આફ્રિકા સાથે વેપાર ખેડીને ગુજરાતના પશ્ચિમ કિનારાના તે વેપારીઓ અનુભવી થયા હતા.

ઝાંઝિબારમાં ગુજરાતી વેપારીઓના વડીલ સમાન હતી જયરામ શિવજીની પેઢી. તે હિંદુ ભાટિયા જ્ઞાતિનો હતો. ઈ.સ. ૧૮૩૫થી ૧૮૮૬ દરમ્યાન તે ઝાંઝિબારમાં જકાત ઉઘરાવતો હતો. પૂર્વ આફ્રિકાના કિનારાના સમગ્ર વેપારમાં તેનો ઘણો પ્રભાવ હતો. વાટ ભીમાની હરીફ પેઢી સામે સફળ થઈને તેણે ૧૮૩૫માં વાર્ષિક ૧,૧૦,૦૦૦ ડૉલર ચુકવવાની શરતે ઝાંઝિબારના કસ્ટમ્સ કલેક્ટરનો મહત્ત્વનો હોદ્દો મેળવ્યો. કિનારાના જુદાં જુદાં બંદરો પર તેના એજન્ટો તરીકે તેણે કચ્છના વેપારીઓને નીમ્યા હતા. તેમની મદદથી તેણે વેપારની વ્યવસ્થિત જાળ બિછાવી હતી. ઝાંઝિબારના આયાત-નિકાસના વેપારમાં પણ તેની પેઢી અગ્રણી ભાગ ભજવતી. ૧૮૩૭થી ૧૮૪૧ દરમિયાન આર.પી. વોટર્સ નામની આગેવાન અમેરિકન પેઢી તથા જયરામ શિવજીએ વેપારમાં ભાગીદારી કરી. તેનાથી આયાત-નિકાસના વેપારમાં તેમનું પ્રભુત્વ વધ્યું અને તેઓને ખૂબ લાભ થયો. ત્યાર બાદ ૧૮૪૪માં જયરામે હરાજીમાં સૌથી વધારે રકમ બોલીને કસ્ટમ હાઉસનો કબજો જાળવી રાખી તેની આર્થિક સ્થિતિ તથા સુલતાન સાથેના સંબંધોમાં નોંધપાત્ર સુધારો કર્યો. ૧૮૪૪માં કચ્છના રાવે, કચ્છમાં વસતા જયરામ શિવજીના અગાઉના ભાગીદારને પેઢીની કુલ અસ્કયામતોના અર્ધા ભાગ પેટે વીસ લાખ ડૉલર આપવા દબાણ કર્યું. પરન્તુ ઝાંઝિબારના સુલતાન સૈયદ સઈદે તેના મિત્ર જયરામને બચાવી લેવા મુંબઈના ગવર્નરને પત્ર લખીને વિનંતી કરી તથા જણાવ્યું કે, કચ્છનો રાવ તેની પાસેથી નાણાં પડાવી લેવા માગે છે. તે પછી જયરામ મુંબઈ સરકાર સાથે સારા સંબંધો જાળવતો. મુંબઈથી ઝાંઝિબારના સુલતાન માટે મોકલાતા માલ ઉપર જકાત લેવાતી નહીં. ઈ.સ. ૧૮૭૩માં જયરામે મુંબઈના ગવર્નરને એક હાથી ભેટ મોકલ્યો હતો.

ઝાંઝિબારના સુલતાનનો તથા બ્રિટિશ કોન્સલનો અતિવિશ્વાસુ મિત્ર જયરામ હતો. એવી રીતે ઝાંઝિબારનો તેનો એજન્ટ લુધા દામજી પણ તેમનો વિશ્વાસ ધરાવતો. ૧૮૭૧માં લુધા દામજી ૭૦ વર્ષથી મોટી ઉંમરનો હતો અને ઝાંઝિબારમાં ૪૦ વર્ષથી વધુ સમય રહ્યો હતો. સૈયદ સઈદ અને સૈયદ મજીદના અમલ દરમિયાન તે ઝાંઝિબારમાં હતો અને જયરામ શિવજીની પેઢીનો વડો હતો. તેની પેઢી રાજ્યનું મહેસૂલ ઉઘરાવતી હોવાથી તે સૌથી વધુ માન મેળવતો હતો.

દરેક વખતે કસ્ટમ કલેક્ટર તરીકેનો પાંચ વર્ષનો કૉન્ટ્રેક્ટ આપવામાં આવતો અને તે જયરામ શિવજીની પેઢીને મળતો. તેથી તેની આવક ક્રમશઃ વધી હતી. ૧૮૬૦માં તે પઢીની આવક ૧૯૬,૦૦૦ ડૉલર, ૧૮૭૦માં ૩,૦૦,૦૦૦ અને ૧૮૮૦માં તે આવક વધીને ૫,૦૦,૦૦૦ ડૉલરની થઈ હતી. વળી, સુલતાન સતત તેની પેઢીના દેવામાં રહેતો એટલે જયરામની પેઢીનો પ્રભાવ અદ્વિતીય હતો. સતત દેવાદાર સ્થિતિમાં હોવાથી સુલતાને તેની પ્રતિષ્ઠામાં સમાધાન કરવું પડતું. કસ્ટમ માસ્ટરનો એજન્ટ સૈયદના ખજાનચી અને શરાફ તરીકે વર્તતો. સૈયદને નાણાં મેળવવા માટે કસ્ટમ માસ્ટર પર જ આધાર રાખવો પડતો. ૧૮૭૦માં સૈયદ બર્ગશ ગાદીએ બેઠો. તેણે જયરામ શિવજીની પેઢીના ૫,૪૦,૦૦૦ ડૉલરના દેવાનો અસ્વીકાર કરીને, તેના હરીફો - વાટ ભીમા અને થારિયા ટોપણની પેઢીઓને ઈજારો આપવા પ્રયાસ કર્યો. આખરે એક ગોઠવણ મુજબ જયરામ શિવજીની પેઢીનું બે લાખ ડૉલરનું વગર વ્યાજનું દેવું સ્વીકારી સૈયદે રાજ્યનું મહેસૂલ ઉઘરાવવાનો તેનો ઈજારો ચાલુ રાખ્યો.

૧૮૭૫થી ૧૮૮૦ દરમિયાન જયરામ શિવજીની પેઢીએ ઝાંઝિબારની જકાત ઉઘરાવવાનો ઈજારો ગુમાવ્યો અને તે બીજા ગુજરાતી (કચ્છી) વેપારી થારિયા ટોપણને મળ્યો. પરન્તુ વાર્ષિક રકમ એક લાખ ડૉલરથી વધારી પાંચ લાખ ડૉલર કરીને જયરામ શિવજીની પેઢીએ ઈજારો પુનઃ પ્રાપ્ત કર્યો. ૧૮૬૬માં જયરામ શિવજીના અને ૧૮૭૧માં લુધા દામજી જેવા સમર્થ ગુજરાતી વેપારીઓના અવસાન બાદ તે પેઢીનું સંચાલન ઈબજી શિવજી તથા દામોદર જયરામ કરતા હતા. ૧૮૩૫થી તે પઢીની આર્થિક પ્રગતિ શરૂ થઈ હતી તે ચાલુ રહી. ૧૮૮૬માં સુલતાને કસ્ટમ ઉઘરાવવા માટે ખાનગી ટેન્ડરો સ્વીકારવાની અને ઈજારો આપવાની પદ્ધતિ બંધ કરી. તેણે તે કાર્ય તાલીમ વગરના તથા

બેજવાબદાર માણસોને સોંપ્યું. તેમાં બે આગેવાન વેપારી પીરા દેવજી અને નાસર લિલાણીનો ઉત્કર્ષ થયો.

ઝાંઝિબારમાં લાંબા સમય પર્યંત જયરામ શિવજીની પેઢીએ ભોગવેલ મહત્ત્વના સ્થાનનો પ્રભાવ આ વરસો દરમિયાન તેના વિશાળ વેપાર ઉપર પણ પડ્યો હતો. તેનો વેપાર કચ્છ માંડવી અને મુંબઈથી ઝાંઝિબાર અને પૂર્વ આફ્રિકાના કાંઠે વિકસ્યો હતો. પૂર્વ આફ્રિકામાં તે પેઢીએ ધિરાણ અને મોર્ટગેજમાં ૪,૩૪,૦૦૦ પાઉન્ડનું રોકાણ કર્યું હતું. તેમાં ઝાંઝિબારના સુલતાન અને તેના કુટુંબને ૬૦,૦૦૦ પાઉન્ડ, તથા અમેરિકનો, યુરોપિયનો, આરબો તથા આફ્રિકામાં ભારતીયોને ત્રણ લાખ પાઉન્ડથી વધારેનું ધિરાણ કર્યું હતું. સર બાર્ટલ ફ્રીઅર જણાવે છે કે, ઉપર્યુક્ત અસ્ક્યામતો આફ્રિકાની પેઢીની હતી. માંડવી (કચ્છ) અને મુંબઈની તેની મુખ્ય પેઢીઓની મૂડી તથા જથ્થો અલગ હતો; જે આફ્રિકાનાં તેનાં રોકાણો કરતાં ઘણો વધારે હતો. તેથી આફ્રિકાના વેપાર તથા શરાફીમાં આ પેઢીએ રોકેલ મૂડી ઘણી મોટી હતી. આ પેઢીનો એજન્ટ લુધા દામજી પણ યુરોપીય પેઢીઓને નાણાં ધીરતો હતો અને એક કિસ્સામાં તેણે એક લાખ ડૉલરનું રોકાણ કર્યું હતું.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ઝાંઝિબારમાં બીજો મહત્ત્વનો ગુજરાતી વેપારી થારિયા ટોપણ હતો. હેન્રી સ્ટેનલીએ તેનો તે શહેરનો સૌથી વધારે શ્રીમંત વેપારી તથા કેમેરોને તેને સૌથી વધુ પ્રભાવશાળી ભારતીય વેપારી ગણાવ્યો છે. થારિયા ટોપણ ઈસ્માઈલિયા ખોજા જ્ઞાતિનો સભ્ય તથા જયરામ શિવજીની પેઢીની સ્પર્ધા કરી શકે એવો વેપારી હતો. ઈ.સ. ૧૮૭૫માં ડૉલર ૩,૫૦,૦૦૦ના ભાડાથી તેણે પાંચ વર્ષ માટે ઝાંઝિબારમાં જકાત ઉઘરાવવાનો ઈજારો મેળવ્યો. પરન્તુ ૧૮૮૦માં જયરામ શિવજીની પેઢીએ તે ઈજારો પુનઃ પ્રાપ્ત કરી લીધો. ૧૯મા સૈકના છેલ્લા ત્રણ દાયકામાં જયરામ શિયજી તથા ટોપણ બન્ને ઝાંઝિબારના પ્રસિદ્ધ વેપારીઓ હતા અને સુલતાન પર નોંધપાત્ર પ્રભાવ ધરાવતા હતા. આફ્રિકાના આંતરિક પ્રદેશોમાં બધા ભારતીય વેપારીઓ તેમની પાસેથી ઉધાર માલ કે નાણાં મેળવતા. યુરોપીય પ્રદેશ-શોધકોને પણ આ બે ગુજરાતી વેપારીઓ ઘણી રીતે ઉપયોગી થતા.


જયરામ શિવજીનો એજન્ટ લુધા દામજી બર્ટન અને સ્પિક જેવા વિદેશી પ્રવાસીઓના સ્થાનિક શરાફ તરીકે વર્તતો તથા ઉપયોગી વસ્તુઓ પૂરી પાડતો. લિવિંગ્સ્ટનની સફર માટે સાધનસામગ્રી લુધા દામજીએ પૂરી પાડવા ઉપરાંત આંતરિક પ્રદેશોમાં વધારાનો પુરવઠો મોકલવાનો કૉન્ટ્રેક્ટ પણ રાખ્યો હતો. આ રીતે બીજા ઘણા પ્રદેશ-શોધકો માટે થારિયા ટોપણે વ્યવસ્થા કરી આપી હતી. અઢારસો સિત્તેર અને એંસીના દાયકાઓમાં ઝાંઝિબારની સર્વ બાબતોમાં મહત્ત્વનો ભાગ ભજવનાર થારિયા ટોપણ, તે વિસ્તારના ભારતીયોમાં બહુમતી ધરાવનાર ખોજાઓનો આગેવાન હતો; અને તેની સફળતાથી પૂર્વ આફ્રિકામાં ખોજા ઈસ્માઈલિયાનાં સાહસોને પ્રોત્સાહન મળ્યું. ઈ.સ. ૧૮૮૧માં ઝાંઝિબારમાં એક શાળા સ્થાપવાના પ્રયાસોમાં તેણે રૂપિયા બે લાખ તથા ૧૮૮૭માં પ્રથમ જનરલ હૉસ્પિટલ સ્થાપવા તેણે મોટી રકમ સહિત મકાનો પણ દાનમાં આપ્યાં.. ઝાંઝિબારમાંથી ગુલામીની પ્રથા નાબૂદ કરવાના બ્રિટિશરોના પ્રયાસોને તેણે કરેલ સહાય તથા તેની સેવાઓની કદર કરીને, જુલાઈ ૧૮૯૦માં થારિયાને 'સર' (knighthood)ના ઈલકાબથી નવાજવામાં આવ્યો. સર્વ ગુજરાતીઓ માટે તે ગૌરવપ્રદ ઘટના હતી. સમય જતાં, થારિયા ટોપણના અવસાન બાદ, પૂર્વ આફ્રિકામાં તેણે પેદા કરેલી મિલકતો, તેના વંશજો દ્વારા વેડફી નાખવામાં આવી. જયરામ શિવજીની પેઢીની મિલકતો પણ એ રીતે ખર્ચાઈ ગઈ.

અનેક ગુજરાતી વેપારીઓમાં, કુટુંબે વિકસાવેલા વ્યવસાયોમાં, આ રીતનાં સંકટો સામાન્ય રીતે આવતાં હોય છે. પરંતુ ઝાંઝિબાર તથા પૂર્વ આફ્રિકામાં ૧૦મા સૈકાની આ બે પ્રસિદ્ધ ગુજરાતી પેઢીઓની અપૂર્વ સફળતા તથા તેના અસીમ પ્રભાવની યશગાથા સ્થાનિક ભારતીય પરંપરામાં સચવાઈ રહી છે. તે યશગાથાએ પૂર્વ આફ્રિકામાં અનેક ભારતીય વેપારીઓને સાહસો ખેડીને આગળ વધવા માટે, પેરણાનાં પીયૂષ પાયાં છે.

ઝાંઝિબારમાં ગુજરાતી વેપારીઓ દ્વારા બેસુમાર ધનપ્રાપ્તિ અને તે પ્રદેશમાં તેમની વિવિધ આર્થિક પ્રવૃત્તિઓના વિકાસને લીધે ભારતીયોની વધુ ચકાસણી થવા માંડી. મુખ્ય શરાફો, ધીરધાર કરનાર, ઉધાર આપનાર, તથા છૂટક અને જથ્થાબંધ વેપારીઓની વસતીમાં સૌથી મહત્ત્વના જૂથ તરીકે, લોકોના બીજા વર્ગો, વિભાગો દ્વારા તેમની વિરુદ્ધ ટીકાઓ થવા માંડી. ત્યાંના સૈયદ બર્ગશનું ભારતીયો પ્રત્યે શરૂઆતમાં વિરોધી વલણ હતું. ૧૮૭૦માં ઝાંઝિબારની બહાર વેપાર કરવાની તથા મિલકત ધરાવવાની તેણે ભારતીયોને મનાઈ ફરમાવી હતી. તેમ છતાં ઈબજી શિવજી, દામોદર જયરામ અને પીરાજી દેવજી જેવા નામાંકિત ગુજરાતી વેપારીઓ સાથે તે ઘનિષ્ઠ સંબંધો રાખતો અને તેઓનાં સલાહસૂચનો લેતો હતો.

તે સમયના વિદેશીઓ ભારતીય વેપારીઓ માટે વિવિધ અભિપ્રાયો ધરાવતા હતા. ફ્રેડરિક ઈલ્ટનના મતાનુસાર ભારતીય વેપારીઓ કપટી, હોશિયાર, અતિ નમ્ર તથા પૈસા ભેગા કરનાર હતા. સર રિચર્ડ બર્ટને ભારતીય વેપારીઓને સ્થાનિક યહૂદીઓ ગણાવી તેમાંના કેટલાકને ખોટાં તોલમાપ વાપરનાર તથા ચોરીનો માલ ખરીદનારા ગણાવ્યા છે. સર બાર્ટલ ફ્રીઅરના જણાવવા મુજબ છેલ્લાં પચાસ વર્ષથી પૂર્વ આફ્રિકાના વેપાર પર ભારતીય વેપારીઓનો એક વર્ગ (ગુજરાતીઓ) ઈજારો ભોગવે છે. □

ગ્રહણ



૨૩ નવેમ્બર ૧૯૮૪ના રોજ ન્યૂ ગિયાનાના પપુઆમાં દેખાયેલા ખગ્રાસ સૂર્યગ્રહણના આરંભે વિજ્ઞાનીઓ દ્વારા અવલોકાયેલી હીરાજડિત વીંટી જેવી ગ્રહણાકૃતિનું એક દશ્ય.

લેખકો

ડૉ. સુધીર પંડ્યા • પ્રહ્લાદ છ. પટેલ

(આ વર્ષે આસો માસમાં ખગ્રાસ સૂર્યગ્રહણ થનાર છે તે સંદર્ભે પ્રકટ કરવા ધારેલી લેખત્રયીમાંનો પહેલો લેખ – તંત્રી)

ધોમધખતા તાપ-તડકામાં જ્યારે શરીર શકરિયાની માફક શેકાતું હોય, ખરા બપોરે સૂર્ય સામે આંખ પણ માંડી શકાતી ન હોય ત્યારે સૂર્ય પણ શરમાઈને પોતાની કાયાને ઢાંકી દેતો હોય અને એના સોનેરી લિંબ(અંગ)ની કોર કાળી પડવા માંડે, ધીમેધીમે વધુ ને વધુ ભાગ કાળો પડતો જાય અને અંતે આકાશમાં એક ગોળ કાળું ધાબું જ રહી જતું હોય તો તેના કરતાં વધુ અદ્ભુત અને રોમાંચક બીજી કઈ ઘટના હોઈ શકે ? આવી ઘટનાનું નિરૂપણ ઇતિહાસ અને સાહિત્યમાં ઠેર ઠેર જોવા મળે છે. કવિઓએ કલ્પનાના ઘોડા ઉપર સવાર થઈને, ઇતિહાસકારોએ ખૂણે-ખાંચરેથી એકઠી કરેલી હકીકતોને આધારે અને વિજ્ઞાનીઓએ અવલોકિત અને પ્રાયોગિક અન્વેષણને આધારે આવી ઘટનાનું અર્થઘટન અને મૂલ્યાંકન કર્યું છે. આ ઘટના તે ગ્રહણ. પ્રાચીનકાળમાં લોકો ગ્રહણને અપશુકનિયાળ અને આફત લાવનારી ઘટના ગણતા હતા, કારણકે તે સમયે એને સમજવા માટે વૈજ્ઞાનિક ભૂમિકા તથા દૃષ્ટિકોણનો અભાવ અને ધર્માંધતાનો પ્રભાવ હતો. આથી જ, ખગોલીય લખાણો ઉપરાંત ઇતિહાસ અને સાહિત્યમાં તેનું વર્ણન આશ્ચર્યજનક નથી.

ઇતિહાસ અને સાહિત્યમાં ગ્રહણના ઉલ્લેખો

ચીનના 'શિહ ચીંગ' (એક પ્રશિષ્ટ કાવ્ય)માં ચંદ્રગ્રહણ પ્રત્યે કરાયેલા આક્રંદ(શોક)નો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. ગ્રહણથી ચંદ્ર એકાએક અદૃશ્ય થતાં, ચંદ્રનું અવસાન થયું છે એમ સમજી લોકોએ મોતનો માતમ મનાવ્યો હોય, એવું બની શકે. ઈ.સ. પૂર્વે ૭૭૪ના ચંદ્રગ્રહણની ઘટના સાથે આ કાવ્યકાળનો અનુબંધ સમજાય તેવો છે. આ પહેલા ઈ.સ. પૂર્વે ૧૩૬૧માં થયેલા ચંદ્રગ્રહણની પણ નોંધ મળે છે. ઈ.સ. પૂર્વે ૧૩૭૫માં 'ચીન-ચીયુ' (વસંત અને પાનખર)માં ખગ્રાસ સૂર્યગ્રહણની નોંધ જોવા મળી છે. આ સાથે ઈ.પૂ. ૧૨૧૭ની સાલના સૂર્યગ્રહણની નોંધ પૌરાણિક અસ્થિ ઉપર અંતર્લિખિત મળે છે.

એસિરિયન સ્રોતને આધારે ઈ.સ. પૂ. ૭૬૩ના જૂનની ૧૫મી તારીખે થયેલા સૂર્યગ્રહણનો ઉલ્લેખ મળી આવ્યો છે. આ જ સૂર્યગ્રહણનો પરોક્ષ રીતે ઉલ્લેખ કરતાં બાઈબલમાં નીચે પ્રમાણે કહેવામાં આવ્યું છે :

"ભગવાન કહે છે કે, 'તે દિવસે હું મધ્યાહ્નને સૂર્યનો અસ્ત કરી દઈશ અને સૂર્યના પ્રકાશથી જળહળતી પૃથ્વી ઉપર અંધારપટ ફેલાવી દઈશ."

ઈ.પૂ. ૫૮૫માં થયેલું પૌરાણિક ગ્રહણ ખૂબ જ જાણીતું છે. હેરોડોટસે તેના ઇતિહાસમાં ઉલ્લેખ કર્યો છે કે, લિડિયન્સ અને મિડિઝ વચ્ચે ચાલતા યુદ્ધના છઠ્ઠા દિવસે એકાએક એવું બન્યું કે દિવસ રાત્રિમાં ફેરવાઈ ગયો. આ ગ્રહણના સમય અને સ્થળની વાત તો ઠીક પણ થેલ્સને તે સમયે ખગોળનું પર્યાપ્ત જ્ઞાન હતું કે નહીં તે બાબત વિશેષ વિવાદાસ્પદ રહી છે. બેબિલોનિયનો ચાંદ્રચક્રકાળ (saros)નો ઉપયોગ કરી ચંદ્રગ્રહણની આગાહી કરી શકતા હતા, પણ સૂર્યગ્રહણ માટે કશું જ કહી શકતા ન હતા. આ ચાંદ્રચક્રકાળનો ઉપયોગ કરીને, ૧૮ મે ૬૦૮ (ઈ.પૂ.)ના ગ્રહણને આધારે, થેલ્સે બહિર્વેશન (extrapolation) પદ્ધતિનો ઉપયોગ કરીને ગ્રહણની આગાહી કરી હતી.

ગ્રીસમાં હોમરના મહાકાવ્ય 'ઑડિસિ'માં આગાહી દ્વારા જણાવ્યું છે કે, 'ચંદ્ર જેવો ક્ષીણ થઈને નવો ચંદ્ર દેખાશે ત્યારે ઓડિસ્યૂસ પાછો ફરશે.'

ચંદ્રનું ક્ષીણ થવું એટલે ગ્રહણની ધીમી પ્રક્રિયા અને ચંદ્ર ફરીથી દેખાવો એટલે ગ્રહણની સમાપ્તિ. ઑડિસ્યૂસની પત્નીના આશકની હત્યાના દૃષ્ટા થિઓક્લિમેનસે મનનીય નોંધ કરી છે કે, 'સ્વર્ગમાંથી સૂર્યનો નાશ થયો છે અને સર્વત્ર અનિષ્ટ ફેલાશે.'

પ્લૂટાર્ક અને ઑસ્ટાથિઅસ. આનો અર્થ પૂર્ણ(ખગ્રાસ) સૂર્યગ્રહણ કહે છે.

આર્કિલોક્સના કાવ્યનો અંશ પણ ખૂબ જ રસપ્રદ છે :

'...ઑલિમ્પિઅનનો પિતા ઝ્યૂસ (zeus) ઝળહળતા સૂર્યના પ્રકાશને સંતાડી દઈ ખરા બપોરને રાત્રીમાં ફેરવી નાખશે ત્યારે માણસ ઉપર ભયનું સામ્રાજ્ય ફેલાશે.' ૬ એપ્રિલ ઈ.પૂ. ૬૪૮ના રોજ થયેલા ખગ્રાસ ગ્રહણની ઘટના આ અંશ સાથે સુસંગત છે. આ ઉક્તિમાં અભિપ્રેત થતા 'ભય'ને કારણે લોકો ગ્રહણને શંકા, ભય અને અપશુકનની દૃષ્ટિએ જુએ તેમાં નવાઈ નથી.

ઈ.સ. પૂ. ૩૦ એપ્રિલ, ૪૬૩ના રોજ થયેલી સૂર્યગ્રહણની ઘટનાને ઉદ્દેશીને થિબાન્સને રચેલા પ્રશિષ્ટ કાવ્યના એક અંશમાં નીચે પ્રમાણે ચિત્રણ કરેલું છે :

'ઓ કિરણપુંજ ! તું દૂર દૂર સુધી જોઈ (તેમજ જઈ) શકે છે. તું કેવી કેવી યુક્તિ કરી શકે છે ? મારા ચક્ષુઓની તું મા છે ! ઓ સર્વોપરી તારલા, ધોળે દિવસે તું અમારાથી વંચિત થઈ ગયો છે ? અંધારપટ ફેલાવીને તું શા માટે માણસની શક્તિ અને ડહાપણને વ્યાકુળ કરે છે.''

અંધારપટ ભલે ગ્રહણ કે યુદ્ધ કે વિદ્યુત નિષ્ફળતાને લીધે હોય પણ તે લોકોમાં તર્ક-વિતર્ક અને વિહ્‌વળતા જરૂરથી પેદા કરે છે. આવી સામૂહિક વ્યાકુળતાનો કેટલાક લોકો, મનફાવે તેમ અર્થ કરી લાભ પણ ઉઠાવતા હોય છે.

૨૦ માર્ચ, ઈ.સ. ૭૧ના રોજ થયેલ સૂર્યગ્રહણની ઘટના નીચેના વર્ણનમાંથી અભિપ્રેત થાય છે :

'... બપોર પછી તરત જ, આકાશના બધા જ વિસ્તારોમાં અમને તારાઓ દેખાયા. (ધોળે દિવસે તારા દેખાયા!!!) તાપમાનમાં ઠંડક થતાં ચાંદની રાત્રે પ્રવર્તતી શીતળતાનો અહેસાસ થયો.'

રોમમાં, કવિ ક્વિન્ટસ એનિયસના કાવ્યમાંથી એક અંશ ઉઠાવી ખગોળવિદોનું ધ્યાન ખેંચે તેવી વાત સિસેરોએ આ પ્રમાણે કરી છે 'જૂનની ભરબપોરે સૂર્ય ચંદ્રથી ઢંકાઈ ગયો અને થઈ ગઈ રાત્રિ.'

કાવ્યકાળને ધ્યાનમાં લેતાં આ અંશને ૨૧ જૂન ઈ.પૂ. ૪૦૦ના રોજ થયેલા સૂર્યગ્રહણ સાથે સાંકળવામાં આવેલ છે.

ગ્રહણના આવા ઉલ્લેખો ભારતમાં પણ થોકબંધ મળી આવે છે. પણ ધ્યાનાકર્ષક વાત તો ઈ.સ.ની ચોથી સદીમાં કવિ કાલિદાસે 'રઘુવંશ'ના સર્ગ-૪માં કરી છે. તેમાં ચંદ્રગ્રહણનો આ રીતે ઉલ્લેખ કર્યો છે :

'छाया हि भूमेः शशिनो मलत्वे—
नारोपिता शुद्धिमतः प्रजाभिः॥'

અર્થાત્ ચંદ્ર તો શુદ્ધ જ છે, પણ તેના ઉપર પડતી પૃથ્વીની છાયાને લોકોએ ચંદ્રના કલંક તરીકે ગણી કાઢી છે. ચંદ્ર ઉપર પડતી પૃથ્વીની છાયા એટલે જ ચંદ્રગ્રહણ. કાલિદાસ ભલે કવિ હોય પણ ચંદ્રગ્રહણનું આ વર્ણન વ્યાખ્યાની જેમ વિજ્ઞાનીઓના હાથમાં મૂકીને કમાલ કરી છે !

સૂર્યગ્રહણવેળાએ શું થાય છે ?

સૂર્યગ્રહણ થાય છે ત્યારે સૂર્યની પશ્ચિમ તરફની કોર ક્રમશઃ કાળી પડવા લાગે છે. જેમ જેમ સમય પસાર થતો જાય છે તેમ તેમ સરસ સંપૂર્ણ ગોળ ભાખરીમાંથી બટકું ભરી લેતાં તે ખંડિત થાય તેમ સૂર્યમાં ખાંચો પડવા લાગે છે. એટલે જ તો રાહુ કે કેતુ જેવા દૈત્યો સૂર્યને ખાવા ધસી આવે છે એમ લોકો માનતા થયા. કેટલાંક દશ્યો જ એવાં હોય છે જે ચિત્તને ચગડોળે ચઢાવે છે. જેમ સૂર્યનો ભાગ વધુ ને વધુ ઢંકાતો જાય છે તેમ પૃથ્વી ઉપર સૂર્યનો પ્રકાશ ઝંખવાતો જાય છે અને આકાશમાં સંધ્યાનું સ્વરૂપ રચાવા લાગે છે. સાંજ પડવા આવી છે અને રાત થશે એવો ભાસ ઊભો થતાં પક્ષીઓ માળા તરફ ઊડવા માંડે છે અને પ્રાણીઓ પોતાના નિવાસ ભણી દોટ મૂકે છે. સમગ્ર પ્રાણીજગત અને વનસ્પતિ પણ રાત્રિ-ચર્યાનો આરંભ કરે છે. ખગ્રાસ(પૂર્ણ) ગ્રહણમાં તો સૂર્ય આખેઆખો ઢંકાઈ જાય છે. આકાશમાં તારાઓ દેખાવા માંડે છે. ધોળે દિવસે પૃથ્વી ઉપર અંધકારના ઓળા ઊતરી આવે છે. 'જાગીને જોઉં તો દિવસ દીસે નહીં.' ક્યાંથી દેખાય ? સૂર્ય સંપૂર્ણપણે અદશ્ય થયો છે. એમાં કાંઈ ડરવા જેવું નથી. કારણ કે આ બધું નાટક તો બે-પાંચ મિનિટ ચાલે છે. સૂર્યને ઢાંકતો ચંદ્રનો પડછાયો પૂર્વ તરફ ખસતો જાય છે તેમ પહેલાં સૂર્યની પશ્ચિમ તરફની કોર ઝળહળવા લાગે છે અને ધીમે ધીમે સૂર્યનું આખુંય લિંબ ફરી એકવાર પ્રચંડ તેજથી પૃથ્વીને અજવાળી દે છે.

પ્રાચીનકાળથી માનવજાતે જ્યારે જ્યારે સૂર્ય કે ચંદ્રગ્રહણ જોયું છે ત્યારે ત્યારે વિસ્મય, ભય અને ચિંતાની લાગણીનાં ઘોડાપૂરથી જીવ-સમાજ આકુળ-વ્યાકુળ બની જતો આવ્યો છે. કારણ કે એકાએક દેખા દેતી ગ્રહણની ઘટનાથી દિવસ રાત્રિમાં અને ચાંદની રાત અંધકારમાં ફેરવાય ત્યારે સ્થાપિત ક્રમો ઘડીભર બદલાઈ જાય છે અને માનવમન થોડાક સમય માટે અસ્વસ્થ બને તે સ્વાભાવિક છે. ચીન, ગ્રીસ, રોમ, હિંદુસ્તાન જેવા થોડાક દેશોના ઐતિહાસિક અને સાહિત્યિક લખાણોમાં આ બધાની પ્રતીતિ થાય છે. ગ્રહણ પૂરું થતાં, બધું જ પૂર્વવત થતાં, માનવચિત્ત સ્વસ્થ બને છે. આકાશમાં આપણી રોજબરોજની પરિચિત જ્યોતિઓ - સૂર્ય કે ચંદ્ર - કોઈ કારણ વગર અલોપ થઈ જાય અને ખરા બપોરે તારા દેખાવા લાગે ત્યારે કોઈ દૈવી ઘટના બની રહી છે એવું માનવામાં આવે તેમાં કંઈ નવાઈ નથી.

સત્તરથી ઓગણીસમી સદી સુધી ગ્રહણનો અભ્યાસ

ખાસ કરીને સૂર્યગ્રહણનો વૈજ્ઞાનિક દષ્ટિએ અભ્યાસ તો સત્તરમી સદીથી શરૂ થયો, પણ તે સમયે સંપન્ન સાધન-સુવિધાઓ ન હતી. તેથી અવલોકનમાં ચોકસાઈનો અભાવ રહેતાં સુદઢ તારણો ઉપર આવી શકાતું ન હતું. ગ્રહણનો પદ્ધતિસર, વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક અભ્યાસ તો ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં જ શરૂ થયો. છેલ્લાં પચાસ-સાઠ વર્ષમાં ગ્રહણનો એટલો બધો અભ્યાસ થયો છે કે, ગ્રહણ ક્યારે થશે, ક્યાં કેટલા સમય માટે દેખાશે, ખંડ કે ખગ્રાસ હશે, અને તેના મહત્ત્વ વગેરે બાબતે ઘણું સાહિત્ય ઉપલબ્ધ થાય છે.

ઈ.સ. ૮૪૦થી ૧૩૧૦ વચ્ચે ડઝનેક ખગોળ અવલોકનકારોનાં પરિણામો ન્યૂટને સુગ્રથિત કર્યાં છે. પશ્ચિમના ખગોળવિદોમાં કેટલર પ્રથમ હતો, જેણે ઈ.સ. ૧૬૦૫ના સૂર્યગ્રહણને આધારે સૌર-કિરીટાવરણ (Solar Corona) ઉપર

ટિપ્પણી કરી હતી. એક સદી બાદ, પૅરિસ વેધશાળાના નિર્દેશક ગોવાની કેસીમીએ, ૧૭૦૬ના સૂર્યગ્રહણના અવલોકન બાદ સૂર્યની ફરતે ફિક્કા પીળા પ્રકાશના 'મુગટ'નું વર્ણન કર્યું હતું.

નવ વર્ષ બાદ, ૨૨ એપ્રિલ ૧૭૧૫ના રોજ લંડનની રૉયલ સોસાયટીના મકાનના છાપરા ઉપરથી એડમંડ હેલીએ સૂર્યગ્રહણનું અવલોકન કર્યું. તેણે કિરીટના આકાર અને દેખાયેલ સૌરજ્વાલા (prominences)ઓનું વર્ણન કર્યું. તેણે નોંધ્યું છે કે સૂર્યના લિંબની પૂર્વ અને પશ્ચિમ બાજુએ દેખાતી સૌર-જ્વાલાઓ જુદી જુદી છે, જેની સમજૂતિ તેણે આ પ્રમાણે આપી. ચંદ્રની પૂર્વ તરફની લિંબ પખવાડિયાથી સૂર્ય તરફ હતી માટે ગરમ થયેલ ચંદ્રનું વાતાવરણ (?) સૂર્યનાં કિરણોનું વધુ શોષણ કરે છે જ્યારે ચંદ્રની પશ્ચિમ તરફની લિંબ પખવાડિયા માટે અંધકારમાં હોવાથી તે બાજુ વાતાવરણ ઠંડું હોવાથી સૂર્યનાં કિરણોનું શોષણ થતું નથી. જોકે તેને ચંદ્રના વાતાવરણનો ખ્યાલ રહ્યો નહીં. સૂર્યગ્રહણ દરમ્યાન બનતી સૌરા-જ્વાલાની ઘટનાનું મૂળ સૂર્ય છે કે પૃથ્વી તે નક્કી કરતાં ૧૮૦થી પણ વધુ વર્ષ લાગ્યાં.

ઓગણીસમી સદીમાં ગ્રહણનાં અવલોકનો અને અભ્યાસ

વર્તમાન ભૌતિક અને ખગોળવિજ્ઞાનની વિકાસની ખરી કહાણી ઈ.સ. ૧૮૦૦થી શરૂ થાય છે. આ સમયે સર વિલિયમ હર્શલ અઢારમી સદીનો ટોચનો ખગોળવિદ હતો. તેણે પૂરી ગંભીરતા સાથે પ્રતિપાદિત કર્યું હતું કે સૂર્ય ઠંડો અને પ્રકાશિત વાદળોથી ઘેરાયેલો ઘન પદાર્થ છે. કદ અને અંતર સિવાય સૂર્ય તથા અન્ય ગ્રહોમાં કોઈ ફર્ક નથી. ઊર્જા સંરક્ષણના નિયમની સ્થાપના અને પદાર્થો તાપમાનના સંદર્ભમાં વિકિરણ-ઊર્જાનું ઉત્સર્જન કરે છે તેવી સમજ પ્રાપ્ત થઈ તે પહેલાંની આ બધી વાતો છે. ૧૮૪૨ પછી શ્રેણીબદ્ધ ગ્રહણોના અભ્યાસ બાદ હર્શેલના ખ્યાલોનો છેદ સમૂળગો ઊડી ગયો.

ખગ્રાસ સૂર્યગ્રહણ દરમ્યાન બે અદ્ભુત ઘટનાઓ જોવા મળે છે, જેને માટે કહી શકાય કે જેણે આ અવલોકનોનો રોમાંચ અનુભવ્યો નથી તેણે જિંદગીમાં કંઈક અમૂલ્ય ગુમાવ્યું છે. જ્યારે સૂર્યનું લિંબ ચંદ્રથી પૂરેપૂરું ઢંકાઈ જાય છે. તે છેલ્લી પળે મુગટમાંથી પ્રકાશ ઝબકારા મારતો હોય તેવું દૃશ્ય પેદા થાય છે. ચંદ્રની સપાટી સંપૂર્ણપણે સુંવાળી અને સમતલ નથી. તેના ઉપર ખાડા (ખીણો) અને ટેકરાઓ છે. આથી ચંદ્રના બિંબની કોર સંપૂર્ણ ગોળાકાર મળતી નથી. આને લીધે સૂર્યનાં તેજસ્વી કિરણો ચંદ્રની ખરબચડી તિરાડો વચ્ચેથી નાનકડા પ્રકાશિત મણિની જેમ ઝળહળી ઊઠે છે. વાસ્તવમાં તો ચંદ્રના પર્વતો વચ્ચેથી સૂર્યનું લિંબ ઝગારા મારતું દેખાય છે. આ ઘટનાને સૌપ્રથમ અંગ્રેજ ખગોળશાસ્ત્રી ફ્રાન્સિસ બેઈલીએ, ૧૮૩૬ના ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે નોંધી હતી. આથી આ ઘટનાને બેઈલીના મણકા (beads) કહે છે. ખગ્રાસકાળ શરૂ થાય ત્યારની છેલ્લી પળે અને ખગ્રાસકાળ પૂરો થાય તે પળે, એમ બે વાર બેઈલીના મણકાનાં દર્શન થઈ શકે છે.

ચંદ્રની ધાર આગળની ખીણમાંથી તેજ ઝબૂકી ઊઠે છે. તેમાંથી પ્રકાશનાં ટપકાં રચાય છે, જેને બેઈલી મણકા કહે છે. આ ટપકાં પાર્શ્વભૂમિકાની સાપેક્ષતામાં જોવાથી ખૂબ જ તેજસ્વી હોય છે. બેઈલીનો છેલ્લો મણકો એટલો બધો ઝબૂકી ઊઠે છે કે વીંટી ઉપર ઝબકારા મારતા હીરા જેવો તે દેખાય છે. ગ્રહણની આ ઘટનાને હીરાજડિત વીંટી (diamond ring) કહે છે. હીરાજડિત વીંટીની ઘટના દરમ્યાન ચંદ્રના લિંબની આજુબાજુ સૌરવર્ણમંડલ (chromosphere) દૃશ્યમાન થાય છે. આ સૌરવર્ણમંડલ આછા ગુલાબી રંગનું હોય છે. તેનું ઘણુંખરું વિકિરણ હાઈડ્રોજનની





ડાબેથી • વિલિયમ હર્શલ (૧૭૩૮-૧૮૨૨), એડમન્ડ હેલી (૧૬૫૬-૧૭૪૨) અને આઈઝેક ન્યૂટન (૧૬૪૨-૧૭૨૭)

ઉત્સર્જન રેખાઓના સ્વરૂપનું હોય છે, મહદંશે તો હાઈડ્રોજનની લાલ આલ્ફા રેખાઓ હોય છે. તેના ઉત્સર્જનથી વર્ણપટ થોડીક ક્ષણો માટે ચમકી ઊઠે છે. તેથી તેને ચમકતું-વર્ણપટ (flash spectrum) કહે છે. જેમ ચંદ્રનું આગળ ધપતું લિંબ વર્ણમંડલને ઢાંકે છે તેમ કિરીટાવરણ સંપૂર્ણપણે દશ્યમાન થાય છે. કિરીટાવરણનો આકાર સૌર ચુંબકીય ક્ષેત્ર વડે નક્કી થાય છે.

સૂર્યનું લિંબ ખગ્રાસકાળ દરમ્યાન સંપૂર્ણપણે ઢંકાઈ જાય ત્યારે એ ગોળ કાળા લિંબની ચોમેર એક તેજસ્વી આવરણ દેખાય છે, જેને સૂર્યનું કિરીટાવરણ કહે છે. સૂર્યનું ઉપલું વાતાવરણ અત્યંત ગરમ (લગભગ ૧૦ લાખ અંશ તાપમાન) હોય છે જે સામાન્યતઃ જોઈ શકાતું નથી. તે ખગ્રાસકાળ દરમ્યાન જ દર્શન આપે છે. તે છતાં, કિરીટ-દર્શન કૃષ્ણદર્શન જેટલું તો દુર્લભ નથી. ૧૬૦૫ના ખગ્રાસગ્રહણ દરમ્યાન કેપ્લરે તેની વિગતવાર નોંધ લીધી હતી. ખગ્રાસ સૂર્યગ્રહણના સમયે સૂર્યની આસપાસ જાણે કે તેજસ્વી મુગટ ઝળહળતો હોય તેવું લાગે છે. ક્યારેક કિરીટાવરણ સૂર્યની ચારે બાજુએ ફેલાયેલું લાગે છે તો ક્યારેક એ સૂર્યના મધ્યભાગમાંથી જ પ્રગટ થતું અને વિસ્તરતું લાગે છે. બેઈલીના મણકા, હીરા-વલય અને કિરીટાવરણ જેણે સગી આંખે જોયાં છે તે જીવનભર, આ સુંદર દશ્યની પ્રશંસા કરતા થાકતા નથી. જોનારાઓને થયેલી અનુભૂતિનું વર્ણન કરવા માટે અભિવ્યક્તિની ઊણપ હોય તેવું લાગતું હશે !

આ પહેલાં સૌપ્રથમ ન્યૂટને, ૧૬૪૪માં, સૂર્યના શ્વેત પ્રકાશના સપ્તરંગી વર્ણપટનો ઘટસ્ફોટ કર્યો હતો. પૂરા એકસો પચાસ વર્ષ બાદ, જોસેફ ફ્રોનહોફરે, સૂર્યપ્રકાશનું યોગ્ય પ્રયુક્તિ વડે અવલોકન કર્યું ત્યારે તેને ૧૦૦થી વધુ કાળી (dark) રેખાઓ જોવા મળી. બ્રૂસ્ટર અને ફૂકોએ સૂર્યના વર્ણપટનો અભ્યાસ આગળ ધપાવ્યો. કિરચોફ અને બન્સેને, ૧૮૬૦માં, સૌરવર્ણપટનો નકશો તૈયાર કરીને પાર્થિવ તત્ત્વો વડે મળતી કાળી રેખાઓની ભાત સાથે સરખાવ્યો. આ રીતે પૃથ્વી ઉપરનાં વીસેક તત્ત્વો સૂર્ય ઉપર હાજર હોવાની પ્રતીતિ થઈ.

એન્ગસ્ટ્રોમે, ૧૮૬૯માં, વિવર્તન-ગ્રેટિંગ સ્પેક્ટ્રોસ્કોપ વડે કરેલા કાર્યને આગળ ધપાવી રોલેન્ડે, ૧૮૯૦માં અંતર્ગોળ ગ્રેટિંગ વડે સૂર્યના વર્ણપટમાં ૨૦,૦૦૦ રેખાઓની તીવ્રતા અને સ્થાન નક્કી કર્યા. આ રેખાઓની ઉત્પત્તિની સમજૂતી, પ્રયોગશાળામાં કરેલા પ્રયોગોને આધારે, સૌપ્રથમ કિરચોફે આ રીતે આપી. (૧) ગરમ ઘન કે પ્રવાહી પદાર્થ, શોષણરેખા વિના, સળંગ (continuous) વર્ણપટ ઉત્સર્જિત કરે છે. (૨) એક જ તત્ત્વમાંથી તૈયાર કરેલ ગરમ વાયુ કે બાષ્પ નિશ્ચિત તરંગ લંબાઈની તેજસ્વી ઉત્સર્જનરેખા પેદા કરે છે. (૩) ગરમ વાયુ ઊંચા તાપમાને જે તરંગલંબાઈના પ્રકાશનું ઉત્સર્જન કરે છે તે જ વાયુ નીચા તાપમાને તે જ તરંગલંબાઈના પ્રકાશનું શોષણ કરે છે. કિરચોફે ભૌતિકવિજ્ઞાનના આ ત્રણ નિયમો સૂર્યને લાગુ પાડ્યા. તેણે જ જણાવ્યું કે સૂર્યની દશ્ય સપાટી, જેને પ્રકાશમંડળ (photosphere) કહે છે. તે ગરમ પ્રવાહી ધરાવે છે, જેનાથી સળંગ વર્ણપટ રચાય છે. પ્રકાશમંડળ ઉપર ઠંડું આવરણ છે, જે સળંગ વર્ણપટમાંથી અમુક પ્રકાશનું શોષણ કરે છે. પ્રકાશના ઉત્સર્જનથી તેજસ્વી રેખા અને પ્રકાશના શોષણથી કાળી રેખા મળે છે. આ પ્રત્યાવર્તી સ્તર ફ્રોનહોફર વર્ણપટ રચે છે. ૧૯મી સદીના અંત સુધી કિરચોફના નિયમોએ પ્રયોગકર્તાઓને સાથ આપ્યો છે.

૧૮૬૮નું ખગ્રાસ સૂર્યગ્રહણ ઐતિહાસિક અને વૈજ્ઞાનિક રીતે મહત્ત્વનું અને ફળદાયી રહ્યું છે. તે વખતે ખગ્રાસ ગ્રહણનો માર્ગ ભારત અને મલાયા ઉપરથી પસાર થતો હતો. દક્ષિણ ભારતમાં ૧૮૬૮નું આ ખગ્રાસ ગ્રહણ મહત્ત્વનું પુરવાર થયું. દક્ષિણ ભારતમાં ખાસ કરીને આંધ્રપ્રદેશમાં આ ખગ્રાસ ગ્રહણનો અભ્યાસ કરવા વિશ્વના ખગોળવિદોનો 'કુંભમેળો' ભરાયો હતો. આ સમયે ગ્રહણગ્રસ્ત સૂર્યને પ્રથમવાર વર્ણપટવિજ્ઞાન લાગુ પાડવામાં આવ્યું હતું. સોડિયમ વર્ણપટની બે પાસપાસેની ઉત્સર્જન રેખાઓ પાસે ત્રીજી ઝાંખી રેખા જોવા મળી. પ્રારંભમાં તો આ ત્રીજી ઝાંખી રેખાને સોડિયમની રેખા ગણી લીધી હતી. આ ત્રીજી પ્રકાશિત રેખા આમ તો ફ્રેન્ચ ખગોળવિદ પી.જે.સી. જેન્સને અવલોકેલી, પણ આ રેખા બાબતે તેણે કશી ચોખવટ કરી ન હતી. તે જ વખતે બ્રિટિશ ખગોળવિદ જોસેફ નૉર્મન લોકેરે આ પ્રકાશિ રેખા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું અને સદર પ્રકાશિત રેખા કોઈ અજ્ઞાત રાસાયણિક તત્ત્વમાંથી પેદા થતી ગણાવી અને આવું કોઈ તત્ત્વ પૃથ્વી ઉપર જાણીતું ન હતું. આ અવલોકનોનું મહત્ત્વનું તારણ એ હતું કે સૂર્યમાં એક એવું નવું જ રાસાયણિક તત્ત્વ હોવું જોઈએ, જે હજી સુધી પૃથ્વી ઉપર જણાયું નથી. સૂર્ય એટલે Heleos ઉપરથી આ નવા તત્ત્વનું નામ હિલિઅમ આપવામાં આવ્યું. છેક ૧૮૯૫માં રામ્સે નામના રસાયણશાસ્ત્રીએ પૃથ્વી ઉપર પણ આ તત્ત્વ (હિલિઅમ) વાયુરૂપે છે એમ પુરવાર કર્યું. વિજ્ઞાનના ઇતિહાસમાં ૧૮૬૮ના ખગ્રાસગ્રહણે દક્ષિણ ભારતને જે ગૌરવ પ્રદાન કર્યું છે તેનું અભિવાદન કરતાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઍસ્ટ્રોફિઝિક્સના માજી સ્વ. નિર્દેશક વેણુબાપુ કહે છે :

'હિલિઅમની સાચી શોધ તો ગુંતુર (આંધ્રપ્રદેશ)ના ચોખાના ખેતરોમાં થઈ હતી.'

તેનું કારણ એ છે કે, આ ગ્રહણના અભ્યાસ માટે વિજ્ઞાનીઓનો આંધ્રપ્રદેશમાં ઝમેલો જામ્યો હતો.

આ પ્રગાણ ગ્રહણ દરમ્યાન, હિલિઅમની શોધ ઉપરાંત, જેન્સનને સૌરજ્વાલા (prominences)નું અવલોકન કરવામાં સફળતા મળી હતી. આ જ ગ્રહણ દરમ્યાન સૂર્યના કિરીટાવરણ

વિષે પણ મહત્ત્વનાં અવલોકનો લેવાયાં હતાં. ખગ્રાસ ગ્રહણ પરાકાષ્ઠાએ હોય ત્યારે સૂર્યના કાળા લિંબની આસપાસ જે ઝળહળાટ અને તેજ દેખાય છે તેને વિજ્ઞાનીઓ કિરીટાવરણ કહે છે. તે ખરેખર સૂર્યનો જ ભાગ છે કે નહીં તે વિષે ઘણી ચર્ચા થઈ અને શંકાંની સોય ઘોંચાતી રહી. ૧૮૬૮ના ગ્રહણનાં દક્ષિણ ભારતમાં લેવાયેલાં અવલોકનોથી કિરીટાવરણ સૂર્યનો જ પ્રકાશ છે એવી નક્કર ખાતરી થઈ હતી. ૧૮૭૧નું ખગ્રાસગ્રહણ પણ ભારતમાં દેખાયું હતું. આ ગ્રહણ દરમ્યાન જેન્સને લીધેલાં અવલોકનોથી 'કિરીટાવરણ સૂર્યનો પ્રકાશ છે' એ હકીકતને અનુમોદન મળ્યું હતું. આ રીતે ખગ્રાસગ્રહણના અભ્યાસની સંપન્નતાની દિશા દર્શાવતું ૧૮૬૮નું વર્ષ સીમાચિહ્નરૂપ છે.

ગ્રહણની પ્રાણીઓ અને જનજીવન ઉપર અસર

પ્રત્યેક સજીવ જૈવિક પ્રક્રિયા ઉપર આધારિત જૈવિક ઘડિયાળ (biological clock) સાથે જન્મે છે. આવી ઘડિયાળ જાગરણ, નિદ્રા, ભૂખ, ઉત્તેજના, માનસિક તત્પરતાનું અંકુશન કરે છે. આવી જૈવિક ઘડિયાળ દરરોજ વપરાતા ઑક્સિજનના તાલ (rhythm), શરીરના તાપમાન, લોહીના દબાણ અને લોહીના બંધારણનું નિયમન કરે છે. 'વિકાસ' કે 'વૃદ્ધત્વ' જેવા મંદ ફેરફારો આવે છે અને તે સાથે સજીવનો જીવનકાળ તે નિશ્ચિત કરે છે.

આવી આંતરિક ઘડિયાળ બાહ્ય જગતની પરવા કર્યા સિવાય સમય જાળવે છે. કોઈપણ માણસને વર્ષો સુધી ગુફામાં ગોંધી રાખવામાં આવે તો તે જાગવા-ઊંઘવા માટે પોતાની પદ્ધતિ વિકસાવે છે, પછી ભલેને તેનો દિવસ નાનો-મોટો થાય. સમય સાથે વિસ્થાપિત (shift) થતા કેટલાક તાલ સૂક્ષ્મ બાહ્ય પરિબળો જેવાં કે વાતાવરણના રોજબરોજના ફેરફાર કે સૌર વિકિરણની ઉચ્ચ ઊર્જાની વધઘટ સાથે સંકળાયેલા હોય છે. પ્રાણીઓ અને વનસ્પતિમાં તાલનું વિસ્થાપન થઈ શકે છે અને તેમની જૈવિક ઘડિયાળને પુનઃ નિયોજિત (reset) કરી શકાય છે. પ્રત્યેક સજીવ સામાન્યતઃ રાત્રીના સમયે વધુ સંવેદનશીલ હોય છે. એટલે તેવે સમયે પુનઃ નિયોજન સરળ બને છે. પ્રકાશની તીવ્રતા અને તાપમાન રાત્રીના સમયે સજીવ ઉપર નોંધપાત્ર અસર કરે છે. સૂર્યપ્રકાશ જેવાં બીજાં કેટલાંક ચક્રીય પરિબળો સજીવની આંતરિક જૈવિક ઘડિયાળ સાથે જોડાઈ તાલ પેદા કરે છે. પ્રકાશ, તાપમાન, આર્દ્રતા (ભેજ) જેવાં બાહ્ય ચક્રીય પરિબળો પ્રાણીઓ અને વનસ્પતિની આંતરિક ઘડિયાળ ઉપર કેવી અસર નિપજાવે છે, તે જાણવા જીવવિજ્ઞાનીઓ ઉત્સુક હોય છે. આવો અભ્યાસ કરવા માટે સૂર્યગ્રહણ તેમને સુંદર તક પૂરી પાડે છે. સૂર્યગ્રહણથી પ્રકાશ અને તાપમાનમાં ઝડપી ફેરફાર થાય છે, જ્યારે સૂર્યસ્ત કે સૂર્યોદય વખતે આવા જ ફેરફાર થાય છે પણ તે ધીમેધીમે થતા હોય છે.

ગ્રહણ એ કુદરતી પ્રયોગ છે. આ સમયે પ્રાણીઓના વર્તનની અસલિયત જોવા મળે છે. ગ્રહણ સમયે પ્રાણીઓની આંતરિક ઘડિયાળના નિયોજન અને પુનઃ નિયોજનની ક્રિયાવિધિ (mechanism) જાણવા માટે પ્રાણીવિદોએ રસપ્રદ પ્રયોગો કર્યા છે. પોલેન્ડના પ્રાણીવિદોએ, ૧૯૫૪થી ૧૯૭૫ વચ્ચે, ખંડ કે ખગ્રાસગ્રહણ દરમ્યાન પશુ, પંખીઓ અને જીવજંતુઓ ઉપર થતી અસરોનો અભ્યાસ કર્યો હતો. પોલેન્ડના જુદા જુદા વિસ્તારોમાં જુદા જુદા જૂથો દ્વારા કૂતરાં-બિલાડાં જેવા સસ્તન પ્રાણીઓ, પંખીઓ, મધમાખીઓ અને કીડીઓ ઉપર ખગ્રાસગ્રહણ દરમ્યાન લગાતાર નજર રાખીને તેમની વર્તણૂકનો અભ્યાસ કર્યો હતો. સસ્તન પ્રાણીઓ ઉપર ગ્રહણની ખાસ અસર જણાઈ ન હતી. ૨૮ પ્રકારના પક્ષીઓ ઉપર 'ચિંતા'નાં ચિહ્નો દેખાયાં હતાં. ખગ્રાસ ગ્રહણ દરમ્યાન લાવરીએ ગાવાનું અને ચકલીઓએ ચીંચીં કરવાનું બંધ કરી દીધું હતું અને ગ્રહણ પૂરું થતાં પોતાની પ્રવૃત્તિઓ પુનઃ ચાલુ કરી દીધી હતી. જીવજંતુઓ, પતંગિયાં અને મધમાખીઓએ પોતપોતાનાં નિવાસસ્થાને પાછા ફરી વધુ ચોક્કસ પ્રતિભાવ આપ્યો હતો.

૧૬ ફેબ્રુઆરી, ૧૯૮૦ના રોજ ભારતમાં દેખાયેલા ખગ્રાસ ગ્રહણ દરમ્યાન, વિવિધ સ્થળે પ્રાણીઓની વર્તણૂકનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. સૂર્યગ્રહણ દરમ્યાન પ્રકાશની તીવ્રતા ઘટતાં દરિયાઈ સજીવો સપાટી તરફ સ્થળાંતર કરતાં માલૂમ પડ્યાં. રાજસ્થાનના વાનરોની એક ખાસ નીતિ ઉપર ગ્રહણની કંઈ જ અસર થઈ ન હતી. ઘર કે પાંજરામાં ઉંદરો એક ખૂણે ભરાઈ આંખો બંધ કરીને મડદાની જેમ પડી રહ્યા હતા અને એકાદ-બે મરી પણ ગયા હતા. અંધશ્રદ્ધા ઉપર આધારિત કેટલાક કર્મકાંડ સિવાય સદ્ભાગ્યે માણસ ઉપર ગ્રહણની અસર થઈ (થતી) નથી !

ભિન્નભિન્ન સ્થળે કરવામાં આવેલા પ્રયોગો ઉપરથી નીચેનાં તારણો મેળવી શકાયાં છે. અલબત્ત, આ તારણો કંઈ આખરી ગણાય નહીં અને તેમાં વધુ અભ્યાસ માટે અવકાશ છે. (૧) ઉષા અને સંધ્યાકાળે પ્રાણીઓ જેવો પ્રતિભાવ આપે છે તેવો જ પ્રતિભાવ ગ્રહણ શરૂ અને પૂરું થતાં આપે છે. ગ્રહણના પ્રારંભ કે અંતને પ્રાણીઓ અનુક્રમે સૂર્યાસ્ત કે સૂર્યોદય સમજી પોતાની દિનચર્યા આટોપે છે અથવા ચાલુ કરે છે. (૨) જેમ જેમ ગ્રહણ વધતું જાય છે તેમ તેમ પ્રાણીઓ વધુ પ્રતિભાવ આપે છે. (૩) જુદાં જુદાં પ્રાણીઓ પ્રતિભાવ પ્રત્યે સમાન સંવેદનશીલતા ધરાવતાં નથી, જેમ કે વધુ સંવેદનશીલ પંખીઓ ગ્રહણ શરૂ થતાંની સાથે જ પોતપોતાના માળા ભણી પ્રયાણ કરે છે. (૪) માણસના શરીરમાં થતા રહેતા પૌષ્ટિક પદાર્થોના રાસાયણિક પરિવર્તન (metabolism) ઉપર કોઈ અસર નોંધાઈ નથી. ગ્રહણ સાથે સંકળાયેલા રૂઢ અને અંધશ્રદ્ધાના ખ્યાલો માત્ર માનસિક અવસ્થાનું પરિણામ લાગે છે, જેમાં કોઈ ઠોસ વૈજ્ઞાનિક દૃષ્ટિ પ્રવર્તતી નથી. □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

મારા કાકાભાઈ

તા.૨૮-૨-૮૨ તા. ૨૦મી ફેબ્રુઆરીએ મારા પિતા (ચુનીલાલ મોનજી વૈદ – અમે તેને કાકાભાઈ કહેતા)ની શતાબ્દી વર્ષગાંઠ ગઈ. મારાં માતા (અમે તેને મન કહેતા તેમ મેં સાંભળ્યું છે) ગુજરી ગયાં ત્યારે મારી ઉંમર ૪ વર્ષ અને ૩ દિવસની હતી અને કાકાભાઈ ગુજરી ગયા ત્યારે મારી ઉંમર સાડાતેર વર્ષની. આમ, મારું બાળપણ તેમની જ છાયામાં વીત્યું. તેમની કેટલીક સ્વભાવગત ખાસિયતોની મારા બાળમાનસ ઉપર છાપ પડી છે તે આજદિન સુધી જેવી ને તેવી રહી છે.

કાકાભાઈનો ઑફિસનો ડ્રેસ ધોતિયું, ખમીસ, લૉંગકોટ અને માથે ફેંટો. એમનામાં ટાઈમ-સૂઝ (time sense) ગજબની હતી. પોસ્ટ ઑફિસમાં નોકરી કરતા અને ત્યાં વૈદબાબુના નામથી જાણીતા હતા. પોસ્ટ ઑફિસમાં તો એવી કહેવત થઈ ગઈ હતી કે કેટલા વાગ્યા છે તે જાણવું હોય તો ઘડિયાળ સુધી જવાની જરૂર નથી, વૈદબાબુને પૂછો. કાકાભાઈ ખિસ્સા-ઘડિયાળ રાખતા કે નહિ તે તો યાદ નથી, પણ જ્યારે પણ તેમને સમય પૂછો ત્યારે ઘડિયાળમાં જોયા વગર કહી શકે એટલી વ્યવસ્થિત તેમની દિનચર્યા સમય સાથે ગોઠવાયેલી હતી, અને તે પણ ૧૯૩૦ પહેલાંના ભાવનગરમાં.

સ્વભાવે ખૂબ શાંત. કાકાભાઈ અમારી ઉપર ગુસ્સે થયા હોય તેવું યાદ નથી આવતું. મને કે મારી બહેનને સવારે કાકાભાઈ ઉઠાડે ત્યારે પથારી પાસે નિરાંતે બેસી, અમારે માથે હાથ ફેરવીને ઉઠાડે. આજે તો એ પણ યાદ આવે છે કે, આમ કરવા પાછળનો સિદ્ધાંત પણ મારા દાદાને કહેલો – સૂતેલા બાળકને એકદમ ઉઠાડીએ તો તેનાં કુમળા મન ઉપર જાણે કુઠારાઘાત થાય.

અભ્યાસુ વૃત્તિ ખૂબ જ. મેટ્રિક પાસ થઈને તરત જ પોસ્ટ ઑફિસમાં નોકરીએ રહી ગયા હતા. પણ આગળ ભણવાની ઇચ્છા ઘણી જ. મારા જન્મ પહેલાં તેમની બદલી ભાવનગરની તાર ઑફિસમાં થયેલી. આ તકનો ઉપયોગ કરી નોકરી સાથે સામળદાસ કૉલેજમાં જોડાઈ પ્રીવિઅસ તથા ઈન્ટર આર્ટ્સ પાસ કરી ! અને આ ૧૯૧૫ પહેલાંની વાત છે ! (કાકાભાઈએ મને આ વાત કરી હતી, શિક્ષક જેમ વિદ્યાર્થીને કહે તેમ.)

કાકાભાઈને વાચનનો ખૂબ શોખ, પણ આંખ ઘણી નબળી. એટલે હું લખતાં-વાંચતાં શીખ્યો પછી હું વાંચું અને તે સાંભળે તેવો ક્રમ થઈ ગયો હતો. ગાંધીજીની આત્મકથા મેં આખી તેમને વાંચી સંભળાવી હતી. મારી વય ત્યારે ૧૧ વર્ષની. અનાયાસે કાકાભાઈએ મારા જીવન ઘડતરનો કેવો ઉમદા પાયો નાખ્યો ? વળી, પાંચમાં ધોરણ પછી હું અંગ્રેજી શીખ્યો એટલે કાકાભાઈને અંગ્રેજી નવલકથા પણ વાંચી સંભળાવતો. હું પોપટની જેમ વાંચી જાઉં. એક પાનું પૂરું થાય એટલે કાકાભાઈ મને વાર્તાનો સારાંશ કહે. સાંજે પોસ્ટ ઑફિસથી આવી, ચા પીને અંધારું થાય ત્યાં સુધી આ વાચનનો કાર્યક્રમ ચાલે. એક તો મહાભારતના થોથા જેવડી અંગ્રેજી નવલકથા વાંચી સંભળાવી હતી તેવું યાદ છે. ઈંગ્લૅંડની રાણી ઈલિઝાબેથ પહેલી, પરણેલી નહોતી. તેના છૂપા પ્રણયોની અને સર વૉલ્ટર રેલે સાથેના તેના સંબંધોની આસપાસ નવલકથા વણાયેલી હતી તેવું પણ યાદ છે.

તેમની છેલ્લી માંદગી વખતે પણ ફ્રેન્ચ લેખક* (નામ તો ભૂલી ગયો છું)ની વિખ્યાત નવલકથા Les Miserables (The Miserables)નું ગુજરાતી ભાષાન્તર 'ગરીબનો બેલી ગરીબ' મેં તેમને વાંચી સંભળાવી હતી. છેવટે ૧૯૩૧ના સપ્ટેમ્બરની ૨૭મી તારીખે સવારથી તેમની તબિયત બગડી હતી. બોલવાનું બંધ થઈ ગયું હતું. ભાનમાં તો છેવટ સુધી (સાંજના ૫-૦૦ સુધી) રહ્યા હતા. બપોરે કોઈક બહાને મને રૂમમાંથી બહાર મોકલી ફૈબાના દીકરા વિષ્ણુભાઈએ પૂછ્યું : 'તમારી તબિયત આમ તો સારી છે, છતાં તમારેકોઈ ઈચ્છા વ્યક્ત કરવી છે? 'બચુને બી.એ. કરજો' (મને ઘરમાં બચુ કહેતા).

પિતાએ અમો બાળકોને કેવો અણમોલ વારસો આપ્યો ? અભ્યાસુ વૃત્તિનો–

* વિક્ટર હ્યૂગો (૧૮૦૨-૧૮૮૫)

બાવળ, લીમડો અને શિરીષ

તા. ૧૮-૪-૮૨ આ વર્ષે ઉનાળો મોડો શરૂ થયો છે. આજે ૧૮મી એપ્રિલ થઈ પણ હજુ સુધી વધુમાં વધુ તાપમાન ૪૦°સે. જેટલું જ થયું છે અને તે પણ એકબે દિવસ જ રહ્યું હતું. આજે તો ૩૭° જેટલું તાપમાન છે. આ વર્ષે કોયલ પણ ઘણી મોડી બોલવા લાગી છે. ૧૦મી એપ્રિલ સુધી તો સવારના એકલા કાગડા જ સંભળાતા. હવે કોયલનો ટહુકાર સંભળાય છે. મને લાગે છે કે, હવે નિશાળમાં વૅકેશન પડશે અને શેરીઓમાં છોકરાઓ ભટકવા નીકળશે ત્યારે બપોરે પણ કોયલ બોલતી સંભળાશે, કારણકે તેના ટહુકાનો વળતો જવાબ આપી તેને ચીડવી ચીડવીને વધુ ટહુકા કરતી કરનાર છોકરાઓ રસ્તા પર હાજર હશે.

મને તો બધી ઋતુઓમાં ગુજરાતનો ઉનાળો જ ગમે છે. (અત્યારે બપોરના ૩-૦૦ વાગ્યા છે અને આ લખું છું ત્યાં કોયલનું કુહુક-કુહુક સંભળાયું!) આપણે ત્યાં મોગરાનાં ફૂલ રોજ

ઢગલાબંધ ઊતરવાં શરૂ થઈ ગયાં છે. અમે વિદ્યાનગર હતાં ત્યારે અમારા ઘરની સામે જ શિરીષનાં મોટાંમોટાં ઝાડ હતાં. ઉનાળામાં તેને લખલૂટ ફૂલ આવે અને વાતાવરણમાં શિરીષની મીઠી ફોરમ ભરાઈ રહે ! હવે તો એ બધાં ઝાડ કાપીને ત્યાં મકાન બંધાયાં છે. આ વખતે વિદ્યાનગર ગયો ત્યારે શિરીષની ઊણપ દેખાઈ નહિ, કારણ કે ત્યારે ઉનાળો નહોતો. પણ ત્યાર પછી હું બે દિવસ કોલ્હાપુર ગયો. ત્યાં યુનિવર્સિટીના કેમ્પસ ઉપર શિરીષનાં ઝાડ જોયાં અને રાજાને ચમ્મર ઢોળવાનાં ચમ્મર જેવાં લખલૂંટ ફૂલો જોયાં અને જૂની વાત તાજી થઈ. પછી તો અહીં આવીને જોયું તો ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગની આસપાસ પણ બે-ત્રણ શિરીષનાં વૃક્ષો છે. કોલ્હાપુર યુનિવર્સિટીમાં શિરીષનાં ઝાડ પાસે જ બાળવાનાં કાંટાવાળાં ઝાડ જોયાં! તો ગુજરાત યુનિવર્સિટીમાં શિરીષનાં ઝાડ આસપાસ લીમડાનાં ઝાડ જોયાં! યુનિવર્સિટીઓમાં ક્યાંક કાંટા છે તો ક્યાંક કડવાશ છે, પણ વચ્ચે વચ્ચે શિરીષની ફોરમ પણ છે ત્યાં સુધી હજુ આશા છે. બાકી અત્યારે દેશમાં પરિસ્થિતિ એવી છે કે, બાવળ અને લીમડા સચવાઈ રહેશે અને શિરીષ કપાઈ જશે એવું લાગે છે.

આઈન્સ્ટાઈન વિશે રસદર્શન

તા. ૧૪-૩-૮૨ વલ્લભવિદ્યાનગરની યુનિવર્સિટીમાં બે માસ માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે આવ્યો છું. એમ.એસસી.ના બન્ને વર્ષના વિદ્યાર્થીઓના સહિયારા વર્ગમાં મારે અઠવાડિયાના ત્રણ તાસ લેવાના છે. કોઈ અભ્યાસક્રમ નહિ, કોઈ પરીક્ષા નહિ; છતાં વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવું ગતિ-શાસ્ત્ર વિષે કહેવાનું છે. મેં વિષય પસંદ કર્યો 'Appreciating Newtonian Mechanics. જેમ કવિતાનું રસદર્શન થાય છે તેવું ન્યૂટોનીય ગતિવિજ્ઞાનનું રસદર્શન ! આમ, આજકાલ હું આવા રસ-દર્શનના કામમાં રોકાયો છું ત્યાં આજની તારીખ લખતાં જ ધ્યાન ગયું કે આજે ૧૪મી માર્ચ - આઈન્સ્ટાઈનનો જન્મદિવસ (જન્મ ૧૪ માર્ચ, ૧૮૭૯). તો ચાલો આ પત્રમાં આપણે આઈન્સ્ટાઈન વિષે રસદર્શન કરીએ.



આઈન્સ્ટાઈનની 'લાગે છે કે જવાશે, જવાશે ભાઈ જવાશે'ની વૃત્તિ ઘણી જગ્યાએ જોવા મળે છે. ૧૯૪૦થી ૧૯૫૫ સુધી ગુરુત્વાકર્ષણ અને વિદ્યુત્ક્ષેત્રોમા સમન્વયના સિદ્ધાંત મેળવવા તેણે ભરચક પ્રયત્નો કર્યા અને છતાં તેથી કાંઈ વળ્યું નહિ - પરિણામ ધાર્યું આવ્યું નહિ ત્યારે તેણે કહ્યું, 'ફરી પાછું એકડે એકથી શરૂ કરો.'

જોકે તેને તેની ઉમરની પણ અસર દેખાઈ હતી. (૧૯૫૫માં તે ગુજરી ગયો.) નાનપણમાં આઈન્સ્ટાઈન કહેતો કે 'હું તો ગદ્ધાવૈતરું કરી જાણું છું. ના, પણ એ સાવ સારી વાત નથી, વૈતરું કરવા ઉપરાંત મારું નાક પણ વાપરી જાણું છું.' તેના નાકથી સંશોધનની સાચી દિશા તે પકડી શકતા અને તે દિશામાં વૈતરું શરૂ કરતા. ૧૫ વર્ષના પ્રયત્ન પછી (ગદ્ધાવૈતરા પછી) પણ જ્યારે સમન્વયના સિદ્ધાંતો ન મળ્યા ત્યારે તેમણે કહ્યું હતું, 'ઉમરની એક અસર થઈ. હવે નાક બરાબર કામ આપતું નથી.'


પોતાની ભૂલ કબૂલ કરવામાં તો તેને જરાયે નાનમ નહોતી. પેપરો વાંચીએ તો આવું વારંવાર વાંચવા મળે - 'ચાર વર્ષ પહેલાં લખેલા એક પેપરમાં મેં ગુરુત્વાકર્ષણની પ્રકાશ પર અસર વિશે લખ્યું હતું. આજે હું એ વિષય પર ફરી લખું છું, કારણ કે અગાઉની મારી રીત બરાબર નહોતી.'

પોતે 'મોટા માણસ' થઈ ગયા તો તેમને થોડો રંજ પણ હતો. તેણે તો કહ્યું છે કે, 'મોટા માણસો' પ્રત્યે મને મનમાં તિરસ્કારની ભાવના જાગે છે. જાણે કે આની સજા કરવા માટે જ ભગવાને મને 'મોટો માણસ' બનાવી દીધો !

ઉપર જે ગદ્ધાવૈતરું અને નાકની વાત લખી છે તેના અનુસંધાનમાં તેની આ ઉક્તિ વિચારવા જેવી છે - Mathematics are well and good, Nature keeps dragging us around by nose (ગણિતબણિત તો ઠીક છે. પણ નિસર્ગ તો આપણને નાકમાં દોરી બાંધીને ઘસડી જાય છે.)

શરૂઆતમાં તો બર્ન (સ્વીટ્ઝરલૅન્ડ)ની પેટન્ટ ઑફિસમાં ક્લાર્ક હતા ત્યારે ઝાઝો પગાર નહોતો અને ખર્ચને પહોંચી વળવા ઘરમાં પેયિંગ ગેસ્ટ પણ રાખતા. પણ તેમનો હસમુખો સ્વભાવ એવો કે આ પરિસ્થિતિનું વર્ણન તેમણે નીચે પ્રમાણે કર્યું છે. 'મારી રિલેટિવિટિ થીઅરિમાં તો હું અવકાશના દરેક બિન્દુએ એક ઘડિયાળ મૂકવાની વાત કરું છું, પણ મારા આખા ઘરમાં એક ઘડિયાળ વસાવવાની પણ મુશ્કેલી છે.'

પછી તો ઝ્યુરીખ શહેરમાં તે પ્રોફેસર થયા. ઝ્યુરીખમાં કોઈ કાર્યક્રમ દરમિયાન એક સ્ત્રી-તબીબે પૂછ્યું કે તમારી પ્રયોગશાળા ક્યાં આવી? (વિજ્ઞાનીઓને તો પ્રયોગશાળા હોય જ ને?) હસતાં હસતાં આઈન્સ્ટાઈને ખિસ્સામાંથી ઇન્ડિપેન કાઢીને કહ્યું, 'આની અંદર !' ☐



(સ્થિર નદી, સરતાં નીર)

સૌંદર્યધામ શિહુ

—પ્રીતિ સેનગુપ્તા—

ચીનની સામ્યવાદી નીતિની લાક્ષિણકા પ્રમાણે હાન્ગજોમાંની એક ખુલ્લી જગ્યાને 'પીપલ્સ સ્ક્વેર' કહે છે. બરાબર તળાવની સામે. ત્યાં એક મંચ જેવું હતું, ને એની દીવાલ પર સરસ, મોટું એક ચિત્ર દોરેલું હતું – સુંદર એક કુદરતી દૃશ્ય. ચીની લાક્ષણિકતા – એ પણ. બહુ લોકો ન હતા. શહેર પણ શાંઘાઈ કરતાં ઘણું નાનુંને.

હાન્ગજોમાં આ તળાવ જ મુખ્ય છે. આદ્ય-પ્રવાસી માર્કો પોલોએ લખ્યું છે : 'એક તરફ એ શહેરને સ્પર્શતું જાય છે. એનાં મંદિરો, મહેલો, વિહારો ને ઉદ્યાનો, પાણી સુધી આવતાં ઊંચાં વૃક્ષ – એ ભવ્ય-સુંદર દૂરવર્તી દૃશ્ય પર સરોવરનો અધિકાર છે. એનાં પાણી પર સહેલાણીઓથી ભરેલી અસંખ્ય નૌકાઓ સરે છે. ને એ જન-સમૂહનાં મન ને વિચારોમાં લૌકિક આનંદ-પ્રમોદ સિવાય કાંઈ જ નથી.'

અરે, હવે ક્યાં એ માર્કો પોલો, ને ક્યાં એ કાળ ! ચીનનો જનગણ જાણે છે શ્રમ અને શિસ્તનો જ સાર.

જોવાનું ઘણું છે. ચીની સ્થાપત્યનાં બધાં જ પ્રાચીન સ્મારક આકર્ષક અને અવનવાં લાગે. બધાં મંદિરો ને સ્તૂપો જોવાનો સમય ક્યાં ? તેથી જ મને સમૂહ-પ્રવાસ ગમતો નથી, પણ ચીન જોવા માટે બીજો કોઈ રસ્તો જ હજી નથી. થોડે દૂરનો એક સ્તૂપ જોવા લઈ જવાયાં. 'લિયુ હિ પૅગોડા' નામ. સૉન્ગ રાજવંશ દરમ્યાન ૯૭૦નાં વર્ષોમાં બંધાયેલો. એ ભાંગી-તૂટી ગયા પછી બીજો જે ત્યાં જ બંધાયો તે પણ ૮૦૦ વર્ષ જૂનો તો થયો. સરસ છે. બહારથી લાખના રસનો ઓપ. કોરિઆ કે જાપાનમાં જોવા મળે છે એટલો બધો સુશોભિત ન હતો. મને તો આ સાદગી ગમી. એવા જ પૂર્વીય આકારનાં, છેડેથી વળેલાં, તેર તો છાપરાં હતાં. પણ માળ હતા છ જ. એનું કારણ છે. બુદ્ધધર્મીઓએ આ સ્તૂપને શહેરની રક્ષાની 'માનતા' માટે બાંધેલો. એ લોકોએ એનું નામ 'છ સામંજસ્યનો સ્તૂપ' પાડેલું. બુદ્ધ ધર્મના સિદ્ધાંતો મુજબની આ છ સુસંગતાઓ વાણી, દેહ, મન, વિચાર, સંપત્તિ અને પ્રલોભન પર સંયમ સાથે સંબંધિત છે.

આ સમજૂતી પણ ઐતિહાસિક સંદર્ભમાં જોવાની રહી. સામ્યવાદે તો ધર્મ કે એના સિદ્ધાંતો માટે સ્થાન જ ક્યાં રાખેલું ?

'હુઆ ગાન્ગ' પાર્કને આપણે 'પુષ્પ પુકુર ઉદ્યાન' કહી શકીએ. અત્યંત રમણીય. નામને ન્યાય થઈ રહ્યો છે. જો ત્યાં એકલાં વિચરણ કરાયું હોત તો મન-હૃદયમાં સુસંગતતાનો ભાવ અવશ્ય ઉત્પન્ન થયો હોત. નિસર્ગમાં આ શક્તિ છે. વ્યક્તિએ એને અંદર સુધી ઝીલવાની હોય છે. ને ગ્રીષ્મકાળ દરમ્યાન, જ્યારે ચૌતરફ ફૂલો ખીલ્યાં હોય ત્યારે, આ ઉદ્યાનનું સૌંદર્ય કેટલુંયે નિખરતું હશે. સમૂહમાં હતી, છતાં જાતને થોડી અલગ પાડીને કલ્પનાની આંખે મેં એ જોયું. ને ઉદ્યાનમાંના પુકુરમાં ઝૂકતી 'વિલો' વૃક્ષની સુચારુ શાખાઓ, સ્તૂપો, સેતુઓ અને મંડપો એમ તો આજે પણ મનોરમ તો હતા જ.

હાન્ગજોની ચૅન્ગતૅન્ગ (Qiantang) નદી પર નવો જ, લગભગ ૧૯૪૯માં બંધાયેલો ઊંચો, ધ્યાન ખેંચે તેવો પુલ. આસપાસનું બધું સદીઓ જૂનું હોય, એટલે '૪૯-'૫૦નાં વર્ષોની ઈમારત 'નવી' જ કહેવાયને ! જૂનાની સાથે નવું પણ જોવાતું રહે એ જરૂરી છે. જે હતું, તેની સાથેસાથે જે છે તેની ઝલક મળે તો જ દેશના જીવનની સાચી ઝાંખી મળે ને !

પવન ખૂબ હતો. વાતાવરણ ઠંડું થઈ ગયું હતું, તોયે શાંઘાઈની જેમ લોકોની ભીડ નહીં હોઈ, જરા મોકળાશમાં ટહેલવા મળ્યું તે સારું લાગ્યું. શાંતિ ને આનંદમાં વીત્યો એ થોડો સમય. પ્રકૃતિની ચીની કમનીયતામાં થઈને ચાલતાં એ મોટા સરોવરના, શહેરની સામી તરફના કાંઠે પહોંચ્યા. આ 'શિહુ', એટલે કે 'વેસ્ટ લેક' માટે એક કવિત્વમય લોકવાયકા છે કે, ફીનિક્સ અને ડ્રૅગન દ્વારા નીચે ફેંકાયેલા એક મોતીમાંથી આ તળાવ બન્યું. હવે આ ફીનિક્સ અને ડ્રૅગન પાછાં ચીની પુરાણ-કથાઓમાંનાં પાત્રો છે. ફીનિક્સ એટલે પોતાની જ રાખમાંથી ફરીથી જન્મતું એક (કાલ્પનિક) પંખી, જે અજોડ, અમર, ઉત્તમનું પ્રતીક છે – આજે પણ. ડ્રૅગન એટલે ઉચ્છ્વાસમાં જ્વાળા કાઢતો, ભયાવહ (કાલ્પનિક), ઊડતો નાગ, જે દુર્જેય શક્તિ ને રક્ષણનું પ્રતીક છે – આજે પણ. આ બંને કપોલકલ્પિત પ્રાણી ચીનના જન-માનસમાં દૃઢપણે વણાઈ ગયાં, કારણ કે એમની સાથે ચીની રાજવીયતા સંકળાઈ ગઈ. ફીનિક્સ સામ્રાજ્ઞીઓનું, ને ડ્રૅગન સમ્રાટોનું સૂચન બન્યાં. ચીનની આધુનિક

કળાઓનાં વિવિધ પાસાંમાં પણ આ બંનેની અતિ આડંબરપૂર્ણ ચિત્રાકૃતિઓ નિરૂપાતી જ રહે છે.

તળાવની લોકવાયકા તો ગમે જ, પણ તળાવ પણ ગમી જાય. એની એક તરફ હાન્ગજો શહેર છે, તો બીજી બાજુઓ પર ગાઢ જંગલો ને ધુમ્મસથી છવાયેલા પર્વતો છે. એની ચોતરફ તરુ-વૃંદો છે, જેનાં ઉપર ઋતુઋતુનાં ફૂલો ખીલે છે – વસંતમાં સુકુમાર પીચ, શરદમાં સુદૃઢ આકાશિઆ, અને હેમંતમાં કોમળ પ્લમનાં, જે અમને ક્યાંક ક્યાંક જોવા મળી રહ્યાં છે. ચૈત્ર-વૈશાખ દરમિયાન તળાવના પાણીમાં કમળનાં ફૂલ ખીલી આવે છે. ત્યારની શોભા ?....

સહેલ માટે નૌકા તૈયાર હતી. ના, આ તો મશિનવાળી બોટ. હલેસાંવાળી હોડી માટે મારું મન ઝૂર્યું. એ નિઃશબ્દે, મિષ્ટ લયમાં સ્થિર જળ પર સરકી હોત.

કેટલાક કૃત્રિમ ટાપુઓ. એક તરફ અમે ગયાં. મને થયું, ભલેને કુદરતી નહતા, એમનાં નામ તો કળાત્મક હતાંને. એક તે 'ગુ શાન' – અથવા 'એકાંતમય ગિરિકા,' બીજો તે 'સુસ્થિર જળ પર શરદનો ચંદ્ર'. નજીકમાં 'નીલલોહિત વાદળની ગુફા', અને 'ઝૂકતી ડાળીઓમાંથી સંભળાતું સોનેરી પંખીનું ગાન' નામનો બાગ. વાહ, રોજેરોજની સામાન્યતાને શું આશ્વાસન આપતું હતું આ કવિ-કર્મ. અમારા અમદાવાદનાં કાંકરિયા અને ચંડોળાનાં નામ બદલી શકાય? જોકે પહેલાં તો એમને સાફ કરવાં પડે, પછી પાણી ભરવું પડે ને ખાસ તો એમના પરિસરને સુરક્ષિત તેમજ લોકભોગ્ય બનાવવો પડે. (પણ જવા દો. અચાનક 'ઘર'ની યાદ આવી પણ ક્યાંથી ?)

નૌકા અમને લઈ ચાલી હતી 'ચંદ્રનું પ્રતિબિંબ પાડતાં ત્રણ પુકુર' નામના ટાપુ તરફ. તત્કાળ કાવ્ય રચવાનું મન થાય એવું નામ. 'ત્રણ મુકુરમાં નિજનું કરે દર્શન ચંદ્ર, કમળના દર્પનું કરે વર્ણન ચંદ્ર' - કે એવું કંઈક !...ને પાછા 'નામ પ્રમાણે જ ગુણ'. મોહકતાની પરાકાષ્ઠા. કમનીય દૃશ્ય. કૃત્રિમ દ્વીપ, એની અંદર ખરે જ નાનાં કૃત્રિમ પુકુર બનાવાયાં હતાં. કાટખૂણા પાડતા કેટલાયે સેતુ. લઘુ પરિમાણ,ને તેથી વધારે સુરેખ, સુચારુ બનતા. ત્રણ બાજુ પર, દૂરથી ઘનશ્યામ પર્વતોની ઝાંખી. ચોથી બાજુ પરનું જન-કેન્દ્ર સાવ ભુલાયું. ઝૂકતી કોમળ ડાળીઓ, નાના સ્તૂપ ને મંડપો; હવામાં પ્રસરેલો પરિમલ – એકાંત માટેની મનમાં ઝંખના જાગી. આ દ્વીપ પર જો ભૂલા પડવા, ખોવાઈ જવા મળે તો ?

બીજા ટાપુઓ પાસે થતી, તળાવમાં થોડું વધારે ફેરવી નૌકા અમને કિનારે પહોંચાડી ગઈ. એક તો હૃદય પ્રેમ-ચલિત થયેલું હતું. ને પછી ભોજન-ભગ્ન થયું. શહેરના એક આહાર-ગૃહમાં મને નડેલો એક ગૌણ અનર્થ ! શાકાહારમાં પ્રાપ્ત થયો સાદો, સફેદ, ચીકણો ચીની ભાત ને થોડાં ચીની શિંગોડાં. નહીં સ્વાદ, નહીં સત્ત્વ. ક્યારેક થોડા ભૂખ્યા રહેવું પડે તો તૈયાર છું, પણ પ્રવાસ કરતાં અટકું તો નહીં જ. સાથે કશું જ ખાવાનું રાખતી નથી. પણ આ વખતે થોડો મેથિયાનો મસાલો લીધો છે. એને ભાત પર ભભરાવી થોડું ખાઈ લીધું. આજની રાત નીકળી જશે !

પ્રવાસીઓને સળંગ વ્યસ્ત રખાય છે, તે ખ્યાલ પહેલા જ દિવસે આવી ગયેલો. સવારથી રાત ફરવાનું, જોવાનું ચાલુ ને ચાલુ. આરામનો કશો સમય નહીં. રાતે પણ કાર્યક્રમ. ડાયરીમાં નોંધ કરવાની ઘણી અઘરી પડે છે, પણ એ સારું છે કે આટલાં વ્યસ્ત રહીએ છીએ. ચીનમાંના સમયનો વધારેમાં વધારે ઉપયોગ થઈ રહ્યો છે.

આજે રાતે સ્થાનિક સંગીત અને નૃત્યના કાર્યક્રમની વ્યવસ્થા હતી. કોઈને ના જવું હોય, ને હોટેલના રૂમમાં આરામ કરવો હોય તો ચાલે ખરું, પણ જોવાનું કોઈ શા માટે ગુમાવે? તેથી નીકળ્યાં તો અમે બધાં જ. ૧૯૭૫માં બંધાયેલું સભાગૃહ બહારથી તો સરસ ને મોટું હતું, પણ અંદર તો કંઈ ઠંડું હતું ! હીટરની જરા પણ વ્યવસ્થા હતી નહીં, ને પાછી ઉપરથી ક્યાંકથી ઠંડી હવા આવતી હતી ! કાર્યક્રમ પણ સાધારણ હતો, એટલે દોઢેક કલાકમાં અમે બધાં ઊઠી ગયાં.

મેં એ નોંધ લીધી કે શાંઘાઈનાં પ્રેક્ષકો કાર્યક્રમ દરમિયાન તદ્દન શાંત રહ્યા હતા, જ્યારે અહીંનાં પ્રેક્ષકો પ્રતિક્રિયામાં હસતાં હતાં, ચાળા પાડતાં હતાં, અને પુનરાવૃત્તિની માગણી માટેની બૂમો પણ પાડતાં હતાં. સ્થાનિક કળાકારો હતાં, એટલે એમ પણ બને કે પ્રેક્ષકોનાં પરિચિત હોય. આખું સભાગૃહ પૂરેપૂરું ભરાયેલું હતું. એનો અર્થ એ કે પ્રજાને મનોરંજનની ઝંખના છે, કારણ કે એના દ્વારા ચીલાચાલુ જીવનમાંથી એમને થોડી રાહત, થોડો છુટકારો, મળે છે. સરકાર મા-બાપ જે અને જેટલું, આપે તે જ યથેષ્ટ માનવાનું. દુનિયાના લોકોનું જીવન જો એક સરોવર હોય તો એમાં ચીનની પ્રજાનું જીવન એક કૃત્રિમ ટાપુ જેવું છે. પડતું હશે એમાં પ્રતિબિંબ ક્યારેક ચંદ્રનું ? □

અનુસંધાન] !!! ચમત્કાર !!! [પૃ. ૩૬૪ પરથી

જોઈ પોલીસોએ હવામાં ગોળીબાર શરૂ કર્યા. આથી તોફાને ચઢી ગયેલા કેટલાક વિઘ્નસંતોષી ગુંડાઓએ મંડપમાં ચારે તરફ આગના લાકડાઓ ફેંકવાની શરૂઆત કરી દીધી. થોડીવારમાં તો મંડપમાં ચારે તરફ આગની જ્વાળાઓ ભભૂકી ઊઠી. ભાગદોડ કરતાં માણસો, બચાવો-બચાવોની, બુમરાણ મચાવતા આગમાં શેકાઈને ટપોટપ નીચે પડવા લાગ્યા.

ફાયર બ્રિગેડના પાણીના બંબાઓ તથા એમ્બ્યુલન્સ ગાડીઓ આવે એ પહેલાં તો આખોય મંડપ આગમાં ઘેરાઈ ગયો હતો. બંબાઓ આવતાં જ સત્તાવાળાઓએ આગને કાબૂમાં લેવાની કાર્યવાહી આરંભી દીધી. ત્રણ-ચાર કલાક પછી માંડમાંડ આગ કાબૂમાં આવી શકી. ત્યારે તો ઘણુંબધું ખાખ થઈ ગયું હતું. ચારે તરફ લાશોના ઢગલા ખડકાઈ ગયા હતા. અજાબખાનનું શું થયું એની કોઈને કશી ખબર પડી શકી નહીં. મંડપથી જરા દૂર આવેલા કેટલાક થાંભલાઓ બચી ગયા હતા. એ થાંભલાઓ ઉપર અજાયબખાનના નામના બૅનરો હજુ પણ હવામાં વીંઝાઈ રહ્યાં હતાં – 'અજાયબખાન અમર રહો !' □

ફાનસ

નિબંધ

પ્રફુલ્લ રાવલ

હમણાં ભારે વરસાદને કારણે સતત બે રાત વીજળી વગર વિતાવવી પડી. સાડા ત્રણ દાયકાના વીજળીના સંગમાં વીજળી વગરની બે રાત બહુ લાંબી લાગી. અંધારું અંધારું લાગતું હતું. આંધળા હોઈએ તો કેવું લાગે, એની થોડીક અનુભૂતિ થઈ. જાત સાથે સંવાદ થતો રહ્યો. મનની ઘણી વાતો હોઠ લગી આવી ગઈ. એમ જ મારા હોઠ થરથરતા રહ્યા. અંધારામાં યાદની સફર ચાલી. એકાએક યાદ આવી ગયું ફાનસ – પ્રકાશ પામવાનું સાધન. એને ક્યાં શોધવું ? વર્ષોથી ફાનસ જોયું નથી. ક્યાં હશે ! સાથે જ સ્મરણમાં ઝબકી ગયું ઘરનું માળિયું. માળિયાએ હજુ ય ઘણું બધું સાચવી રાખ્યું છે. જૂની લાકડાની નિસરણી પર ડગમગતાં ડગમગતાં માળિયે ચડ્યો. ફંફોસીને ફાનસ શોધી કાઢ્યું. નીચે ઉતારી લાવ્યો. એના પર ધૂળ ચડી ગઈ હતી. સાચવીને એ ધૂળ ખંખેરી. ધીમે ધીમે એનું રૂપ ઊઘડવા માંડ્યું. એની આકૃતિ સ્વચ્છ થઈ. એનો ફોટો-ગોળો-કાચ એમ જ સચવાયેલો હતો. એને પણ સાફ કર્યો. પહેલાં બહારથી, પછી કળ ચડાવી અને ઉપરની આંકડી પકડીને ગોળાને બહાર કાઢ્યો. પછી અંદરથી સાફ કર્યો. દીવેટ બરાબર કરી. એનો ઉપરનો ભાગ ઘાસતેલથી ભીનો કર્યો. વળી, એમ જ ગોળો ચડાવી દીધો. કળની બાજુની નાની ઢાંકણી સાણસીની મદદથી ખોલી. કાટ ચડી ગયો હતો. ઘાસતેલ રેડ્યું. ઝીણી નજરે અંદર જોયું. વળી કળ ઊંચી કરીને દિવાસળી સળગાવીને દીવેટને સળગાવી. પ્રકાશ ફેલાયો. સળગતું ફાનસ હું જોતો રહ્યો. એ સાથે મારી કિશોરાવસ્થા ને મુગ્ધાવસ્થાના કાળખંડો ખૂલવા માંડ્યા. ઘણું ઊઘડ્યું. સરકતા ચિત્રપટની જેમ બધું પસાર થવા માંડ્યું. આ ફાનસના આછા ભૂરા અજવાળામાં જીવનનાં અનેક દૃશ્યો જોયાં છે. ગમતું-અણગમતું ઘણું જોયું છે. ઘણું પામ્યો છું. ઘણું ગુમાવ્યું છે. છતાંય નથી સરવાળો કર્યો કે નથી કરી બાદબાકી. ફાનસના આછા અજવાસમાં સખીની સ્મૃતિ નથી એમ નથી. પરંતુ આજે સખીના સ્મરણ વગર ફાનસની વાત કરવી છે. કેવળ ફાનસની અને એ નિમિત્તે અતીતને યાદ કરવો છે. ખોવાયેલા અતીતને, ભુલાયેલા અતીતને.

ફાનસ....! ફાનસ તો સુખી હોવાનો પુરાવો હતો. પણ એ તો પિતાના બાળપણના સુખની નિશાની હતી. ! અમારા નશીબમાં તો હતું દીવડું. ખુલ્લું દીવડું, જેની ઝાળ ઊંચે જતી ને પછી કાળાશ વ્યાપી જતી બધે. પણ ફાનસ હતું અમારા ઘરમાં માત્ર એક એનો ગર્વ પણ હતો.

એ ફાનસ રહેતું ઓસરીમાં, જ્યાં બાપા બેસતા. બે બારણાં વચ્ચે ફાનસ લટકતું રહેતું. ફાનસનું અજવાળું સ્વચ્છ થઈને ફેલાતું. ઝાળ અદૃશ્ય થઈ જતી. આ ફાનસના અજવાળે બા-બાપાની ઘણી ગોષ્ઠિ જોઈ છે. અર્થની ચિંતામાં પિલાઈ જતી બાની મુખમુદ્રાની ભાષા વાંચવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો છે. કાલની ચિંતામાં મગ્ન થઈને ધ્રૂમપાન કરતા બાપાનો વૃદ્ધ ચહેરો જોયો છે. પાટ પર બેઠા બેઠા બાપા ધ્રૂમપાન કરતા અને ફાનસનું અજવાળું બાપાના પડછાયાને મોટો બનાવતું. પડછાયામાં ધ્રૂમપાનનો ધુમાડો દેખાતો. બધું જ ધૂંધળું ધૂંધળું ! અમારા ભાવિ જેવું. એ આખું દૃશ્ય અત્યારે અનુભવું છું. કેવું લાગતું હતું એ દૃશ્ય ! નિર્ધનતા પડછાયા કરતી હતી ઘરમાં.

આખી રાત ફાનસ બળતું. વાળું પછી ફાનસનું સ્થળાંતર થતું. અમારું શયનસ્થાન હતું મેડીએ. ફાનસ મેડીને અજવાળતું. પથારી પથરાતી. પછી સહુ મેડીએ ચડી જતાં. ફાનસના અજવાળે બા રામાયણ-મહાભારતની વાર્તા કહેતી. વાર્તા પત્યા પછી પ્રાર્થના થતી. પ્રાર્થના પછી બા ફાનસ ધીમું કરતી. અજવાળું ઓછું થઈ જતું – સાવ ઓછું જાણે અંધારાનું ભાઈબંધ !

ઘણીવાર હું મોડી રાતે જાગી જતો તો લટકતું ફાનસ જોતો. મને કોઈક જૂની ફિલ્મનું દૃશ્ય યાદ આવી જતું. કોઈક વાર્તામાં વાંચ્યું હતું કે મોડી રાત્રે લક્ષ્મીજી ફરવા નીકળે છે. જો આપણે જાગતાં હોઈએ તો વરદાન આપે છે. પછી તો પૈસો જ પૈસો.... વરદાન પામવા હું ઘણીવાર જાગતો રહેતો. લક્ષ્મીજીની પ્રતીક્ષામાં ક્યારે આંખ બંધ થઈ જતી તેનો ખ્યાલ જ ન રહેતો. સવારે જાગતો ત્યારે ફાનસનો પ્રકાશ જડતો નહીં. બા ઓલવી નાખતી હશે !

ઘર કરી ગયેલો શ્વાસનો વ્યાધિ શિયાળામાં-ચોમાસામાં બાપાને મોડી રાત સુધી ઊંઘવા ન દેતો. ક્યારેક ખાંસતા બાપાનો અવાજ બાને પણ જગાડી દેતો. ખાંસતા બાપા અને વ્યાધિથી ચિંતિત બા ફાનસના અજવાળે જાગતાં રહેતાં.

આ જ ફાનસના અજવાળે બા પાસે પથારીમાં બેસીને મેં એકડો ઘૂંટ્યો છે. કવિતા ગોખી છે. દાખલા ગણ્યા છે. લેસન કર્યું છે. બહારનું વાંચવાનું શરૂ કર્યું ત્યારે આ જ ફાનસના અજવાળે 'સરસ્વતીચંદ્ર' નવલકથાનો પહેલો ભાગ વાંચ્યો છે. 'પાટણની પ્રભુતા' આ જ અજવાળે વાંચી છે. ને કાન્તના 'પૂર્વાલાપ'માંનાં ખંડકાવ્યોનો લયાત્મક પાઠ પણ આ જ ફાનસના પ્રકાશમાં કર્યો છે. કલાપીની ગઝલો પણ આ જ અજવાળે વાંચી છે અને હા, સખીનું સોહામણું સ્મરણ પણ આ જ અજવાળે કર્યું છે !

આ જ ફાનસના અજવાળે કાલાંટાણીમાં મોડી રાત લગી કાલાં ફોલ્યાં છે. તર્જની છોલાઈ જતી તો ય ઘડી કરવાની રહેતી. એ જ અજવાળે અંતકડીમાં 'તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી' આખું ગીત ગાયું છે. ઘણીવાર રડ્યો છું.

(અનુસંધાન પૃ. ૩૯૧ પર)

ઈતિહાસધારા

અશોક હર્ષ

સદીઓથી પોતાની સ્વતંત્રતા અને એકતા ગુમાવી બેઠેલ આ દેશને ફરી પાછાં એ સંપડાવવા મેદાને પડનાર એક મહાન વિભૂતિ આપણા ઈતિહાસમાં લગભગ ઉપેક્ષિત જ રહેવા પામી છે. દેશની એકતા અને સ્વતંત્રતાની વેદિ પર પોતાની જાતનું બલિદાન આપી જનાર એ મહાન વિભૂતિ તે હેમચન્દ્ર અથવા હેમુ, જેનો પ્રયાસ સફળ થયો હોત જો આ દેશનો ત્યાર પછીનો ઈતિહાસ જુદો જ હોત.

હેમુ હતો તો જાતનો વાણિયો, પરંતુ તે સ્વભાવે રજપૂતો જેટલો જ બહાદુર અને એટલો જ દિલેર હતો. આ દેશ પર મુગલ રાજવંશની સ્થાપના કરનાર બાબરનો પુત્ર હુમાયૂં ઈ.સ. ૧૫૫૬ના જાન્યુઆરીની ૨૭મીએ સીડી પરથી લપસીને મરણ પામ્યો અને એક પ્રકારની અનિશ્ચિતતાનું મોજું બધે ફરી વળ્યું ત્યારે હેમુને પોતાનું સ્વપ્ન સિદ્ધ કરવાની એ સોનેરી તક જણાઈ અને ચુનારથી ચુનંદી ફોજ જમાવી તે વિજય પર વિજય મેળવતો છેક દિલ્હી સુધી પહોંચી ગયો.

દિલ્હીની પ્રજાએ પોતાના આ મુક્તિદાતાને વધાવી લઈ તેનું ભવ્ય સ્વાગત કર્યું. પરંતુ હેમુને માત્ર દિલ્હીના વિજયથી જ સંતોષ ન હતો. તેનું સ્વપ્ન તો દેશે ગુમાવેલાં સ્વતંત્રતા અને એકતાની પુનઃપ્રતિષ્ઠા કરવાનું હતું. પ્રજાએ તીર્થોદક વડે અભિષેક કરી તેને ગાદીએ બેસાડી રાજતિલક કર્યું. પણ એટલેથી એને સંતોષ ન હતો. એનું લક્ષ્ય હતું ભોગ અને ઐશ્વર્ય નહિ, પરંતુ સ્વતંત્રતા અને એકતા. તે માટે ચિત્તોડના રાણાથી માંડી દેશના અનેક રાજામહારાજાને આ પ્રમાણે પત્ર લખી મોકલ્યો :

'દેશના ગૌરવ,

હું નાનપણથી જ આ દેશની એકતા અને સ્વતંત્રતાનું સ્વપ્ન જોતો આવ્યો છું. એ માટે જરૂરી અનુભવ મેળવવા મેં મુસલમાન શાસકોની સેવા કરવાનું પણ સ્વીકારેલું. ઈશ્વરે મારી આ તપશ્ચર્યાનું ફળ છેવટે મને આપ્યું છે. દેશમાંથી વિદેશીઓનો પગદંડો હું ઉખેડી નાખી શકું એવી યોગ્યતા તેણે મને બક્ષી છે – દેશ આજે સ્વતંત્ર થયો છે.

પરંતુ એ સ્વતંત્રતા સ્થાયી તો જ રહે જો આપણે બધા મળીને તેની રક્ષા કરીએ. મુગલો ફરી તેમની સત્તા મેળવવાનો પ્રયત્ન કરશે તો અહીંના બિનહિન્દુઓ તેમને સાથ આપ્યા વિના નહિ રહે – સંભવતઃ મારી જ સેનાના અફઘાન સૈનિકો પણ મારી સામે બંડ ઉઠાવે.

આપની સમક્ષ ખાસ વિનંતી એટલી જ છે કે દેશના આ આપત્તિકાળે આપણે બધા એક થઈને રાષ્ટ્રની રક્ષા કરીએ, જો આપ એમાં સંમત હો તો દિલ્હીનું તખત સુધ્ધાં હું આપ કહો તેને સોંપવા તૈયાર છું.'

પરંતુ હેમુની આ ઉદાત્ત ભાવના કોઈ રાજવીને ન સ્પર્શી. દેશના કોઈ ખૂણેથી તેને જોઈતો સહકાર ન સાંપડ્યો. હેમુ વિક્રમાદિત્ય તરીકે ગાદીએ આવતાં જ તેણે ખેડૂતોનું મહેસૂલ માફ કરી દીધેલું. દિલ્હી અને આગ્રામાંના રાજ્યનો ખજાનો પણ તેણે પ્રજાકીય કાર્યો પાછળ જ વાપરવાનું શરૂ કરેલું. પરંતુ વાદળો ઘેરાઈ ચૂક્યાં હતાં. તેના બે સરદારો મુબારકખાં તથા બહાદુરખાં તેનો વિશ્વાસઘાત કરી મુગલો સાથે ભળી ગયા અને મુગલદળ આગળ ને આગળ વધતું રહ્યું અને બહેરામખાંના નેતૃત્વ નીચે પાણીપતના મેદાનથી પાંચ માઈલ દૂર પડાવ નાખ્યો.

આ મુગલ દળના સામના માટે હેમુ વિક્રમાદિત્યે ઈ.સ. ૧૫૫૬ના નવેમ્બરની પાંચમીએ પોતાના સૈન્ય સાથે પડાવ નાખ્યો. સૈન્યના મધ્ય ભાગનું નેતૃત્વ જાતે લઈને ડાબી પાંખનું નેતૃત્વ શાદીખાંને અને જમણી પાંખનું પોતાના ભાણેજ રામૈયાને સોંપીને રણઘોષ સાથે આક્રમણ શરૂ કરી દીધું.

યુદ્ધમાં મુગલ દળની જમણી અને ડાબી પાંખો તો વેરવિખેર થઈ ગઈ, પરંતુ મધ્ય ભાગ આડે એક મોટી ખાઈ આવેલી હોઈને મુગલ સેનાપતિ અલીકુલીખાં તેનો લાભ ઉઠાવી રહ્યો હતો. તેણે ખાઈના સામા કિનારેથી તોપમારો ચાલુ રાખીને મુગલ દળની વિખરાયેલી ડાબી-જમણી પાંખોને હેમુના સૈન્ય પર પાછળથી હુમલો કરવા મોકલી આપી.

સૈન્યના મધ્યભાગના મોખરે પોતાના માનીતા ગજરાજ 'હવાઈ' પર સવાર હેમુ ઉપર આ ભીષણ યુદ્ધ દરમિયાન એકાએક એક તીર આવી પડ્યું અને તેની આંખ વીંધી મસ્તકને છેદી નાખ્યું. તેને બેહોશ થઈ ઢળી પડતો જોતાં જ સૈન્યમાં નાસભાગ શરૂ થઈ, 'હવાઈ' પણ નાસવા માંડ્યો. મુગલ સેનાપતિ અલીકુલીખાંએ તેને નાસતો જોઈ તેનો પીછો પકડ્યો અને બેહોશ હેમુને બહેરામખાં આગળ રજૂ કર્યો. બહેરામખાંએ અકબરને તેની કત્લ કરી નાખવાનું કહેતાં અકબરે તલવારના એક જ ઝાટકે ભારતીય સ્વતંત્રતા અને એકતાના એ સ્વપ્નદ્રષ્ટાનું મસ્તક ધડથી અલગ કરી દીધું ! □

ગ્રાહકોને વિનંતી કે પોતાનું સરનામું બદલાય તો તરત જ ખબર આપવી અને પોતાના ગામનો પિનકોડ અવશ્ય લખવો. પિનકોડ વગરની ટપાલ પહોંચવામાં વિલંબ થવાનો પૂરો સંભવ છે. પ્રત્યેક ગ્રાહક એક નવા ગ્રાહક બનાવે તેવી હાર્દિક અપીલ છે.

પ્રસંગપરાગ

શિક્ષકની સભાનતા અને સજ્જતા

જીવનમાં કેટલીક સ્મરણીય વ્યક્તિઓ હોય છે અને તેમના સંદર્ભમાં અનુભવેલા પ્રસંગો એટલા જ ચિરસ્મરણીય બની જાય છે. આવી વ્યક્તિ હતા પ્રો. દાવર. ૧૯૬૧ની સાલમાં



અનુભવેલો આ પ્રસંગ છે. મારો વિષય હતો મુખ્ય અંગ્રેજી, કોલેજ હતી એલ.ડી. આર્ટ્સ દાવરસાહેબ વર્ગમાં પ્રવેશ્યા. વ્યાખ્યાન શરૂ કર્યું, ત્યાં વચ્ચે કંઈક યાદ આવતા તેઓ અટકી ગયા. ચહેરા પર વેદનાની ઝલક પ્રગટ થતી દેખાઈ. અમે સહુ અચંબામાં પડી ગયાં. લાગ્યું કે તબિયત ઠીક નહીં હોય ? પણ ના, અમારી ધારણા, ખોટી પડી. તેઓ બોલ્યા કે આવતા અઠવાડિયે પોતે કોલેજમાં આવી નહીં શકે, કારણ તેમને દાંત પડાવવા જવાનું છે. તેમના શબ્દો હતા, 'I am very sorry, I won't be able to engage your classes next week.' કેટલી નમ્રતા, વિવશતા, વેદના અને ફરજ પ્રત્યેની લગન આમાં દેખાતી હતી ! રજા પર ઊતરવાનો એમનો હક્ક હતો તેમાં વિદ્યાર્થીઓ કંઈ જ બોલી શકે તેમ નહોતું, પણ તેમને દુઃખ હતું અમારો ભણવાનો અધિકાર છીનવાઈ જતો હતો તેનું. અમે તો હતપ્રભ થઈ ગયાં. પેલા પુરાણકાળના આશ્રમવાસી ગુરુની યાદ આવી ગઈ.

બીજો પ્રસંગ હતો એમની વિદ્વત્તાનો. અધ્યાપિકા તરીકે એલ. ડી. આર્ટ્સ કોલેજમાં મારી નવી નવી નિમણૂક થયેલી. એક નવલકથા ભણાવતી હતી. તેમાં બે શબ્દો મને સમજાતા નહોતા. એ શબ્દો હતા Savia Indignatia. મેં અન્યને પૂછપરછ કરી પણ સંતોષકારક ન જણાયું. થયું, દાવર સાહેબને જ પૂછું પણ તેઓ ઘેર જવા નીકળી ગયેલા. કોલેજના ઝાંપે તેઓ પહોંચેલા તેમની પાસે હું દોડી ગઈ. તેઓ ઊભા રહી ગયા. માફી માગી, મેં પેલા બે શબ્દો વિષે તેમને પૂછ્યું. તેઓ ઘેર જઈ રહ્યા હતા છતાં પણ ગુસ્સે થયા વગર નમ્રતાથી બોલ્યા કે, આ શબ્દોનો અંગ્રેજી તરજૂમો 'Savage Indignation' થાય છે, ગુજરાતીમાં 'પુણ્ય પ્રકોપ' થાય છે અને 'Gulliver's Travels'ના લેખક Jonathan Swift આ શબ્દો પોતાની કબર પર લખાવવાનું સૂચન કરી ગયેલા. વાહ, દાવરસાહેબ. ગુરુ હો તો આવા હો. કેવી વિદ્વત્તા! એક જ મિનિટમાં બે શબ્દોના અર્થ સમજાવી દીધા. ત્યારે લાગ્યું કે તેમને આપેલું 'હરતી ફરતી લાયબ્રેરી'નું બિરુદ યોગ્ય જ હતું. આવા ગુરુની નિશ્રામાં અભ્યાસ કરવાનું ભાગ્ય પ્રાપ્ત થયેલું તેનું આજે પણ ગૌરવ છે. - કમલા પરીખ

આઝાદીજંગની એક સ્મરણીય ઘટના

તીર્થધામ ડાકોરમાં ૧૯૪૨માં 'ભારત છોડો'ના ઠરાવ પછી તરત જ લોકટોળાં અને પોલીસ વચ્ચેની અથડામણમાં ૫૧ રાઉન્ડ છોડાયેલા ! ખિલાફતના સમયગાળામાં દ્વારકાના શંકરાચાર્ય અને રાષ્ટ્રવાદી ભારતીકૃષ્ણ તીર્થ ડાકોરમાં ચાતુર્માસ અર્થે ત્રિવેદી મેવાડા બ્રાહ્મણોની વાડી અંબાવાડીમાં નિવાસ કરે. ગામમાં દરરોજ તેમનાં જાહેર પ્રવચનો થાય. એક દિવસ રાજકીય પ્રવચન અંગ્રેજીમાં આપે, જેનો તત્કાળ અનુવાદ જીવાભાઈ પટેલ (જાણીતા લેખક ગોપાળદાસના પિતાશ્રી) કરે અને એક દિવસ ધાર્મિક પ્રવચન સંસ્કૃતમાં આપે, જેનો અનુવાદ કરે હાઈસ્કૂલના વિદ્વાન હેડ માસ્તર ગિરિજાશંકર ભટ્ટ.

દરમિયાનમાં સરકારે શ્રીમદ્ શંકરાચાર્યની ગિરફતારીનું વૉરન્ટ કાઢેલું, કારણ કે કરાંચી ભરાયેલી મુસ્લિમ ખિલાફત પરિષદમાં અંગ્રેજ સરકાર વિરુદ્ધ તેમણે ભાષણ આપેલું. ઉચ્ચ અંગ્રેજ પોલીસ અધિકારી વૉરંટ બજાવવા આવ્યો. દ્વારકાપીઠની ગાદી તે વખતે કોર્ટના મામલામાં હતી એટલે પોતાની સાથે લાવેલી પૂજામાં શંકરાચાર્ય બેઠા હતા. સાથે બેઠા હતા હેડ માસ્તર ભટ્ટ સાહેબ. પેલો અધિકારી જોડા સાથે પ્રવેશ્યો ત્યાં જ શ્રી ભારતીકૃષ્ણ તીર્થનો આદેશ આવ્યો, 'ઑફ યૉર શૂઝ. ધીસ ઈઝ અ શ્રાઈન.' બધાં કાગળિયાં તપાસાયાં. નોંધ થઈ. કબજો લેવાયો. પોલીસે શંકરાચાર્યને વિનયપૂર્વક ગાડીમાં બેસાડ્યા.

પણ ગલીમાંથી ગાડી બજારમાં પહોંચી તો લોકોની ઠઠ ! તમામ કોમોના લોકો રસ્તા પર સૂઈ જઈ કહેતા હતા, 'ગાડી અમારા ઉપર થઈને લઈ જાવ.' મામલો વકરતો લાગ્યો. શંકરાચાર્યે સૌને સમજાવ્યા. સૌ શાંત તો થયા. મંદિરમાંથી ચાંદીની ખુરસી મંગાવી, તેના પર શંકરાચાર્યજીને બેસાડીને બજાર વચ્ચે તેમની આરતી ઉતારવામાં આવી- પછી જ શંકરાચાર્યજી વિદાય થયા. તેમની આ ગિરફતારી વખતે હાજર યુવાન આજ ૯૦ વર્ષની વયે ડાકોરમાં ઉપસ્થિત છે, બાપાલાલભાઈ. તો ગિરફતારી પછી શ્રીમદ્નાં પાવડી-છત્ર- ચામર શ્રી ભટ્ટસાહેબને ત્યાં મુકાયેલાં, જે વર્ષો સુધી ત્યાં રહેલાં આ લખનારે જોયાં છે ! આપણા સ્વાતંત્ર્ય-સંગ્રામની ગૌરવગાથાનાં આવાં તો કેટલાંય પ્રકરણો હજુ અજાણ્યાં હશે ! - વિનોદ અધ્વર્યુ

[વાચકોને પણ આ પ્રકારના પ્રસંગાનુભવો મોકલી આપવાનું નિમંત્રણ છે. સ્વીકૃત પ્રસંગો આ વિભાગમાં પ્રસિદ્ધ કરાશે. - તંત્રી]

મહિલા વિજ્ઞાનીઓનું અભિવાદન

૧૩મી ફેબ્રુઆરી ૧૯૯૫ના દિવસે ફિલિપાઈન્સમાં આવેલા આંતરરાષ્ટ્રિય ડાંગર સંશોધન કેન્દ્રમાં દુનિયાના ૨૦૦ જેટલાં વિજ્ઞાનીઓની ૨૨મી વિશ્વ ડાંગર સંશોધનની પરિષદ યોજાઈ હતી. આ પરિષદમાં ડાંગર પકવનારા એશિયા, આફ્રિકાના મુખ્ય દેશોમાંથી ૧૯૯૪માં અગ્રક્રમે આવનાર યુવાન ડાંગર-સંશોધન મહિલા વિજ્ઞાનીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ ભાગ્યશાળી પાંચ બહેનોને ઓળખવા જેવી છે.

કુમારી માઈથીમીયેન વિયેટનામના ખાદ્યપાકોના સંશોધનકેન્દ્રમાં વનસ્પતિ-શાસ્ત્રી તરીકે કામ કરે છે. વસંતઋતુમાં વધુ પાકતી ડાંગરની અનેક જાતો શોધવાનું શ્રેય આ બહેનને ફાળે જાય છે. વિયેટનામની લાલ નદીના કાંઠે હાલમાં હજારો હેક્ટરમાં આ નવી જાતોની ખેતી થાય છે.

બુરુન્ડી આફ્રિકાની કૃષિવિકાસની રાષ્ટ્રિય સંસ્થાનાં વડા નિયામક તરીકે ડૉ. મેડેલીન નીલીસીમીરવા ફરજ બજાવે છે. બુરુન્ડીની ડાંગરની ખેતીમાં બૅક્ટીરિઅલ શીથ નામનો રોગ કાળો કેર વર્તાવે છે. ડાંગરનું ઉત્પાદન એકદમ ઘટી જાય છે. વળી, આ પહાડી પ્રદેશનું અસ્થિર હવામાન ડાંગરની ખેતીમાં ભારે નુકસાન પહોંચાડે છે. ડૉ. મેડેલીન આ પ્રદેશના વિકટ હવામાનમાં આ ખતરનાક રોગનો સામનો કરી, વધુ ઉત્પાદન આપે એવી ડાંગર શોધવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આજે બુરુન્ડીની ડાંગરની ખેતી નુકસાન કરતી અટકી છે અને ખેડૂતોને વધુ ડાંગર પાકવાથી ઘણો લાભ થયો છે.

ભારતમાં કેરલની કૃષિયુનિવર્સિટીમાં વનસ્પતિશાસ્ત્રી તરીકે કામ કરતાં કુમારી રોસામાએ વધુ ઉત્પાદન આપતી ડાંગરની અનેક જાતો શોધી છે. હાલમાં તેમની શોધેલી નવી જાતોની ૫૦,૦૦૦ હેક્ટર કરતાં વધુ જમીનમાં ખેતી થાય છે. તેમની શોધેલી ઘણી જાતોનો વિશ્વના ડાંગરના સંશોધન વિજ્ઞાનીઓ પોતાના સંશોધનમાં ઉપયોગ કરી રહ્યા છે.

કુમારી લીસ શ્યામસીયા ઈન્ડોનેશિયાના સુકામન્ડી પાકસંશોધન કેન્દ્રમાં જળવ્યવસ્થા વિભાગમાં સંશોધક વિજ્ઞાની તરીકે સેવાઓ આપે છે. વરસાદનાં પાણીની નાની નાની ખેત-તલાવડી બનાવી વરસાદની તંગી વખતે ડાંગરના ઊભા પાકમાં તેમાંથી ૧-૨ પાણી, પિયત આપીને ડાંગરનો પાક બચાવી વધુ ઉત્પાદન લેવાની સરળ પદ્ધતિ તેમણે શોધી છે. ત્યાંની બહેનોએ આ પદ્ધતિ અપનાવી છે. આજે આવી ૧૫૦૦ કરતાં વધુ ખેત-તલાવડીઓમાંથી બહેનો દ્વારા સિંચાઈ કરીને ડાંગરનો પાક બચાવી વધુ ઉત્પાદન લેવામાં આવે છે. ડાંગરની ખેતીમાં બહેનો ઈન્ડોનેશિયામાં આગત્યનો ફાળો આપે છે.

આજે લાખ્ખો હેક્ટરમાં સંકર ડાંગર પકવે છે. તેમાં ઘણા ખેડૂતો નિષ્ફળ જાય છે તેથી નાસીપાસ થયેલા ખેડૂતોને ત્યારે નુકસાન સહન કરવું પડે છે. આ નિષ્ફળતાનું મુખ્ય કારણ શું છે ? તેનું ઊંડાણથી સંશોધન કરવાનું કામ ચીનની બૈજિંગ કૃષિયુનિવર્સિટીમાં ચોખા દ્વારા પોષણ વિભાગમાં પ્રાધ્યાપિકા ડા યાંગ કરે છે. સંકર ડાંગરનું ઉત્પાદન ઓછું આવવાનાં કારણોમાં મુખ્ય કારણ આ ડાંગરના મૂળિયાં જમીનમાંથી જે ખોરાક લેવો જોઈએ તેટલો ખોરાક લઈ શકતાં નથી તે છે. તેમનાં આ તારણે વિજ્ઞાનીઓનું ધ્યાન દોર્યું છે. હવે તે ખામી દૂર કરીને સંકર ડાંગર વધુ પકવી શકાય છે. તેમના આ સંશોધને દુનિયાને ઘણો લાભ કરી આપ્યો છે.

ભારતમાં ગંગાજમનાનાં મેદાનોમાં દર વર્ષે રેલ આવે છે તેમાં ડાંગરની ક્યારીઓમાં એકથી ચાર કે છ મીટક જેટલાં પાણી ફરી વળે છે. તેવી ખેતીમાં તરતી ડાંગરની ખેતી થાય છે. બાંગ્લાદેશ, થાઈલૅન્ડ, વિયેટનામ, માઈનામાર દેશોમાં તરતી ડાંગરની ખેતી મોટા પાયા પર થાય છે.

આફ્રિકાના કેટલાક દેશોમાં પણ ડુબાણ વિસ્તારમાં તરતી ડાંગરની ખેતી થાય છે. તેનું સરેરાશ ઉત્પાદન હેક્ટરે બે ટન જેટલું આવે છે.

ઈરી ફિલિપાઈન્સના તરતી ડાંગર સંશોધન વિભાગના યુવાન વિજ્ઞાની કુમારી માઝારેડોએ દુનિયાના તરતી ડાંગરના પ્રદેશોમાં વિશાળ પાયા પર ૧૯૯૨-૯૩થી સંશોધન શરૂ કર્યું છે. તેમાં વધુ ઉત્પાદન આપી શકે, ૧ મીટર પાણીમાં ઊભી રહી શકે, વધુ ખાતર સહન કરી વધુ પાક પકવી શકે તથા તેમાં લાગતા રોગકિટકોનો સામનો કરી શકે એવી એચ.ટી.એ. ૬૦ નંબરવાળી નવી તરતી ડાંગર શોધી છે.

આઈઆર ૭૨, આઈઆર ૭૪ ડાંગરની પિયતક્યારીમાં વધુ ઉત્પાદન આપતી ડાંગર હેક્ટરે પાંચ ટન જેટલી પાકે છે. તેટલું જ ઉત્પાદન હેક્ટરે ૮૦ કિલો નાઈટ્રોજન ખાતર આપવાથી આ તરતી ડાગરની એચટીએ ૬૦ નંબરવાળી જાતે ઉત્પાદન આપ્યું છે.

દુનિયામાં નવલાખ હેક્ટર જેટલી જમીનમાં તરતી ડાંગર થાય છે. જેનું હાલનું સરેરાશ ઉત્પાદન બે ટનથી વધારીને પાંચ ટન જેટલું લેવામાં કુમારી માઝારેડોનું આ સંશોધન અગત્યનો ભાગ ભજવે છે.

આમ, આ યુવાન મહિલા વિજ્ઞાનીઓનું આ પરિષદમાં બહુમાન કરી તેમને ઇનામ આપવામાં આવ્યાં હતાં. આવી ઉત્સાહી ધગશવાળી બહેનોને આપણાં સૌનાં અભિનંદન. ઈરીમાં ૧૯૬૦થી માનવજાત માટે ડાંગરનું સંશોધન થઈ રહ્યું છે.

('ઈરી રિપોર્ટર'ને આધારે)

- રાજુભાઈ જંત્રાણિયા

કલાસાધના



શિલ્પકાર
રતિલાલ કાંસોદરિયા

તાજેતરમાં જેમનાં શિલ્પોનું પ્રદર્શન અમદાવાદ ખાતે રવિશંકર રાવળ કલાભવનમાં યોજાઈ ગયું તે રતિલાલ કાંસોદરિયાનો જન્મ રાજકોટ જિલ્લાના નાનકડા ગામ પ્રેમગઢમાં ૧૯૬૧ના ઑક્ટોબરની ૧૫મીએ ખેડૂત પરિવારમાં થએલો. આજ પણ હજુ એ ગ્રામવાસીઓ હટાણું કરવા જેતપુર જેવા નજીકના ગામે જતાં હોય ત્યાં નવી દુનિયાના આચાર-વિચારનો પાશ નહિવત હોઈ પ્રજામાનસ ખૂબ જ ઊર્મિશીલ અને અંધશ્રદ્ધાળુ હોય તે સ્વાભાવિક છે. ઈશ્વરશ્રદ્ધા એમનું મુખ્ય જીવનધારક બળ છે. આથી ત્યાં ઉત્સવો, રમતગમતો આદિનાં તળ મિજાજ અને સ્વરૂપ જળવાઈ રહ્યાં છે. આવા વાતાવરણમાં એમનું શૈશવ વીત્યું.

પ્રાથમિક શિક્ષણકાળ દરમિયાન માટીનાં વિવિધ રમકડાં બનાવવામાં એમને ખૂબ રસ પડતો. ગ્રીષ્મમાં સહેલાઈથી મળી રહેતા ચૂનાના પત્થર કાપીકાપીને મિત્રો સાથે દેવદેવીઓની મૂર્તિ બનાવતા. વળી, ગામના મૂળજી સુથારની સાથે રહી લાકડાના નાના નાના મનગમતા આકારો પણ બનાવતા. ઘરમાં માતા અને બહેનો ઘડા પર મેશથી આલેખનો કરતાં તે જોઈ ચિત્રકળામાં પણ રસ જાગ્યો. માતાને ભરતગૂંથણ કરતી જોઈ પોતે પણ તેનું અનુકરણ કરતા. મોટાભાઈ ખેતોપયોગી અને ઘરની અન્ય વસ્તુઓ શણગારવામાં પાવરધા હતા. પિતાજી નાટક-દુહા-ભજનો વગેરેમાં સક્રિય. પોતે પણ નાનપણમાં આ બધા સંસ્કારો ઝીલ્યા. આમ, માતાપિતા અને ભાઈભાંડુ તરફથી બાળ-તરુણ વયે કલાસંસ્કારોને પૂરતું પોષણ મળ્યું.

એમણે છઠ્ઠા ધોરણમાં રંગચિત્રો બનાવવાની કળાથી નવો વળાંક સાધ્યો. શાળામાં કે ગામમાં કોઈ મહાનુભાવ આવે તો તેમના ચહેરા ચીતરે. એ કાળે જાણીતા કલાકારો રવિશંકર રાવળ, સોમાલાલ શાહ, રસિકલાલ પરીખ, બેન્દ્રે, જ્યોતિ ભટ્ટ, કનુ શાહ, કનુ નાયક, નટુ પરીખ વગેરેની ચિત્રકૃતિઓ એમને આકર્ષતી અને ચિત્રકળામાં આગળ વધવાની પ્રેરણા આપતી. દરમ્યાનમાં પી.ટી.સી.ના શિક્ષણમાં જોડાયા અને ત્યારે ચિત્રકળાની એલિમેન્ટરિ અને ઈન્ટરમીડિએટ પરીક્ષાઓ પણ પસાર કરી. આ ગાળામાં શ્રી રાઘવ કનેરિયાના પરિચયમાં આવવાનું બન્યું, જેમણે એમને વડોદરાની ફાઈન આર્ટ્સ કૉલેજમાં અભ્યાસ કરવાની સલાહ આપી. ગ્રામવાસી રતિલાલ હવે નગરવાસી બને છે અને કનેરિયાના શિષ્ય બની જાય છે. ૧૯૮૭માં શિલ્પમાં બી.એ.ની અને ૧૯૯૦માં એમ.એ.ની ઉપાધિ મ.સ. યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કરે છે. આ અભ્યાસકાળ દરમિયાન ભારત અને વિશ્વના વિવિધ કલાપ્રવાહોથી માહેર થવાની તક મળી. આ પછી ત્રણ વર્ષ મ.સ. યુનિવર્સિટીની ફાઈન આર્ટ્સ ફેકલ્ટિમાં વ્યાખ્યાતા તરીકેની સેવાઓ આપી. હાલ તેઓ અમદાવાદમાં ચિ.ન. વિદ્યાવિહારના કલાભવનમાં કલાના અધ્યાપક તરીકે સેવાઓ આપે છે.

આરંભે માટીકામ, પછી ચિત્રકામ, કાષ્ઠકલા અને છેવટે તેમની સર્જકતા ધાતુશિલ્પ તરફ કેન્દ્રિત થાય છે. ગામડાંની રમતોને, રિવાજોને, માન્યતાઓને એઓ પોતાનાં ધાતુ-શિલ્પોમાં નિજી કલ્પનાના રંગો પૂરી આબેહૂબ રજૂ કરે છે. એમની આ સિદ્ધિએ એમને અનેક માન-અકરામના અધિકારી બનાવ્યા છે. ૧૯૮૬, ૮૯ અને ૯૨માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી તરફથી તેમને ઍવૉર્ડ મળેલા છે. ૧૯૯૧માં નાગપુરમાં છઠ્ઠી

દોરડું વણતો આધેડ પુરુષ
નીચે : ગામના તળાવમાં ભૂસકો મારતા ત્રણ યુવાનોની વિશેષ મુદ્રા







મંદિરમાં ઝાલરટાણે વાદ્યો વગાડતા ગ્રામવાસીઓ
નીચે : ઘોડિયામાં સૂતેલા નાના ભૂલકા સાથે ગેલ કરતા ભાંડુઓ.



અખિલ ભારતીય કલાસ્પર્ધામાં તથા ઉજ્જૈનની રાષ્ટ્રિય કાલિદાસ અકાદમી તરફથી પણ એમને ઍવોર્ડ મળેલા છે. આ ઉપરાંત ચંદીગઢ, અમદાવાદ, મુંબઈ, દિલ્હી, જયપુર આદિ સ્થળોએ યોજાયેલ વિવિધ કલાસ્પર્ધાઓમાં ભાગ લીધો છે. એમનાં શિલ્પોનાં મુંબઈની જહાંગીર આર્ટ ગૅલરિમાં તથા નવી દિલ્હીમાં 'આર્ટ હેરિટેજ'માં પ્રદર્શનો પણ યોજાયાં છે. દેશવિદેશમાં એમની શિલ્પશૈલી અને ગ્રામમૂલક શિલ્પવિષયોએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. એમનાં શિલ્પોમાં ગ્રામયુવક-યુવતીઓના રમતિયાળપણાને, ભોળપણને, તરલતાને અભિવંયજિત કરવા દોરડા જેવા પાતળા અને ગોળાઈવાળા આકારોને એમણે પસંદ કર્યા છે. એમની શિલ્પશૈલીની આ વિશેષતા છે. અહીં એમના ધાતુશિલ્પની કેટલીક પ્રતિકૃતિઓ રજૂ કરી છે. આમ, ધાતુશિલ્પ તૈયાર કેવી રીતે થાય છે તેની આખી પ્રક્રિયા આ સાથે આપવામાં આવેલા લેખમાં શિલ્પકારે સંક્ષેપમાં વર્ણવી છે. આ શિલ્પકલા કેવી શ્રમસાધ્ય અને સૂઝસાધ્ય છે તેનો ખ્યાલ તે પરથી આવી રહેશે.

- ધીરુ પરીખ

મેટલ કાસ્ટિંગ

યુગોપુરાણી ધાતુની મૂર્તિઓના અવશેષો કોઈ મ્યૂઝીઅમમાં જુઓ કે નવ્ય ધાતુશિલ્પો આજના બગીચાઓ-સંગ્રહાલયોમાં જુઓ ત્યારે સહેજે સવાલ ઉદ્ભવવાનો કે આવાં શિલ્પો ધાતુમાંથી કઈ રીતે બનતાં હશે ? ધાતુનાં શિલ્પોનું કામ અઘરું અને ખર્ચાળ



સળિયાના માળખા પર મીણ લગાડવાની પ્રક્રિયા ● મીણની નળીઓમાંથી ગેસ બહાર કાઢવાની તથા ધાતુનું પ્રવાહી રેડવાની પ્રક્રિયા





કલાકૃતિનું માળખું તૈયાર થયે પ્લાસ્ટર ઑફ પૅરિસ
તથા ઇંટોના પાઉડરનું પ્રવાહી પ્રથમ આવરણ રૂપે લગાવાય છે.



કલાકૃતિના રોલને ઇંટોની પૅક ભઠ્ઠીમાં
ઉતારવામાં આવે છે.

પણ છે એટલે એ ઓછું થતું જોવા મળે છે.

ધાતુકલાની કારીગરીનો ઇતિહાસ આશરે ૫૦૦૦ વર્ષો જૂનો છે. વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓમાં ધાતુનાં ન્હાનાંમોટાં શિલ્પો સફળતાની ટોચે પહોંચેલાં. તે કાળે ધાતુનું જે પ્રકારે કામ થતું તેના મૂળ સિદ્ધાંતોમાં આજે પણ કોઈ મોટો ફરક પડ્યો નથી. ફરક માત્ર અદ્યતન ટેક્નોલૉજિનો છે, જેનાથી કામમાં ઝડપ અને સફાઈ આવે છે. આજે આમાં માનવશ્રમ કરતાં માનવબુદ્ધિએ સર્જેલ યંત્રસામગ્રીનો સમુચિત ઉપયોગ થાય છે.

આજે ધાતુમૂર્તિ કઈ રીતે તૈયાર થાય છે તે જોઈએ. શિલ્પકારના મનમાં જન્મેલી મૂર્તિ પ્રથમ તો કાગળ પર આકાર લે છે; ત્યારબાદ માટીમાં અને પછી સળિયાના માળખા (સ્ટ્રક્ચર) પર મીણ લગાડીને તેને રૂપ અપાય છે. જ્યારે મૂર્તિ મોટા કદની બનાવવાની હોય ત્યારે તેને પોલી રાખવી પડે છે.

પરન્તુ અત્યારે તો સીધી મીણની પ્રક્રિયા (direct wax process)ને જોઈએ. મીણમાંથી બનાવેલ શિલ્પની ઢળાઈને 'ડાઈરેક્ટ મેથડ' કહે છે. આ પદ્ધતિમાં સળિયાના માળખા પર લગાડેલા મીણનો હિસાબ રાખવો ખૂબ જ જરૂરી છે, કારણ કે એલ્યુમિનિઅમ સિવાયની પિત્તળ, તાંબું, કાંસું આદિ ધાતુ હોય ત્યારે ૧ કિ.ગ્રા. મીણ=૧૦ કિ.ગ્રા. ધાતુનું પ્રમાણમાપ રાખવું પડે છે. મીણનો જે આકાર ઢળાય છે તે જ આકાર ધાતુ - ઢળાઈ પછી પણ પ્રાપ્ત થાય છે. મીણમાં ઢાળ્યા પછી દસેક દિવસે ધાતુમૂર્તિ તૈયાર થાય છે. વજન દસગણું વધી જાય છે. મીણમાં ઢળેલાં ઢાંચાને



કલાકૃતિના મીણ ઉતારેલા રોલને જમીનમાં
દાટી તેમાં ગળેલી પ્રવાહી ધાતુ રેડાય છે.

ધાતુમાં રૂપાંતરિત થયા પછી મોટા હથોડાના ઘા ઝીંકાય છે અને ઢાળેલી મૂર્તિનાં અંગો મજબૂત બની જાય છે. આમ, ધાતુશિલ્પ તૈયાર થાય છે તે મુખ્ય ચાર તબક્કામાંથી પસાર થાય છે.

પ્રથમ તબક્કો મીણથી મૂર્તિ નિર્માણ કરવાનો છે. બીજા તબક્કામાં મીણની આ મૂર્તિ ઉપર લાંબા વિચાર બાદ ધાતુને ક્યાંથી રેડવી અને જ્યારે ધાતુ રેડાય ત્યારે બીબા (mould)માંની નિષેધાત્મક જગ્યા(નેગેટિવ સ્પેસ)ની મૂર્તિનો ગૅસ+હવા ક્યાંથી નીકળશે વગેરેનો ખ્યાલ કરવો પડે છે. આ બીજો તબક્કો અતિ મહત્ત્વનો ગણાય છે. આ તબક્કામાં ક્ષતિ થવી જોઈએ નહિ. આ તબક્કા દરમિયાન મીણની મૂર્તિ પર ક્રમશઃ મીણની નળીઓ લગાડવામાં આવે છે, જે મોટા ભાગે પૅરાફિન મીણની હોય છે. હવે પેલી મીણની મૂર્તિ એક જાળા જેવી દેખાશે, કારણ કે તેના પર સળિયા, હવાની નળીઓ વગેરે લાગેલાં હોય છે.

ત્રીજો તબક્કો બીબાઢળાઈ (moulding) અને મીણને દૂર કરવાનો (dewaxing)નો છે. બીજા તબક્કા પછી તૈયાર થયેલા બીબા પર ૫૦ ટકા પ્લાસ્ટર ઑફ પૅરિસ અને ૫૦ ટકા ગ્રોગ ડસ્ટના મિશ્રણને લગાડી બીબાને સંપૂર્ણપણે આવરી લેવામાં આવે છે. બીબાની નીચેના ભાગે સળિયા અને હવાની નળીઓની ગળણીઓ રાખવામાં આવી હોય છે. ત્યાંથી મીણને ઓગાળીને બહાર કઢાય છે. આથી બીબું તૈયાર થઈ ગયા પછી તેમાંના મીણને દૂર કરવા માટે તેને એક ખાસ પ્રકારની ભઠ્ઠીમાં મૂકી ઉપરથી તે બંધ કરી દેવામાં આવે છે. ચોવીસ કલાક કે તેથી વધુ સમય માટે ભઠ્ઠીમાં તેને ગરમ કરાય છે, અને બધું મીણ ટપકી રહ્યા બાદ તેમાંનો ગૅસ પણ દૂર કરવામાં આવે છે. ત્યાર પછી બીબું તે ભઠ્ઠીમાં ચોવીસ કલાક સુધી રાખી મૂક્યા બાદ ભઠ્ઠી તોડી એક પછી એક નળી સાફ કરાય છે. હવે પેલા બીબાને જ્યાં ધાતુ ગાળવામાં આવે છે ત્યાંથી એકાદ મીટર દૂર રેતીના કે માટીના ખાડામાં તેની ગળણીઓ ઉપર રહે તે રીતે ગોઠવવામાં આવે છે. આ છે ચોથો તબક્કો. હવે જ્યારે પેલી ધાતુ બરાબર પીગળી રહે ત્યારે તેની સપાટી પર તરતી અશુદ્ધિઓ ચમચા વડે કાઢી લઈ તે ધાતુના રસને સાવધાનીથી અને ઝડપથી મુખ્ય નાળચામાં રેડવામાં આવે છે. ધાતુનો રસ જેમ જેમ અંદર જતો જાય છે તેમ તેમ અન્ય નળીઓમાંથી તેનો ગૅસ બહાર નીકળવા માંડે છે અને છેવટે બધી નળીઓ ધાતુરસથી સંપૂર્ણ ભરાઈ જાય છે ત્યારે સહુ નિરાંતનો દમ લે છે. આમાં એક કરતા વધુ વ્યક્તિઓની જરૂર પડે છે. ચોવીસ કલાક સુધી બીબામાં ધાતુરસ ઠર્યા પછી બીબાને ખાડામાંથી બહાર કાઢી તે વજનદાર શિલ્પ પરથી અગાઉ લગાડેલી નળીઓનું જાળું દૂર કરાય છે અને પછી શિલ્પકાર તે શિલ્પને અનુકૂળ રંગથી આખરી ઓપ આપે છે. આ આખીએ પ્રક્રિયા મહેનત, ખંત, ધીરજ અને આવડત માગી લે છે. આમ, આખરે તૈયાર થયેલું ધાતુશિલ્પ કલાકારની સ્વપ્નસિદ્ધિ બની જાય છે.

- રતિલાલ કાંસોદરિયા

વાર્તા

બાનો પત્ર

હેમાંગકુમાર ત્રિવેદી

ઑફિસના કાર્યભારણ, બોસની ટકટક, મુંબઈની લોકલ ટ્રેનની દોડાદોડી વગેરે અનેક જાતના ટેન્શનથી પરવારીને વિવેક માંડમાંડ પોતાની ખોલીએ પહોંચ્યો. તેની નજર તેના વતન મીઠાપુરથી, તેની માતા રેવાબેને, તેના પાડોશી રવજીભાઈના હાથે લખાવેલ પત્ર પર પડી. વિવેકે વાંચ્યા વિના ગુસ્સાપૂર્વક તેનો ટેબલ પર ઘા કર્યો, કારણ કે વિવેક દર મહિનાની બીજી તારીખે બસો રૂપિયા ગમે તેમ કરીને મોકલતો છતાં રેવાબેનનો પત્ર દર પચીસમીએ આવતો.

વિવેક જમી-પરવારીને પથારીમાં પડ્યો. તે વિચારવા લાગ્યો : આ મહિને રવજી અહીં આવેલો, ત્યારે તેની સાથે મેં સો રૂપિયા મોકલ્યા છતાં બાએ બીજા સો રૂપિયા માટે પત્ર લખ્યો ! તેમને ગામડામાં શું ખરચ છે ? આ વખતે એકસો રૂપિયામાં પૂરું કર્યું હોત તો હું આવતે મહિને ત્રણસો રૂપિયા ન મોકલત ? આ મહિને બાબાની બર્થડે પાર્ટી, પર્યટન, સ્કૂલ-ફી તથા પ્રમોશન માટે બોસને રાજી કરવા જંગી ખર્ચ કરવાનો તેમાં વળી ડોશીમાનો ખર્ચ ઉમેરાયો. ચાલ, બાને લખી નાખું કે આ મહિને ઈન્કમ ટૅક્સ ભરવાનો હોવાથી હું રૂપિયા મોકલી શકીશ નહિ, તમે ગમે તે વ્યવસ્થા કરી લેજો. આમ, વિચારીને તે પત્ર લખવા બેઠો ત્યાં તેની પત્ની માલાએ બેડરૂમમાં પ્રવેશતાં પૂછ્યું, 'બાનો પત્ર આવ્યો છે, તમે વાંચ્યો ?' 'ના.' વિવેકે કહ્યું.

માલાએ વિવેકના હાથમાં કાગળ મૂક્યો :

ચિ. વિવેક,

થોડા દિવસ પહેલાં રવજી મારફત તેં મોકલેલ સો રૂપિયા મળેલ છે. રવજીએ મને મુંબઈની જિંદગી વિશે વાત કરી. મને તમારાં બધાંની ખૂબ ચિંતા થાય છે કે તમે ત્યાં કેવી રીતે ઘરનું પૂરું કરતા હશો ? હું આટલા વખતથી તારી પાસેથી બસો રૂપિયા મંગાવતી હતી તે બદલ મને મારી જાત પ્રત્યે નફરત થાય છે, કારણ કે તારા પગારમાંથી તારા ઘરનું માંડ પૂરું થતું હશે તેમાં વળી તારે મને પૈસા મોકલવા પડતા હતા, એટલે હવે દીકરા તને વિનંતી છે કે તું આ મહિનાથી મને પૈસા મોકલતો નહિ. મેં અહીં અંબર ચરખો કાંતવાનું કામ શરૂ કરેલ હોવાથી મારે હવે પૈસાની આવક શરૂ થયેલ છે. જો તારે હવે પૈસાની ખેંચ પડતી હોય, તો મને બેધડક લખી નાખજે હું તને પૈસા મોકલતી રહીશ.

વહુને તથા છોકરાવને આશીર્વાદ લિ.

રેવાબેનના આશિષ

દ : રવજી □

અતીતમાં અવગાહન

ઈન્કિલાબની ઈતિહાસરેખા

હિંદુસ્તાનની વૈભવગાથાઓ સાંભળીને વેપાર કરવાને બહાને એક દિવસ ઇંગ્લંડનો સાહેબ હિંદને કિનારે ઊતર્યો. તેણે વેપાર માટે સગવડો મેળવી ઠેરઠેર પોતાની કોઠીઓ નાખી. એ વેપાર કરતાં કરતાં તેણે દેશનો કુસંપ જોયો, માંહોમાંહેના ઝગડા જોયા, લોકોની ઉદારતા જોઈ અને તેની દાઢ સળકી. ધીરેધીરે તેણે પોતાનો પગ પસારવા માંડ્યો. કાવાદાવા, વિશ્વાસઘાત, શામ, દામ, દંડ અને ભેદ ઇત્યાદિ સર્વ ઉપાયોનું અવલંબન લઈ તેણે પોતાની સત્તા જમાવવાની શરૂ કરી. આ દેશના જ લોકોનાં લશ્કર અને આ દેશના જ પૈસા વડે તેણે રાજ્ય મેળવવા માંડ્યું અને થોડા જ વખતમાં બંગાળથી શરૂ કરી ધીમેધીમે તેણે આખા હિંદ પર પોતાની રાહુ-છાયા પ્રસારી. કામધેનુ જેવા ગણાતા આ દેશને તેણે પોતાની લોખંડી નાગચૂડમાં જકડી લીધો.

એ નાગચૂડમાંથી છૂટીને પોતાનું ગત સ્વાતંત્ર્ય પાછું મેળવવાનો પ્રથમ સંગઠિત પ્રયત્ન થયો ૧૮૫૭માં. રાય ને રંક, હિંદુ ને મુસલમાન, લશ્કર ને પ્રજા, સર્વેએ ફિરંગીને હિંદમાંથી હાંકી કાઢવાનો ઐતિહાસિક પ્રયત્ન કર્યો. ઘડીભર તો સાહેબનું રાજ્ય જડમૂળથી ઊખડી ગયું એમ લાગ્યું. પણ અમીચંદની દેશદ્રોહી જમાતે સાહેબને સહાય કરી ને સાહેબ બચી ગયો ને અભૂતપૂર્વ સ્વાતંત્ર્યયુદ્ધ નિષ્ફળ ગયું.

સાહેબે હવે દેશ પરની પોતાની પકડ વધુ દૃઢ કરી. તેણે તાર, ટપાલ, ટેલિફોન, રેલવે ઇત્યાદિ વસ્તુઓ દ્વારા દેશના લોકોને આંજી નાખ્યા. અશાંતિ તથા લડાઈથી કંટાળી ગએલા લોકોને સાહેબના અમલ નીચે સ્વસ્થતા તથા શાંતિ મળવાથી સાહેબ સામેનો અસંતોષ ધીમેધીમે ઓછો થવા લાગ્યો. પણ શાંતિભર્યા એ કાળમાં પણ સાહેબ પાસેથી રાજ્ય પડાવી લેવાના બે વીરતાભર્યા પ્રયત્નો થયા. એક ૧૮૭૨માં પંજાબમાં કૂકા વિપ્લવ રૂપે. ગુરુ રામસિંહની આગેવાની નીચે દોઢસો કૂકા સશસ્ત્ર બંડ પોકારી આખર સુધી સાહેબ સામે વીરતાથી લડ્યા. પણ અંગ્રેજોએ પોતાની વિરાટ શક્તિના જોરે તે પ્રયત્નને દાબી દીધો. બીજો પ્રયત્ન કર્યો ઈ.સ. ૧૮૭૯માં ક્રાંતિવીર વાસુદેવ બળવંત ફડકેએ મહારાષ્ટ્રમાં. શિવાજી મહારાજ માફક તે વીરે રામોશી નામની લડાયક કોમના માણસો ભેગા કરી, અંગ્રેજો સામે બંડ પોકારી, ગેરીલા પદ્ધતિથી યુદ્ધ શરૂ કર્યું. પણ આખરે બલશાળી બ્રિટિશ સલ્તનત સામે તેનો એ એકલ પ્રયત્ન ટકી ન શક્યો.

દેશમાં ઘુમરાઈ રહેલા આ અસંતોષના અગ્નિને માર્ગ આપી તેની તાકાત ઓછી કરવા ૧૮૮૫માં હ્યૂમ નામના અંગ્રેજની આગેવાની નીચે આજની કૉન્ગ્રેસનો જન્મ થયો. પણ safety valve તરીકે શરૂ કરાએલી આ કૉન્ગ્રસ જ આગળ જતાં 'અંગ્રેજો, ચાલ્યા જાઓ'નો નાદ ગજવશે એ તે વખતે કોને ખબર હતી ?

પછી આવ્યા 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે'ની પ્રથમ ગર્જના કરનાર લોકમાન્ય ટિળક. સ્મશાનશાંતિમાં ઘોરતી પ્રજાને જગાડવાનો તેમણે પ્રયત્ન કર્યો. તેનો પડઘો પડ્યો ૧૮૯૭માં પૂનામાં. ચાફેકર બંધુઓએ બે અંગ્રેજ અમલદારોને ગોળીથી ઠાર કર્યા. પિસ્તોલના એ પહેલા ધડાકાએ હિંદને હચમચાવી મૂક્યું.

પણ લોકો સમગ્ર રીતે તો જાગૃત થયા 'બંગભંગ' વખતે. લૉર્ડ કર્ઝને બંગાળના પાડેલા ભાગલા સામે આખા હિંદમાં અંગ્રેજ વિરુદ્ધ અસંતોષનો આતશ ભભૂકી ઊઠ્યો. લાલ (લાલા લજપતરાય), બાલ (બાલ ગંગાધર ટિળક), અને પાલ (બિપિનચંદ્ર પાલ)ની ત્રિપુટીએ આ અવસરે લોકોમાં સ્વરાજ્ય અને સ્વદેશીની ભાવના પ્રકટાવી. પ્રજાના વિરોધને કારણે સરકારને બંગભંગ પાછો ખેંચવો પડ્યો. પણ અસંતોષના એ આતશમાંથી તેજસ્વી ક્રાંતિકારીઓના જે અંગાર પેદા થયા તે કેમે બુઝાયા નહિ. ૧૯૦૪થી ૧૯૧૪ના એ કાળમાં બારીન્દ્ર ઘોષ, ભૂપેન્દ્ર ,દત્ત, ખુદીરામ બોઝ ઇત્યાદિ ક્રાંતિકારીઓની જ્વલંત કતાર ચમકી ગઈ. દેશદાઝથી પ્રેરાઈ તેમણે બૉમ્બનો માર્ગ લીધો. ઇંગ્લંડમાં પણ શ્યામજી કૃષ્ણ વર્મા તથા સાવરકરના નેતૃત્વ નીચે ક્રાંતિકારી ચળવળ જોશમાં ચાલતી હતી. ક્યાંય પણ અંગ્રેજની સલામતી નહોતી. આ ભયંકર પ્રવૃત્તિને દાબી દેવા સરકારે અમાનુષી અત્યાચારો ગુજાર્યા. સેંકડોને ફાંસી આપી ને હજારોને કાળા પાણીએ ચક્કી પીસવા ધકેલી દીધા. 'અસંતોષના જનક' લોકમાન્ય ટિળકને પણ દેશનિકાલ કરી દીધા. પણ એમ કંઈ આઝાદીનો આતશ બુઝાય ?

એવામાં ૧૯૧૪માં મહાયુદ્ધ શરૂ થયું. એ સુવર્ણ અવસરનો લાભ લઈ લાલા હરદયાળના 'ગદર પક્ષે' ૧૮૫૭ના યુદ્ધ જેવું બંડ જગાવવાની યોજના કરી. લશ્કરને ફોડ્યું, જર્મનીમાંથી શસ્ત્રો પણ મેળવ્યાં અને વિપ્લવનો દિવસ પણ નક્કી થયો. પણ કમનસીબે અંગ્રેજોને તેની ગંધ આવવાથી તેમણે એ યોજનાના એકેએક નેતાને વીણીવીણીને પકડી લીધો અને યોજના નિષ્ફળ ગઈ. આ અરસામાં બ્રહ્મદેશમાંથી છૂટી આવ્યા પછી લોકમાન્યે 'હોમરૂલ'નો પ્રચાર શરૂ કરી જનતાને સ્વરાજ્ય માટે તૈયાર કરવા માંડી.

મહાયુદ્ધમાં અંગ્રેજોને કરેલી પૂરા દિલની મદદના બદલામાં ઇંગ્લંડે મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ-સુધારા જેવા જે તકલાદી હક્કો આપ્યા તેથી નિરાશ થએલી પ્રજાને પોતાનો અસંતોષ વ્યક્ત કરવાનો કોઈ માર્ગ જડતો

નહોતો. શસ્ત્રાસ્ત્રોથી સજ્જ બ્રિટિશ સામ્રાજ્યનો કેમ સામનો કરવો તેની સૂઝ પડતી નહોતી. દેશની એવી નિરાધાર સ્થિતિને વખતે ભારતની ક્ષિતિજ ઉપર એક નૂતન ચેતનાનો જન્મ થયો. એ ચેતના તે મહાત્મા ગાંધીજી. દક્ષિણ આફ્રિકામાં તાવી જોએલું પોતાનું અસહકારનું દિવ્ય શસ્ત્ર તેમણે પ્રજાને આપ્યું. પાશવી બળનો આત્મિક બળથી સામનો કરવાનો નવો જ રાહ તેમણે દેખાડ્યો અને ૧૯૧૯ની ૬ઠ્ઠી એપ્રિલે તેમણે અસહકારની લડતની હાકલ કરી. પ્રજાએ તેનો ઉત્સાહપૂર્વક જવાબ આપ્યો. ધારાસભા, શાળાકૉલેજો ને કોર્ટકચેરીઓનો બહિષ્કાર થયો, પદવીઓ ફગાવી દેવામાં આવી અને છડેચોક સરકારનો ઈન્કાર કરવામાં આવ્યો. સરકારે પણ દમન શરૂ કર્યું. સરઘસો પર લાઠીમાર કર્યા અને ૪૫,૦૦૦ માણસોને જેલમાં ધકેલી દીધા. પણ લોકોમાંથી સરકાર વિષેનો ડર હવે નીકળી ગયો હતો. ૧૮૫૭ પછી પહેલી જ વાર જનતામાં અભિનવ જાગૃતિ દેખાઈ. લોકોની આ પ્રતિકારકશક્તિ તોડી નાખવા પંજાબમાં જલિયાંવાલા બાગમાં મળેલી સભા પર સરકારે ગોળી વરસાવી હજારોના જાન લઈ રાક્ષસી અત્યાચાર કર્યો.

આ પ્રજાવ્યાપ્ત અસંતોષને શાંત પાડવાનો માર્ગ શોધવા સારું ઈંગ્લંડે સાઈમન કમિશન મોકલ્યું. પણ તેનો સર્વત્ર બહિષ્કાર થયો. એ દેખાવો કરવા ભેગા થએલા લોકો પર સરકારે જે બેફામ લાઠીમાર કર્યો તેમાં લાલા લજપતરાય ઘવાયા ને મૃત્યુ પામ્યા. દેશ પર ફરી નિરાશાનું મોજું ફરી વળ્યું. આ નૈરાશ્યે ફરી જુવાનોને ક્રાંતિને માર્ગે વાળ્યા. તેમણે લખનૌ પાસે કાકોરી સ્ટેશને આગગાડી લૂંટવાનો હિંમતભર્યો પ્રયત્ન કર્યો. પંજાબમાં વીર ભગતસિંહની સરદારી હેઠળની ક્રાંતિકારી સંસ્થાએ પંજાબ નેશનલ બૅન્ક પર ધાડ પાડી અને લાલા લજપતરાયના ખૂનીને ઠાર કર્યો. તેને અંતે ભગતસિંહ, સુખદેવ તથા રાજગુરુને ફાંસી મળી. ઈ.સ. ૧૯૩૦ની ૧૮મી એપ્રિલે જગતભરમાં મશહૂર બનેલો ચિતાગૉંગ ધાડ કેસ બન્યો. સૂર્યસેનની સરદારી હેઠળ ક્રાંતિકારીઓએ ચિતાગૉંગના શસ્ત્રાગાર પર ધાડ પાડી મોટા પ્રમાણમાં હથિયારો કબજે કર્યાં ઠેરઠેર ગોરા અમલદારોનાં ખૂન થવા લાગ્યાં. સરકારે પણ આ ક્રાંતિકારકોને પકડવા આકાશપાતાળ એક કર્યા અને હજારોને ફાંસી તથા જન્મકેદ આપી.

બીજી તરફ કોન્ગ્રેસે ૧૯૨૯ની ૩૧મી ડિસેમ્બરે પૂર્ણ સ્વરાજ્યની માગણી કરી અને ૧૯૩૦ની ૨૬મી જાન્યુઆરીનો દિવસ સ્વાતંત્ર્યદિન મનાવી લોકોમાં સ્વાતંત્ર્યની ભાવના સતેજ કરી. તે જ વર્ષની ૧૨મી માર્ચે ઐતિહાસિક દાંડીકૂચ કરીને ગાંધીજીએ મીઠાનો કાયદો તોડ્યો. ૬ઠ્ઠી એપ્રિલે તો આખા હિંદમાં મીઠા-સત્યાગ્રહનાં મંડાણ થયાં. સરકારી કાયદાના છડેચોક ભંગનું એ મોજું કાશ્મીરથી કન્યાકુમારી સુધી ફરી વળ્યું. ફરી સરઘસો, લાઠીમાર તથા ગોળીબારનો હત્યાકાંડ ભજવાઈ રહ્યો. ૧ લાખ લોકોએ જેલયાત્રા સ્વીકારી. પણ આખરે સરકારને નમતું આપવું પડ્યું; અને ૧૯૩૧ની ૫મી માર્ચે ગાંધી-અર્વિન કરારોની રૂએ લડતને મોકૂફ રાખીને, હિન્દી પ્રશ્નનું નિરાકરણ લાવવા સરકારે ઈંગ્લંડમાં મેળવેલી ગોળમેજી પરિષદમાં મહાસભાના પ્રતિનિધિ તરીકે ગાંધીજી ગયા. પણ તે પરિષદ નિષ્ફળ ગઈ અને ૧૯૩૨માં જનતાની ત્રીજી લડત શરૂ થઈ. આ વખતે સરકારે જ પહેલો ઘા કરી નેતાઓને જેલમાં ધકેલી દીધા અને નિર્દય દમનનીતિ શરૂ કરી, જેમાં ૧૧ લાખ લોકો જેલમાં ગયા. આ લડત દરમ્યાન જ ૧૯૩૨ના જૂનમાં આ દેશમાં ભેદનીતિ અજમાવતો 'કોમી ચુકાદો' સરકારે બહાર પાડયો, જેમાંનો હરિજનવાળો ભાગ તો ગાંધીજીએ ઉપવાસ કરીને સુધરાવી લીધો.

લોકોમાં વધતી જતી સ્વાતંત્ર્યની ભૂખ સંતોષવા સરકારે અંતે ૧૯૩૫માં હિંદશાસન ધારો પસાર કરી પ્રાંતિક અધિકારોને લોકોને સોંપ્યા. તે અનુસાર ૧૯૩૭ના ફેબ્રુઆરીમાં હિંદના ૧૧ પ્રાંતોમાં લોકપ્રતિનિધિ પ્રધાનમંડળો સ્થપાયાં. એવામાં ૧૯૩૯માં બીજું મહાયુદ્ધ શરૂ થયું. લોકમતને ઠોકરે મારી સરકાર હિંદને એ યુદ્ધમાં ઘસડી ગઈ, તેથી પ્રાંતમાંના કૉન્ગ્રેસ પ્રધાનમંડળોએ રાજીનામાં આપી દીધાં. ફરી દેશમાં વટહુકમોનું આપખુદ રાજ્ય શરૂ થયું. લોકોનો વિરોધ વ્યક્ત કરવા મહાત્માજીની સરદારી હેઠળ વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ થયો અને ૩૫,૦૦૦ સત્યાગ્રહીઓએ જેલ સ્વીકારી.

બીજી બાજુ યુદ્ધની વધતી જતી ભીષણતામાં ઈંગ્લંડ કટોકટીમાં ફસાયું એટલે આખરે જનતાની માગણી સંતોષવા ૧૯૪૨ના માર્ચમાં ઈંગ્લંડે સર સ્ટેફર્ડ ક્રિપ્સને હિંદ મોકલ્યા. તેમણે આણેલી યોજનામાં આખરી સત્તા અંગ્રેજને હાથ રાખતા 'વીટો'ના મુદ્દા પર ભંગાણ પડ્યું. આથી જનતામાં તીવ્ર ક્ષોભ ઉત્પન્ન થયો અને હવે તો 'અંગ્રેજો, ચાલ્યા જ જાઓ' એવો આખરી નાદ ગાદી ઊઠ્યો. ૧૯૪૨ના ઑગસ્ટની ૮મીએ કૉન્ગ્રેસે એ અર્થનો ઠરાવ પસાર કરતાં જ ૯મીએ સરકારે સર્વ નેતાઓની તળિયાઝાટક ધરપકડ કરી લઈ ફરી પહેલો ઘા કર્યો. એના પ્રત્યાઘાતોમાં જનતાએ સ્વયંપ્રેરણાથી સરકાર સામે જે લડત શરૂ કરી એ '૪૨ની જબ્બર લોકક્રાંતિ તો સર્વવિદિત છે. સરકારનું તંત્ર થંભાવી દઈ જનતાએ પોતાની જ પ્રતિસરકાર શરૂ કરી. આમાં સંયુક્ત પ્રાંતનો બાલિયા જિલ્લો, બિહારનો મોટો ભાગ, બંગાળનો મિદનાપુર જિલ્લો અને મહારાષ્ટ્રનું સતારા મોખરે હતાં. સરકારે ગાંડા હાથીની માફક ઉગ્ર દમન શરૂ કર્યું અને અમાનુષી અત્યાચારો

(અનુસંધાન પૃ. ૩૫૬ પર)

સાહિત્યસંપર્ક

સ્વ. આશાપૂર્ણાદેવી

તા. ૧૩-૭-'૯૫, ગુરુવારે વહેલી સવારે દક્ષિણ કલકત્તા ખાતેના પોતાના નિવાસસ્થાને ૮૬ વર્ષની જૈફ વયે અવસાન પામનાર અગ્રણી બંગાળી સાહિત્યકાર આશાપૂર્ણાદેવી જ્ઞાનપીઠ ઍવોર્ડ વિજેતા પ્રથમ મહિલા હતાં.

૮મી જાન્યુઆરી, ૧૯૦૯ના રોજ ઉત્તર કલકત્તાના રૂઢિચુસ્ત પરિવારમાં જન્મેલાં આશાપૂર્ણાદેવીનાં લગ્ન ૧૫ વર્ષની વયે થયાં હતાં. નાની ઉંમરથી જ તેમણે લેખન કાર્ય શરૂ કરેલું. તેમનું પ્રથમ કાવ્ય બંગાળના તત્કાલીન લોકપ્રિય બાળસામયિક 'શિશુસાથી'માં પ્રગટ થયેલું. ૨૮ વર્ષની વયે તેમણે પોતાની પ્રથમ નવલકથા 'પત્ની ઓ પ્રેયસી' લખી, જેને કારણે સાહિત્યજગતમાં ખળભળાટ મચી ગયેલો અને તેઓ જાણીતાં બનેલાં. ઈ.સ. ૧૯૩૮માં તેમણે બાળકો માટેનું પ્રથમ પુસ્તક 'ઠાકુરદાદાર કાશીયાત્રા' પ્રગટ કર્યું.

સ્વાતંત્ર્યોત્તર બંગાળી લેખિકાઓમાં સાચા અર્થમાં આધુનિક તથા અગ્રણી લેખિકા હોવાનું ગૌરવ આશાપૂર્ણાદેવીને મળે છે. તેમણે લગભગ દોઢસો નવલકથાઓ અને આઠસોથી વધુ ટૂંકી



વાર્તાઓ લખી છે. બંગાળી સાહિત્યમાં પોતાનું વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે. તેમનું કથાસાહિત્ય પારિવારિક જીવનને વિષય બનાવે છે. તેનું કેન્દ્રબિન્દુ નારી છે. તેમની દૃષ્ટિ સૂક્ષ્મ, સાધારણ દેખાતી પણ પ્રભાવમાં ખૂબ ગહન ઘટનાઓ તથા પ્રસંગોની પસંદગીમાં તથા રેખાંકનમાં સફળ રહી છે. સ્ત્રીપુરુષમાં સમાનતાની માગણી, કોમલતા અને ભાવુક્તાથી મુક્તિ, આત્મનિર્ભરતા તથા સ્વચ્છંદતાની લલક, રોમાંસના સ્થાને વ્યાવહારિક લાભના પરિપ્રેક્ષ્યમાં ઊભરતી વિકૃતિઓ અને વિસંગતિઓની પ્રસ્તુતિથી આશાપૂર્ણાદેવીની રચનાઓ પ્રભાવશાળી થઈ છે.

'અગ્નિપરીક્ષા,' 'આંશિક', 'છાડ્પત્ર', 'ઉન્મોચન', 'પ્રથમ પ્રતિશ્રુતિ', 'સુવર્ણલતા', 'બકુલકથા' વગેરે લેખિકાની નોંધપાત્ર નવલકથાઓ છે. અભિવ્યક્તિની દૃષ્ટિએ પણ તેમણે કેટલાક સફળ પ્રયોગો કર્યા છે. વાસ્તવમાં સ્ત્રીજીવનના બદલાતા પરિવેશ અને જટિલ જીવનની સર્વાધિક સશક્ત અભિવ્યક્તિને કારણે આશાપૂર્ણાદેવીનું સ્થાન બંગાળી કથાલેખિકાઓમાં અગ્રગણ્ય રહેશે.

ઈ.સ. ૧૯૫૪માં કલકત્તા યુનિવર્સિટી તરફથી લીલા ઍવોર્ડ પામેલાં આશાપૂર્ણાદેવીને ૧૯૭૬માં પદ્મશ્રીનો ઍવોર્ડ પણ એનાયત થયેલો. સાહિત્ય અકાદમીની ફેલોશિપ પણ તેમને મળેલી. તેમની અનેક નવલકથાઓ અને વાર્તાઓ પરથી ફિલ્મો, ટેલિ સિરિયલ્સ બનેલી, તે પૈકી ટેલિ સિરિયલ 'સુવર્ણલતા' ખૂબ જ લોકપ્રિય થયેલી.

'પ્રથમ પ્રતિશ્રુતિ' ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર (૧૯૭૭) તથા બંગાળી ભાષાના સર્વોચ્ચ પુરસ્કાર - 'રવીન્દ્ર પુરસ્કાર'થી સમ્માનિત આશાપૂર્ણાદેવીની બૃહદ્ નવલકથા છે. એક બાજુ તે ઘરની ચાર દીવાલોમાં કેદ ભારતીય નારીના અભિશપ્ત જીવનની મર્મસ્પર્શી વ્યથાકથા છે તો બીજી બાજુ તે જાગૃત સંવેદનશીલ સ્ત્રી સત્યવતીની સંઘર્ષકથા છે. તેણે આ સંઘર્ષ પતિ, પરિવાર અને સમાજ સામે એટલા માટે કર્યો કે જેથી આવનારી પેઢીની સ્ત્રીઓ તેણે ભોગવેલ યાતનાથી મુક્ત રહે. લેખિકાએ રચનાને બંગાળના ગ્રામજીવન અને પરંપરાઓ તથા સંસ્કારોના મર્મસ્પર્શી ચિત્રોથી ખચિત દસ્તાવેજ બનાવી છે. અધિકૃતતાની છાપ ઊભી કરવા તેમણે રચનાને બકુલની નોંધપોથીમાંથી લીધેલ દર્શાવી છે. બકુલ કથાનાયિકા સત્યવતીની પુત્રી સુવર્ણલતાની સૌથી નાની દીકરી છે. તેનો નિર્દેશ કરી લેખિકાએ કુશળતાપૂર્વક નવલકથાના અંત પછી શું બન્યું તેનો આછો ખ્યાલ આપી દીધો છે, કેમ કે સુવર્ણનાં લગ્ન સમયે તેની માતા સત્યવતી ગૃહત્યાગ કરે છે ત્યાં નવલકથા પૂરી થાય છે. તેથી તે પછી સુવર્ણનું શું થયું તેનો ખ્યાલ આ અંશ પરથી મળી રહે છે.

સામાજિક દસ્તાવેજ સમાન આ કૃતિમાં ઓગણીસમી સદીના ઉત્તરાર્ધનું ગ્રામજીવન, કલકત્તાનું શહેરીજીવન અને ખાસ તો તત્કાલીન સ્ત્રીજીવન પ્રતિબિંબિત થયું છે. તત્કાલીન સમાજનો આબેહૂબ ચિતાર લેખિકાએ કુશળતાપૂર્વક આપ્યો છે. આશાપૂર્ણાદેવી એક સશક્ત કથાલેખિકા છે તેનો ખ્યાલ કૃતિના વાચન પરથી મળી રહે છે. લેખિકાની વર્ણન-નિરૂપણશક્તિ તથા ભાષાપ્રભુત્વ પ્રશસ્ય છે. બૃહદ્ નવલકથા હોવા છતાં લેખિકાએ ક્યાંય બિનજરૂરી પ્રસ્તાર કર્યો હોય એવું લાગતું નથી. તીર જેવી વેધક લક્ષ્યગામી ગતિ લેખિકાની લેખિનીની વિશેષતા છે. ઓછા શબ્દોમાં વધુ વાત કરવા લેખિકાએ ક્વચિત્ પ્રતીકાત્મક, વ્યંજનાગર્ભ નિરૂપણ કર્યું છે.

બૃહદ્ ફલક પર બેચાર વ્યક્તિનો નહિ પણ એક આખા સમાજનો, એક પરિવેશનો સઘન પરિચય કરાવતી આ નવલકથા સામાજિક વાસ્તવને પ્રભાવક રીતે પ્રસ્તુત કરે છે. વ્યક્તિચેતના અને સમાજચેતના -

બંને સ્તરોને પરસ્પર ગૂંથી એક સુદૃઢ કથાપટ રચી આપતી, અન્યાય અને અત્યાચાર વિરુદ્ધના અભિશપ્ત ભારતીય નારીના સંઘર્ષની માર્મિક, વિચારોત્તેજક અને પ્રેરક એવી આ વ્યથાકથા માત્ર બંગાળી સાહિત્યની જ નહિ, ભારતીય સાહિત્યની એક અવિસ્મરણીય શિષ્ટ કલાકૃતિ છે.

આશાપૂર્ણાદેવીએ બીજું કશું ન લખ્યું હોત અને માત્ર 'પ્રથમ પ્રતિશ્રુતિ', 'સુવર્ણલતા' અને 'બકુલકથા'ની કથાત્રયી જ આપી હોત તો પણ ભારતીય કથાસાહિત્યમાં તેઓ વિશિષ્ટ સ્થાનનાં હકદાર બની શક્યાં હોત.

– ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ



વિદ્યમાન સર્જકની શતવાર્ષિકી

કોઈ સર્જકની શતવાર્ષિકી તેની હાજરીમાં જ ઉજવાય એ તો અત્યંત વિરલ ઘટના કહેવાય ! એવી વિરલ ઘટના હમણાં જ જર્મન પ્રજાએ માણી. વર્તમાન જર્મન સાહિત્યક્ષેત્રે આદરણીય વડીલોત્તમ સમા સમર્થ .

ગદ્યકાર અર્ન્સ્ટ યુંગરનો જન્મ ૨૯ માર્ચ, ૧૮૯૫માં, એટલે માર્ચ ૧૯૯૫માં જર્મન પ્રજાએ તેમની શતાબ્દી ઊજવી – તેમની ઉપસ્થિતિમાં વિદ્યમાન શતવર્ષીય અર્ન્સ્ટ યુંગર પોતાના જ શતાબ્દી ઉત્સવના સાક્ષી બન્યા !

આવે પ્રસંગે પાછલા એક શતક પર નજર નાખતાં એમને કેવો અનુભવ થતો ? હશે ઠેઠ કૈસરના કાળથી સાંપ્રત સમય સુધી આ બૌદ્ધિક સાહિત્યકારે ઉત્સાહપૂર્વક, ક્યારેક સમર્થન કરતાં, ક્યારેક વિમર્શન કરતાં આખીય વીસમી સદીની સતત સમીક્ષા કર્યા કરી છે.

અર્ન્સ્ટ યુંગરે નવલકથા, લેખો ઘણું બધું લખ્યું છે; પણ એ મુખ્યત્વે વિખ્યાત છે તેમની નોંધપોથીઓને કારણે. યુદ્ધો દરમિયાન અને યુદ્ધો પછી, સૈનિક તરીકે રણમેદાન પરની ખાઈઓમાં અને પેરિસના નિવાસમાંથી બોંબરોને જોતાં જોતાં, બે વિશ્વયુદ્ધોના વચગાળામાં ને બીજા વિશ્વયુદ્ધ પછીના જર્મનીના, પુનર્નિર્માણના સમયમાં, નાઝીસત્તાના ઉદય પહેલાંને તે સત્તાના સમયમાં યુંગરે સતત પોતાની દૃષ્ટિએ પરિસ્થિતિઓને જોતાં ને ચિંતવતાં પોતાની જીવનનોંધ લખ્યા કરી છે, જે આજે જર્મનીની જ નહીં વિશ્વની અણમૂલી અમાનત બની રહી છે.

યુંગર અન્ય લખાણોમાં ને વિશેષત: આ નોંધપોથીઓમાં એક સમર્થ ગદ્યકાર તરીકે પ્રગટ થાય છે. કોઈકને તેમની બુદ્ધિની સીમાઓને ન ગાંઠતી શૈલી ન રુચે, પણ જેને એમના ગદ્યનો સ્વાદ એક વખત ભાવી જાય છે તે એમનાં લખાણોથી જરાય અળગો થઈ શકતો નથી.

અલબત્ત, અંગ્રેજીભાષી વિસ્તારોમાં અર્ન્સ્ટ યુંગર બહુ જાણીતા નથી, પણ ચકાસણીમાં ચીકણા એવા ફ્રાન્સમાં એમનાં ઘણાંબધાં લખાણો અનૂદિત થઈ ચૂક્યાં છે.

એ ખરું કે જર્મનીમાં પણ હંમેશાં એમને કેવળ આવકાર અને અનુમોદન મળ્યાં છે તેવું નથી. જર્મન પ્રજા સાથેનો તેમનો નાતો વિલક્ષણ – આકર્ષણ/અપાકર્ષણનો રહ્યો છે, અને એનું કારણ છે યુંગરનાં વિશિષ્ટ વિચારવલણો.

અઢારમે વર્ષે ઘેરથી ભાગી જઈ આફ્રિકામાં લશ્કરમાં જોડાનાર અર્ન્સ્ટ પ્રથમ વિશ્વયુદ્ધમાં સૈનિક તરીકે લડ્યા છે, અને ઉત્તમ સૈનિક તરીકેનું સર્વોચ્ચ માન પામ્યા છે. યુદ્ધના તે સમર્થક રહ્યા છે અને યુદ્ધ સમયની પોતાની નોંધમાં તેમણે યુદ્ધના જ પરિણામે પ્રગટ થતાં હિંમત, પૌરુષ અને બંધુતાના ગુણોનાં સ્તોત્ર ગાયાં છે. તેમનો ગ્રંથ 'એમિડ થંડર્સ ઑફ સ્ટીલ' ('પોલાદના ગડગડાટ વચ્ચે') યુદ્ધનું ગૌરવ કરતા ગ્રંથ તરીકે જર્મન સાહિત્યમાં અદ્વિતીય રહ્યો છે. તેમાં એરિક મારિયા રિમાર્કની વિખ્યાત નવલકથા 'ઑલ ક્વાએટ ઑન ધ વેસ્ટર્ન ફ્રન્ટ'નો પ્રતિવાદ છે.

આવાં બધાં લખાણોને કારણે, તેમના વિચારોમાં બીજા વિશ્વયુદ્ધ પછી પરિવર્તન આવ્યું હોવા છતાં, યુંગરને 'યુદ્ધપ્સુ'નું જે લેબલ લાગી ગયું તેને કારણે, તેમજ યુદ્ધનાં વર્ણનો એમણે જે સંવેદનતાટસ્થ્યથી કર્યાં છે, યુદ્ધની બિભીષિકાઓને મોટા જલસાની જેમ વર્ણવી છે, અને તેમને નાઝીવાદના ઉદય માટેની ભૂમિકા તૈયાર કરનાર તરીકે ગણવામાં આવ્યા છે, એ કારણે તેમનાં પ્રતિવાદકોની સંખ્યા પણ સમર્થકોથી ઓછી નથી, પરંતુ એ પણ નોંધપાત્ર છે કે હિટલરે તેમનાં પ્રથમ વિશ્વયુદ્ધ વિષેનાં પુસ્તકોની પ્રશંસા કરીને તેમને સંસદમાં બેઠક આપવાનો પ્રસ્તાવ કર્યો, તો તેમણે તે નકાર્યો એટલું જ નહી, પણ 'ઑન ધ માર્બલ ક્લીફ્સ' ('આરસના ખડકો પર') નામની રૂપકાત્મક નવલકથા લખી, જેમાં સરમુખત્યારના પતનની આડકતરી આગાહી છે. પોતાની બીજા વિશ્વયુદ્ધની નોંધપોથીમાં તેમણે નાઝીવાદનો એવો નિશ્ચયાત્મક વિરોધ કર્યો છે કે તે બહુમાનપ્રાપ્ત સિપાહીની પ્રતિષ્ઠાને લીધે જ નાઝીના પ્રકોપમાંથી ઊગરી શક્યા. જોકે આમ છતાં તેમને લશ્કરી જીવનનું આકર્ષણ રહ્યું છે, ને આપણા યુગના વિધાયક માનવપ્રતીક તરીકે તે સિપાહીને જ સ્થાપિત કરે છે !

બે વિશ્વયુદ્ધોના વચગાળામાં, વિશાળ

ગ્રંથાલય એકઠું કરી ખૂબ વાંચ્યું, લેખકો-કલાકારો, રાજકીય વિચારકો અને અભ્યાસીઓ સાથે પત્રવ્યવહાર કર્યા અને પોતાની જાતને આધુનિક જીવનની આક્રમક સત્તા આગળ હારવાનું કે નમતું જોખવાનું ન સ્વીકારનાર 'સત્યાગ્રહી' તરીકે ઓળખાવી. જંતુવિજ્ઞાનમાં રસ લીધો - અભ્યાસ કર્યો - પ્રવાસ કર્યા અને જે નિરીહતાથી યુંગરે આપણી સદીની વૈશ્વિક ગતિવિધિઓની ઝીણવટભરી નિરીક્ષા કરી તે જ ઝીણવટથી તેમણે આ જંતુજગતનું પણ અવલોકન કર્યું. તેમણે એક એવો જંતુપ્રકાર પણ શોધી કાઢ્યો જે તેમના જ નામે ઓળખાય છે.

યુંગરની વિશિષ્ટતા છે ભિન્ન જણાતા વિચારો અને હકીક્તો વચ્ચે સંબંધો જોવાની દૃષ્ટિમાં. તે સ્વપ્નો, આંતરમન, પુરાણકલ્પનો વગેરેમાં ઊંડા ઊતરે છે, એક ક્ષેત્રમાંથી બીજે વિહરે છે અને અંતઃપ્રેરણાના વિરલ ઝબકારથી તે વિસ્મયજનક નિર્ણયો પર પહોંચે છે.

વેદાન્તપ્રેમી ભારતીયોને ગમી જાય તેવું તેમનું એક દૃષ્ટિબિન્દુ એ છે કે 'પ્રત્યેક વસ્તુ અન્ય પ્રત્યેક વસ્તુ સાથે સંબંધિત છે !' પુરાણી શ્રદ્ધાઓ અને ધર્મગ્રંથો સિવાય અપાર્થિવ સ્તરે જવાનો તે માર્ગ ઉઘાડે છે.

તેમની પચીસેક વર્ષોની નોંધપોથીઓમાં ઘણું નકામું, હાસ્યાપદ, વિચિત્ર પણ છે. પણ જ્યારે તે જાતને કેન્દ્રમાં રાખીને લખે છે ત્યારે ઉત્તમ કક્ષાએ પહોંચે છે. એંશીમે વર્ષે તેમણે પોતાના કિશોરજીવન પર આધારિત નવલકથા લખી છે.

યુંગર નિત્શેની પરંપરાના છે. આજે તે એકાકીપણું અનુભવે છે. શતાબ્દી ઉજવણી કદાચ થોડા સમય માટે અખબારો વગેરે માધ્યમોનું આકર્ષણ બનશે, પરંતુ તેમના પ્રશંસકો અને પ્રતિકારકો બન્ને માટે આ વિશિષ્ટ કોયડારૂપ વ્યક્તિત્વ હંમેશાં મૂંઝવનારું જ રહેશે.

તો આપણે પણ આ શતવાર્ષિક અભિવાદનમાં સામેલ થઈએ.

- વિનોદ અધ્વર્યુ

અવલોકન

સ્વાતંત્ર્ય-સંગ્રામ અંગે બે પ્રકાશનો

ગુજરાતના જાણીતા ઇતિહાસકાર ડૉ. જયકુમાર શુક્લે ભારત તથા ગુજરાતના સ્વાતંત્ર્ય-સંગ્રામના ઇતિહાસના ક્ષેત્રમાં તેમનાં સંશોધનો દ્વારા સમગ્ર ગુજરાતમાં ખ્યાતિ મેળવી છે. પ્રસ્તુત ગ્રંથ આ વિધાનની સાક્ષી પૂરે છે. તેમણે ભારતના રાષ્ટ્રવાદના પરિપ્રેક્ષ્યમાં કરેલા અભ્યાસમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે : ૧૯૦૭ની સૂરત કોન્ગ્રેસ, ખેડા સત્યાગ્રહ, રોલેટ કાયદા વિરુદ્ધનું આંદોલન, ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓની હડતાલ અને ગુજરાતમાં વ્યક્તિગત સત્યાગ્રહ. કુલ દસ પ્રકરણોમાં વિભક્ત આ ગ્રંથમાં લેખકે સરળ અને પ્રવાહી શૈલીમાં ગુજરાતની સ્વાતંત્ર્ય ચળવળ અને વિદ્યાર્થીઓ સહિત તેના નેતાઓનું વિહંગાવલોકન કર્યું છે.

અનેક પ્રકાશિત ગુજરાતી અને અંગ્રેજી સ્રોતો ઉપરાંત લેખકે 'પ્રજાબંધુ', 'બોમ્બે-ક્રોનિકલ' અને 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા' જેવાં સમકાલીન અખબારો ઉપરાંત દિલ્હીના નેશનલ આર્કાઈવ્ઝ ઑફ ઇન્ડિયા અને મુંબઈના મહારાષ્ટ્ર સ્ટેટ આર્કાઈવ્ઝમાં સંગૃહીત મૂળ દસ્તાવેજોનો પણ ઉપયોગ કર્યો છે. તદુપરાંત તેમણે થોકબંધ સ્વાતંત્ર્ય સેનાનીઓની મુલાકાતો પણ લીધી હતી. તેથી આ ગ્રંથ જેટલો પ્રમાણભૂત અને રોમાંચક છે તેટલો જ તે લાભદાયક પણ બન્યો છે. વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને અન્ય વિદ્વાનો ઉપરાંત સામાન્ય વાચક પણ તેમાંથી પ્રેરણા મેળવી શકે તેવી શૈલી બદલ લેખક અભિનંદનને પાત્ર છે. (ગુજરાતમાં સ્વાતંત્ર્ય સંગ્રામ : લે. ડૉ. જયકુમાર ર. શુક્લ પ્રકા. : નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પૃ. ૧૬૦. રૂ. ૩૫/- પ્રથમ આવૃત્તિ, ૧૯૯૩)

ભારતમાંથી બ્રિટિશ સામ્રાજ્યવાદને દૂર કરવામાં ક્રાન્તિકારી ચળવળોએ ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ગુલામ હિંદે જો મહાત્મા ગાંધી જેવા ચુસ્ત અહિંસક નેતાઓને ઉત્પન્ન કર્યા હોય તો શ્યામજી કૃષ્ણવર્મા, સરદારસિંહ રાણા, મેડમ ભિખાઈજી કામા, મદનલાલ ધિંગરા, સરદાર ભગતસિંહ અને બટુકેશ્વર દત્ત જેવા મહાન દેશભક્તો પણ પેદા કર્યા હતા. આમ, ભારતનો સ્વાતંત્ર્ય-સંગ્રામ વિવિધતાથી ભરપૂર હતો. આ ગ્રંથમાં ડૉ. જયકુમાર શુક્લે ક્રાન્તિકારીઓની સશસ્ત્ર લડતોને તે સમયના રાજકીય પ્રવાહોની સાથે કુશળતાપૂર્વક વણી લઈને ક્રાન્તિકારી આંદોલનોની ફિલસૂફી તથા પ્રસંગોની છણાવટ કરી છે.

ભારતની સ્વતંત્રતા માટે છેક ઇંગ્લંડ અને ફ્રાંસમાં રહીને બ્રિટિશ હકૂમત સામે ભૂગર્ભ પ્રવૃત્તિ આદરનાર મેડમ કામા, સરદારસિંહ રાણા અને શ્યામજી કૃષ્ણવર્માની પ્રવૃત્તિઓનું પૃથક્કરણ લેખકે ખૂબીપૂર્વક કર્યું છે. બીજી તરફ ડૉ. શુક્લે મોહનસિંહ સોલંકી અને ગોવિંદભાઈ શિણોલ જેવા મોતને મુઠ્ઠીમાં લઈને ફરતા ગુજરાતના નીડર યુવાનોના પ્રેરક પ્રસંગોને લોકભોગ્ય શૈલીમાં કંડાર્યા છે. લેખકે અનેક સ્રોતોનો ઉપયોગ કરીને જે રીતે ભારતના નિઃસ્વાર્થ ક્રાંતિકારીઓનાં કાર્યોને ઉપસાવ્યાં છે તે જિજ્ઞાસુ વાચક માટે માહિતીપ્રદ છે.

- ડૉ મકરન્દ મહેતા

ભારતની ક્રાન્તિકારી ચળવળ

લેખક, પ્રકાશક : ઉપર મુજબ, પૃ. ૧૩૩, રૂ. ૩૦/- પ્રથમ આવૃત્તિ, ૧૯૯૩)

પ્રાપ્ત પ્રકાશનો

બિનસાંપ્રદાયિક અભિગમવાળાં કાવ્યોનો કાવ્યસંગ્રહ. **'અલ્લાહ જાણે ! ઈશ્વર જાણે !'** કાયમ હઝારી, કિ. રૂ. ૧૦-૦૦ પૃ. ૩૨, પ્રકાશક : કંકાવટી સાંસ્કૃતિક મંડળ, જાવણથલી - ૩૬૧૧૩૦

અનુસંધાન] ફાનસ [પૃ. ૩૭૮ પરથી

ઘણીવાર હસ્યો છું. માત્ર એક રૂપિયો કમાવા માટે આ ફાનસના અજવાળે પડિયા બનાવ્યા છે. ફાનસે ભાઈબંધ જેવો સાથ આપ્યો છે.

આ ફાનસ પણ ક્યારેક અમારું રકીબ બની જતું. ન સળગતું, ભટકયા કરતું, ઝાળ થઈ જતી. ગોળો કાળો થઈ જતો. બા વારંવાર પ્રયત્ન કરતી. છતાંય પ્રકાશ ન પામી શકાતો. ક્યારેક સાફ ગોળો વધુ પ્રકાશતો. ચોમાસામાં ક્યારેક છાપરાનો ચૂવો થતો ને ટપકતું પાણી ગોળાને અડકતું. ગરમ થઈ ગયેલા ગોળામાં તિરાડ પડી જતી. બાથી નિસાસો નખાઈ જતો. બાપા ગુંદરપટ્ટી લગાવતા. જે બાજુ ગુંદરપટ્ટી હોય તે બાજુ અજવાળું થોડુંક કપાતું. કપાતાં અજવાળામાં આખું ઘર બે ભાગમાં વહેંચાઈ જતું. એક બાજુ પ્રકાશ, બીજી બાજુ અડધો પ્રકાશ – અડધું અંધારું....

ફાનસ કાયમ બાપા જ સળગાવતા. બાપા મૃત્યુ પામ્યા એ રાતે ફાનસ ન્હોતું સળગ્યું. બે-ચાર દિવસ પછી રાતે બાએ ફાનસ સળગાવ્યું ને એને બાપાની યાદ આવી તે સળગતી દિવાસળીથી દાઝી ત્યાં સુધી ફાનસની કળ પકડીને બેસી રહી. ચહેર પર દુ:ખની છાયાની સવારી હતી. અત્યારે ફાનસ સામે જોઉં છું ને બાનો એ ચહેરો પામું છું. પણ કયાં છે બા ? કયાં છે બાપા ? ફાનસ સામે ટગર ટગર જોયા કરું છું. ત્યાં જ ખંડમાં એકાએક વીજળીનો પ્રકાશ વ્યાપી જાય છે. લાઈટ આવી... લાઈટ આવી.....નો ઘોંઘાટ થાય છે. હું તોય ફાનસનો પ્રકાશ પામવા મથું છું. પણ વીજળીના પ્રકાશે એ ઝાંખો લાગે છે. ઝાંખો થતો જાય છે. હું કળ ઊંચી કરીને ફૂંક મારીને ઝાળને ઓલવી નાખવું છું. ને એ સાથે જ મારો આખો અતીત અલોપ થઈ જાય છે.

પણ હવે મને સતત થયા કરે છે કે વીજળી ચાલી જાય, કાયમ માટે ચાલી જાય અને હું ફાનસનું અજવાળું કરું. અને.... □

ગઝલના ગગનમાં-૮



એસ.એસ. રાહી

મરીઝ-ગનીના સમયગાળાના ગઝલકારોએ ઔપચારિક અભ્યાસ ઓછો કરેલો જણાય છે, તો હવેની પેઢીના ગઝલકારો મોટાભાગના એકાધિક ડિગ્રીઓ ધરાવનાર છે. વળી, આ સમયગાળામાં એવા ગઝલકારો વિશેષ જોવા મળે છે જેમણે ગઝલ ઉપર જ પીએચ.ડી.નું કાર્ય કર્યું હોય. ડૉ. એસ.એસ. રાહી પણ આવા જ ગઝલકાર છે. ૨૮ ડિસેમ્બર ૧૯૫૨ના રોજ ધ્રાંગધ્રા ખાતે જન્મ. વ્યવસાયે ટાઈપ સેટિંગ અને લેસર પ્રિન્ટિંગ. હાલમાં કર્મભૂમિ રાજકોટ એસ.એસ. રાહીનું પૂરું નામ તો છે શફકક્ત સૈફુદીન વર્ધાવાળા. પરંતુ એસ.એસ. રાહીના નામે જાણીતા એવા આ ગઝલકારે પોતાની મોટાભાગની ગઝલો ધ્રાંગધ્રાના નિવાસ દરમિયાન કબ્રસ્તાન કે તળાવની પાળે જ બેસીને લખવાનું પસંદ કર્યું છે. 'ધબક' ગઝલ ત્રૈમાસિકના સહતંત્રી એવા રાહીએ 'જનસત્તા' અને 'જયહિંદ'માં ગુજરાતી ગઝલકારોનો પરિચય આપતી કટારનું લેખન પણ કર્યું છે અને મુશાયરાઓનું કુશળતાથી સંચાલન કરે છે. તેમના ગઝલસંગ્રહો ત્રણ છે : પરવાઝ (૧૯૭૨), ઘટના (૧૯૭૮), થાક (૧૯૮૪). સંપાદનોમાં : મોનોઈમેજ ૭૯ (૧૯૭૯), વાહ ભૈ વાહ (૧૯૭૯) નિરંતરા (૧૯૮૧), ગઝલની આસપાસ (૧૯૮૩).

સ્વભાવે સૌમ્ય અને નાજુક શાયરના થોડાક શેર જોઈએ.

ઉમ્રભર છેતરે છે એ સૌને,
એવું શું હોય છે અરીસામાં ?

*

એકાન્તમાં ને એકલા ભીંજાવું હોય તો,
આ શ્રાવણી વરસાદ કશા કામનો નથી.

*

બે સ્થળે મારી હયાતી હોય છે,
ટોચ પર ક્યારેક તળેટીમાં મળું.

*

રાતવાસો મોજથી થાશે હવે,
શબ્દની તાણી દીધી છે રાવટી.

*

ખોટું સાચું કઈ રીતે નક્કી થશે,
સહુને પોતામાં જ શ્રદ્ધા હોય છે.

*

માણસો કેવી રીતે ડૂબ્યા હતા,
તે કથા લખવા મળી હોડી મને.

*

હર એક યુગમાં કોઈને ક્યારેક હું મળીશ,
કોઈ એક સ્થગિત કાલમાં જીવી રહ્યો છું હું.

*


વૃદ્ધને સામે ઊભેલો જોઈને,
આયનો ડૂબી ગયો ભૂતકાળમાં.

*

દોસ્તોમાંથી ઘણું મળશે તને,
દુ:શ્મનોના ઘાવ અમથા હોય છે.

– રાજેશ વ્યાસ 'મિસ્કીન'

□



ઓ હિંદ ! દેવભૂમિ ! સંતાન સૌ તમારાં !
કરીએ મળીને વંદન ! સ્વીકારજો અમારાં !
હિંદુ અને મુસલમિન : વિશ્વાસી, પારસી, જિન :
દેવી ! સમાન રીતે સંતાન સૌ તમારાં !

કાન્ત

દિલીપકુમારને ફાળકે ઍવૉર્ડ

દાદાસાહેબ ફાળકેની સ્મૃતિમાં ૧૯૬૯થી આરંભાયેલો પ્રસ્તુત ઍવૉર્ડ આ વર્ષે ચરિત્ર અભિનેતા અને વિશેષતઃ કરુણ ભૂમિકાના બેતાજ બાદશાહ દિલીપકુમારને એનાયત થયો છે ત્યારે તેઓ આ પુરસ્કાર પ્રાપ્ત કરનાર ૨૫મી વ્યક્તિ છે. આ પૂર્વે આ ઍવૉર્ડ પ્રસિદ્ધ સંગીતકાર નૌશાદ, ગીતકાર મજરૂહ સુલતાનપુરી, દિગ્દર્શક શાન્તારામ, સત્યજિત રે. ગાયિકા લતા મંગેશકર, ભૂપેન હજારિકા, અભિનેતા રાજકપૂર આદિને એનાયત થઈ ચૂક્યો છે.

૧૧મી ડિસેમ્બર ૧૯૨૨ના રોજ પેશાવરમાં સામાન્ય પઠાણ પરિવારમાં જન્મેલા દિલીપકુમારનું મૂળ નામ તો મોહંમ્મદ યુસુફખાન છે. ૧૯૪૪માં તેમની પ્રથમ ભૂમિકાવાળી ફિલ્મ 'જવાર-ભાટા' રજૂ થઈ ત્યારે દેવિકારાણીને તે નામ પસંદ ના પડતાં, એમણે ફિલ્મનામ દિલીપકુમાર ધારણ કર્યું આરંભથી જ પોતાની સાહજિક અદાકારી અને ઘૂંટાએલા અવાજથી સૌનાં દિલ જીતી લીધાં હતાં. 'મેલા,' 'અંદાજ', 'દીદાર,' 'શબનમ', 'દાસ્તાન' 'જોગન,' 'મિલન,' 'બાબુલ' 'ઉડનખટોલા,' 'ફૂટપાથ,' 'પૈગામ,'



'સંઘર્ષ', 'મોગલે આઝમ', 'આદમી,' 'ગોપી,' 'સગીના', 'લીડર', 'યહુદી,' 'રામ ઔર શ્યામ', 'દિલ દિયા દર્દ લિયા' 'નયા દૌર', 'દેવદાસ' 'આન', આદિ અનેક ફિલ્મોમાં યાદગાર ભૂમિકા ભજવી સાઠના દાયકામાં ફિલ્મક્ષેત્રે આગવી પ્રતિભાથી છાયી જઈ, લગ્ન વખતે પોતાનાથી લગભગ અર્ધી ઉમરની અભિનેત્રી સાયરાબાનુ સાથે લગ્ન કરી ચર્ચાનો વિષય બનનાર દિલીપકુમાર આજે ૭૨ વર્ષે ફિલ્મજગતના મોભી તરીકે સૌના આદરપાત્ર છે. એમણે આ

કેનોપનિષદ

ચતુર્થ ખણ્ડ

એ કહે, બ્રહ્મ એ. એના વિજયે મહિમા તવ
પામો સાચે.
તદા જાણ્યું, એનાથી, બ્રહ્મ એ હતું. ૧
એથી તો અન્ય દેવોથી આ દેવોની વિશિષ્ટતા,
અગ્નિ વાયુ અને ઇન્દ્ર પામ્યા સામીપ્ય-સ્પર્શને.
બ્રહ્મ એ, જ્ઞાનમાં એવા, આમ અગ્રિમ એ થયા. ૨
એથી તો પર છે ઇન્દ્ર સર્વ દેવોમહીં ખરે,
સાવ સન્નિધિમાં સ્પર્શ પામ્યો એનો, અને થયો
એનો તે પ્રથમ જ્ઞાતા. ૩
આ આદેશ ઉમા તણો,
વીજ-શું ઝળકે જે આ તે જ છે અધિદૈવત. ૪
હવે અધ્યાત્મ; કને એની જાણે કે મનનું જવું,
અને એના વડે જાણે સ્મરે સંકલ્પ નિત્યશઃ ૫
નામ તદ્વન[1] છે એનું, ને તદ્વન શું પૂજ્ય એ.
જાણે જે એમ ત્હેને જ વાંછતા ભૂત આ સહુ. ૬
'ઔપનિષદ ત્હેં યાચ્યું.'
ત્હને બ્રાહ્મી રહસ્યનો
બોધ તાત્ત્વિક મ્હેં કીધો. ૭
તપસ્યા, દમ, કર્મથી
પ્રતિષ્ઠા એની, ને વેદો અઙ્ગ સૌ, સત્ય કેતન. ૮
જે એને આમ જાણે તે કરીને નાશ પાપનો,
અનન્ત સ્વર્ગના[2] જ્યેષ્ઠ ધામે નિત્ય રહે, રહે. ૯
ઇશ ઓજસથી પૂર્ણ અઙ્ગ મ્હારાં બધાં કરો,
વાક્ પ્રાણ ચક્ષુ ને કર્ણ, સર્વ ઇન્દ્રિય-શક્તિને.
ઔપનિષદ જે કાંઈ સર્વ તે બ્રહ્મ કેવળ.
બ્રહ્મથી દૃષ્ટિ ના વાળું, બ્રહ્મની અકૃપા ન હો,
ના હું એને ત્યજું, ને એ મ્હને યે ના ત્યજે કદી.
ઔપનિષદ જે ધર્મ, - સર્વ હો મુજ અન્તરે,
રહો સાનન્દ અન્તરે.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિ

૧. તદ્વન = વનનીય, ભજનીય (તત્, પ્રત્યગાત્મા, વન્ = સમ્માન કરવું, શ્રદ્ધા રાખવી, યાચના કરવી. વગેરે.)
૨. સ્વર્ગ = (અહીં ઇન્દ્રનું સ્વર્ગ નહિ) આનન્દ લોક.

અનુ. રાજેન્દ્ર શાહ

ક્ષેત્રનાં જાણીતાં અભિનેતા-અભિનેત્રીઓ પૃથ્વીરાજ, અશોકકુમાર, રાજકપૂર, દેવાનંદ, મોતીલાલ, દેવિકારાણી, મીનાકુમારી, નરગીસ કામિની કૌશલ, વહીદા રહેમાન, વૈજયન્તીમાલા, મધુબાલા આદિ સાથે કામ કર્યું છે, તો કે. આસીફ, બિમલ રોય, હૃષિકેશ મુકરજી, બી.આર.ચોપરા, સુભાષ ઘાઈ જેવા દિગ્દર્શકો સાથે કામ કર્યું છે એટલું જ નહિ, પણ સ્વયં દિગ્દર્શકોને પણ પોતાની અભિનયસૂઝનાં સૂચનો આપ્યાં છે.

મોટાભાગની એમની ભૂમિકા નિષ્ફળ પ્રેમીની કરુણ દાસ્તાન હોય છે અને ખૂબ જ ઊર્મિમય અભિનયથી અને છતાં સંયમપૂર્વકની છટાથી પ્રેક્ષકોના દિલને તે હચમચાવી દે છે. 'ફૂટપાથ'માંના એમના ધીમા દાબેલા અવાજે રજૂ થયેલા સંવાદો કેટલા સાહજિક હતા, તો 'દેવદાસ'માંની એમની ગરવી ગંભીર ભૂમિકા અગાઉના 'દેવદાસ'ને ભુલાવી દે તેવી હતી, તો વળી 'આદમી'ના એક દૃશ્યમાં વ્હીલચેરમાં હતાશાની તીવ્રતમ ક્ષણે અટ્ટહાસ્યમાંથી રુદનમાં પલટાઈ જતો અભિયન કોને યાદ નહિ હોય ? આજે તેઓ ખૂબ મોટા ખર્ચમાં સંડોવાયેલી 'કલિંગા' ફિલ્મનું દિગ્દર્શન સંભાળી રહ્યા છે.

સાઠના દાયકામાં રાજકપૂર, દેવાનંદ અને દિલીપકુમાર જેવા ત્રણ માતબર અભિનેતાઓએ આગવાં શિખરો સર કર્યાં હતાં. રાજકપૂર ચાર્લી ચેપ્લિનની શૈલી તો દેવાનંદે ગ્રેગરી પેકની શૈલી અપનાવી હતી; જ્યારે દિલીપકુમારે સ્વનિર્મિત કરુણ-અભિનયની શૈલીમાં નામ કાઢ્યું ! એમના એ સુવર્ણકાળમાં એમની વાળની લટયુક્ત 'હેરસ્ટાઈલ' એટલી બધી પ્રચલિત બની ગયેલી કે ત્યારના અનેક યુવાનો આ 'દિલીપકટ'નો સાદર સ્વીકાર કરતા.

એમની અભિનય-સર્જકતાને ધ્યાનમાં લઈ તેઓ આઠ આઠ વાર 'ફિલ્મફેર' ઍવૉર્ડ જીતી ગયા છે. તેમના સામાજિક ઉપકારક વ્યક્તિત્વે તેમને મુંબઈના શેરીફ થવાનું સદ્ભાગ્ય સંપડાવ્યું છે. તો આજે હવે મોડે મોડે પણ ફિલ્મ જગતનો શ્રેષ્ઠ દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડથી એમની નવાજેશ થાય છે ત્યારે આવનારા દિવસોમાં નવા નવા અભિનેતાઓ પુનઃ અભિનયગાંભીર્ય તરફ વળે તે આ ક્ષેત્રમાંના દિલીપકુમારના અર્પણનું સાચું અભિવાદન બની રહેશે. □

ફાળકે ઍવોર્ડ જેમની સ્મૃતિમાં ૧૯૬૯થી આરંભાયો તે દાદાસાહેબ ફાળકે ભારતીય ચિત્રઉદ્યોગના પિતામહ ગણાય છે. તેમનું મૂળ નામ ધુંડીરાજ ગોવિન્દ ફાળકે. ત્ર્યંબકેશ્વરની પૂજામાં પરોવાયેલા પરિવારમાં ઈ.સ. ૧૮૭૦માં નાસીકમાં એમનો જન્મ. એમના પિતા મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં અધ્યાપક હતા. પિતાજી તો ચાહતા હતા કે પુત્ર પોતાની જેમ પંડિત બને. પરન્તુ ધુંડીરાજને તો બાળવયથી શિલ્પ, ચિત્ર, અભિનય આદિ કલા પ્રત્યે આકર્ષણ હતું.

પિતાના મુંબઈવાસને કારણે પુત્ર ધુંડીરાજને મુંબઈની જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં વિવિધ કલાઓ શીખવાનો અવસર મળ્યો, જેમાંથી છબીકલા પ્રત્યે એઓ વધુ આકર્ષાયા. વડોદરા જઈ ત્યાંના કલાભવનમાં રહી ત્યાં કલાનાં વિવિધ પાસાંનો અભ્યાસ કર્યો. એમણે થોડા સમય માટે સરકારી પુરાતત્ત્વ વિભાગમાં થોડો સમય નોકરી પણ કરી. પરન્તુ છબીકલાની એમની લગન અને સર્જનાત્મક સૂઝને કારણે એમના કેટલાક મિત્રોએ એમને છબીકલાના વધુ અને વ્યવસ્થિત અભ્યાસ માટે જર્મની મોકલ્યા. ૧૯૧૨માં તેઓ ફિલ્મ ડેવલપમેન્ટ મશિન અને પ્રિન્ટિંગની સાધનસામગ્રી લઈ ભારત પાછા ફર્યા.

હવે એમને સંપૂર્ણ ફીચર ફિલ્મનું નિર્માણ કરવું હતું, પરન્તુ ધનના અભાવે ત્યારે ઈન્ટરમીડિએટ ફોટોગ્રાફી દ્વારા છોડના વિકાસનું લઘુચિત્ર બનાવ્યું. આ ચિત્ર જોઈ કોઈ યશવન્ત નાડકર્ણી નામે સદ્ગૃહસ્થ ખુશ થઈ ગયા અને તેમને ધનની સહાય આપવા તૈયાર થયા. પ્રથમ એમને ભગવાન શ્રીકૃષ્ણ પર ફિલ્મ તૈયાર કરવાનો વિચાર હતો. પરન્તુ એમણે ઈ.સ. ૧૯૧૩માં પ્રથમ મૂકચિત્ર 'રાજા હરિશ્ચંદ્ર' તૈયાર કર્યું, જેમાં તારામતીની ભૂમિકા કોઈ હૉટેલના એક રસોઈયાએ રૂપિયા પંદરમાં ભજવી હતી અને ચિત્રનિર્માણનો ખર્ચ રૂ. ૧૫૦૦૦ થયો હતો.

૩૭૦૦ ફૂટની લંબાઈનું આ ચિત્ર સૌપ્રથમ મુંબઈમાં કોરોનેશન હોલમાં રજૂ થયું અને તેને ભારે સફળતા પણ મળી. આ ઉપરાંત એમણે 'લંકાદહન', 'ભસ્માસુર', 'મોહિની', 'સાવિત્રી', 'કૃષ્ણજન્મ' આદિ ચિત્રોનું નિર્માણ કરેલું.

ચલચિત્ર ઉદ્યોગના આ પિતામહની સ્મૃતિમાં સિનેમાક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાસંપન્ન કલાકારનું સુવર્ણ કમળ, એક લાખ રૂપિયા અને શાલ આપી સન્માન કરવામાં આવે છે. ૧૯૭૦માં સૌપ્રથમ આ સન્માન મેળવનાર હતાં દેવિકારાણી. ત્યાર પછી પ્રતિવર્ષ આ ઍવોર્ડ પામનાર કલાકારોની અનુક્રમે યાદી આ પ્રમાણે છે :

બી. એન. સરકાર	બી. એન. રેડ્ડી	સોહરાબ મોદી	દુર્ગા ખોટે	રાજકપૂર	ભાલજી પેંઢારકર
પૃથ્વીરાજ કપૂર	ધીરેન ગાંગુલી	પી. જયરાજ	સત્યજિત રે	અશોકકુમાર	ભૂપેન હજારિકા
પંકજ મલિક	કાનનદેવી	નૌશાદ	વ્હી. શાંતારામ	લતા મંગેશકર	મઝરૂહ સુલતાનપુરી
સુલોચના (રૂબી માયર્સ)	નીતિન બોઝ	એલ. વી. પ્રસાદ	બી. નાગીરેડ્ડી	એ. નાગેશ્વરરાવ	દિલીપકુમાર

મચ્યું છે યુદ્ધ બ્રહ્માંડે દેવ-દાનવનું સદાઃ
હણે છે કોઈ તો કોઈ રક્ષાનું કરનાર છે.
કલાપી

સુપ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા બલરાજ સહાનીનું ચંદીગઢમાં શૂટિંગ ચાલતું હતું. લોકો તેમને જોવા એકઠાં થયેલાં તેમાં જેનો એક પગ કપાઈ ગયો છે તેવો જૂના ગણવેશમાં સજ્જ લશ્કરી જવાન પણ હતો. તે બલરાજ સહાનીને લશ્કરી ઢબે સલામ કરીને મળ્યો અને કહ્યું, 'જે ફિલ્મમાં આપે લશ્કરી મેજરનો અભિનય કર્યો છે તે જ વાસ્તવિક લડાઈમાં મેં મારો આ પગ ગુમાવ્યો છે.' તેના નિમંત્રણથી બલરાજ સહાની ત્યાંથી લશ્કરી જવાનોની વસાહતમાં ગયા અને તે સૈનિકના ઘરની મહેમાની માણી. બીજે દિવસે ગામમાં બલરાજ સહાનીનો સન્માન-સમારંભ યોજાયો હતો. બલરાજ સહાનીની નજર તે સમારંભમાં દૂર ઉપસ્થિત પેલા લંગડા સૈનિક પર પડી. તેને બોલાવી ખુરશી પર બેસાડ્યો. પોતાનો હાર તેના ગળામાં પહેરાવી કહ્યું : 'અમે તો માત્ર પાત્ર ભજવનારા છીએ, દેશની સંભાળ રાખનાર આ પહેરેદારો જ સાચા સન્માનના અધિકારી છે.'

*

ગંગા નદીના કિનારે બંધાઈ રહેલા રસ્તાના પુલની લંબાઈ ૫.૬ કિ.મી.ની છે, જે ભારતના કોઈ પણ નદી પરના પુલ કરતાં લાંબો છે.

*

ચામડીના કોઈપણ રોગમાં તે રોગ મટી જાય ત્યાં લગી ત્રણ-ચાર લીલી ગળોનો રસ સવાર-સાંજ પીવો જોઈએ. લીલી ગળો ના મળે તો એક ચમચી ગળોનું ચૂર્ણ એક કપ પાણીમાં ઉકાળી રોજ રાત્રે લેવું.

*

ભાવનગરથી આશરે ૭૦ કિ.મી. દૂર આવેલા 'કાળિયાર અભયારણ્ય'માં લગભગ ૧,૫૦૦ કાળિયાર છે !

*

કહેવાય છે કે આઈસ્ક્રીમ બનાવવાની સૌપ્રથમ શરૂઆત ચીન દેશમાં થઈ હતી.

*

પોતાની ખાસ હેટ અને સોટીથી ઓળખાતા ખૂબ જાણીતા અભિનેતા ચાર્લી ચેપ્લિનની પ્રસ્તુત



બન્ને ચીજોનું લિલામ થયું ત્યારે એક અજાણ્યા સંગ્રાહકે તે ૮૨,૦૦૦ ડૉલરમાં ખરીદી લીધી હતી !

*


ખૂબ હેડકી આવતી હોય ત્યારે ઘીમાં સંચળ ભેળવીને ચાટી જવાથી ફાયદો થશે.

*

વિશ્વમાં સહુથી મોટો ગાલીચો વણવાનું માન ભારતને ફાળે જાય છે. બનારસમાં બનાવાયેલ ૨૪૨ કિ.ગ્રા. વજનનો આ ગાલીચો ૧૦ વણકરોએ વણેલો હતો. એ ગાલીચો સ્વીડનના સેન્ટ જોન્સ ગિરજાઘરમાં બિછાવવામાં આવ્યો છે.

*

તાજેતરમાં બ્રિટિશ ખનિજ તેલ અંગેના ભૂસ્તરશાસ્ત્રી દૂગ બોઈડ (Doug Boyd) કરેલા સંશોધન દરમિયાન સ્કૉટલૅન્ડના એક દરિયાકિનારેથી ૧,૭૫,૦૦૦,૦૦૦ વર્ષો જૂનો



ડાઈનાસૉરના હાડપિંજરનો અંશ મળી આવ્યો છે.

*

દક્ષિણ અમેરિકાના ચીલીમાંના એરિકા નામના પ્રદેશમાં છેલ્લાં પચાસ વર્ષથી માત્ર બે દોકડા જેટલો જ વરસાદ પડે છે !

*

કલાકણિકા : પટનાના મ્યૂઝીઅમમાંની પટનાના પાયામાંથી મળી આવેલી સંભવતઃ ઈ.સ. પૂર્વે ૩જી સદીની નાગદેવતાની ટેરાકોટાની પ્રતિમા.



પ્રમાણિક રહેવું એ પાપ છે એવી દશાએ આપણે પહોંચી ગયા છીએ. આથી વધુ કયું મોટું પતન હોય? આ પતને પ્રજામાં ઘોર નિરાશા જન્માવી છે. હવે ભારતનું શું થશે એ જ સૌ વિચારકોના મનમાં ઘોળાય છે. આ નિરાશાને ખંખેરવા પ્રજા આગળ આવે. યોગ્ય વ્યક્તિઓની કદર થાય, થવી જ જોઈએ અને અપરાધીઓને દંડ મળવો જોઇએ. દંડ આપવાના સામર્થ્યવાળા હાથ જ્યારે ગુણવાનોની કદરનું સન્માન-પત્ર આપે છે ત્યારે એ સન્માન-પત્ર તેજસ્વી બને છે અપરાધીઓને દંડ આપવાના સામર્થ્ય વિનાના દુર્બલ હાથોથી અપાયેલાં સન્માન - પત્રો નિસ્તેજ હોય છે. આ બન્ને તત્ત્વો એકબીજાનાં પૂરક છે, પોષક છે.

આ બન્ને કામો આપણે ના કરી શકીએ તો કદાચ ચાલશે, પણ એવું ન થાય કે અપરાધીઓને સન્માન-પત્ર મળે અને ગુણવાનોને સજા મળે. જો આવું થશે તો તે સૌથી મોટી અંધાધૂંધી ફેલાવનારો અંધકાર હશે, આવા અંધકારથી પરમાત્મા મારા દેશને અને મારા દેશ-વાસીઓને બચાવે.

(' ચાલો અભિગમ બદલીએ ' માંથી)

સ્વામી સચ્ચિદાનંદ



સ્થાનસમર્પિત
(એક સદ્‌ગૃહસ્થના સૌજન્યથી)

થોડી વસ્તુઓથી સંતુષ્ટ રહેવું. વૈભવને બદલે સુંદરતા અને ફૅશનને બદલે સુઘડતા પસંદ કરવી; સંમાનનીય થવા કરતાં – સંમાનને ઝંખવાને બદલે –(માનને) યોગ્ય અને પાત્ર બનવું, અને સંપત્તિવાન નહિ પણ સમૃદ્ધ બનવું; સખ્ત પરિશ્રમ (ઊંડો અભ્યાસ) કરવો, શાન્ત ચિત્તે વિચાર કરવો, મૃદુ રીતે વાત કરવી, નિખાલસપણે વર્તવું; તારાઓ, પંખીઓ બાળકો અને સાધુજનોનાં હૃદયગાન ખુલ્લા દિલથી સાંભળવાં, બધું આનંદથી ખમી લેવું, હિંમતથી કરવું, અવસરની રાહ જોવી, ઉતાવળું કદી કરવી નહિ; ટૂંકમાં - સામાન્યતામાં અણકથી અને અભાનપણે રહેલી આધ્યાત્મિકતાને પ્રકટવા દેવી; – આ મારી સંવાદગીતિ (જીવનભાવના) છે.

વિલિયમ હેન્રી ચેનિંગ

આવરણ : દીપક પ્રિન્ટરી, રાયપુર અમદાવાદ-૧ ☎ : ૨૧૪૩૬૩૫